My object in writing the present volume is not only to tell my Sudra brethen how they have been duped by the Brahmins, but also to open the eyes of Government to that permicious system of high class education which has hitherto been so persistently followed and which staesmen like Sir Gearge Camphell the present liqutenant Governor of Bengal with broad and universal sympathies are finding to be highly mischievous and pernicious to the interests of Government. I sincerely hope that Government will ere long see the error of their ways, trust less to writers or men who look through high class spectacles and take the glory into their own hands at emancipating my Sudra brethen from the trammels of bondage which the brahmins have woven round them like the coils of a serpent, It is no less the duty of such of my Sudra brethen as have received any education to place before Government the true state of their fellowmen and endeavour to the best of their power to emancipate themselves from Brahmin thraldom, Let their be schools for the Sudras in every village but away with all Brahmin school masters! The Sudra the life and sinews of the country, and it is to them alone, and not to the Brahmins that the Government must ever look to tide them over their difficulties, financial as well as political. If the hearts and mind of the Sudras are made happy and contened the British Government need have no fear for their loyalty in the future.

Joteerao Phooley

ગુલામગીરીની મરાઠી પ્રસ્તાવના
(રાષ્ટ્રપિતા જોતિબા ફૂલે લિખિત)

આ પુસ્તકનો મુખ્ય હેતુ એ છે કે હજારો વર્ષોથી શૂદ્ર અતિશૂદ્રો ઊપર બ્રાહ્મણવર્ગનું જયારથી શાસન આવ્યું ત્યાથી નિરંતર દુ:ખો ઉઠાવી રહયા છે અને એમને વિવિધ પ્રકારની પીડા અને દુ:ખોમાં થી પસાર થવું પડે છે. ત્યારે એ વાત તરફ પેલા બધાજ લોકોનું ધ્યાન કેંદ્રિત કરીને, એના વિશે સાચી દિશામાં વિચાર કરીને અને એથી આગળ આ ભટ-બ્રાહ્મણોના અન્યાયી જૂલમોમાંથી આપણને કેવી રીતે છૂટકારો મળી શકે? એવું સાચું અનુમાન કરવામાં આવે છે કે દેશમાં બ્રાહ્મણોનું શાસન સ્થાપિત થયાને આશરે ૩૦૦૦ વર્ષોથી પણ વધુ સમય વિતી ગયો હશે. એ લોકોએ વિદેશથી આવી આ દેશના મૂળનિવાસીઓ ઉપર વિજય મેળવીને એમને ગુલામ બનાવ્યા અને એમને વિવિધ પ્રકારની ક્રૂર સજા કરી. **ત્યાર બાદ થોડો સમય વિત્યા બાદ એવું નકકી કરીને કે હવે આ લોકો એ વાત ભૂલી ગયા છે કે બ્રાહ્મણો વિદેશથી આવી આ દેશના મૂળનિવાસીઓને હરાવી એમને ગુલામ બનાવ્યા, એ વાતને એમનાથી ખાનગી રાખી. આ લોકોએ પાતાની ધાક આ ગુલામો ઉપર જમાવી રાખવા માટે** પોતાના હિતની રક્ષા માટે દરેક ઉપાયો કર્યા અને એમ કરવામાં તેઓ સફળ રહયા. કારણકે તેઓ લોકસત્તાથી અગાઉથી જ બાજુ પર થઇ, એમના (ભટો) ઊપર આશ્રિત થઇ ગયા હતા અને ત્યાર બાદ બ્રાહ્મણોએ એમને અજ્ઞાન બનાવ્યા. એના કારણે બ્રાહ્મણોની કૂટનીતિ એમની સમજમાં નહીં આવી શકી.

બ્રાહ્મણોએ એમની ઉપર પોતાનો પ્રભાવ જમાવી એમને અંકુશમાં રાખવા માટે પોતાના સ્વાર્થને અનુરૂપ ઘણા બધા **બનાવટી ગ્રંથો લખ્યા અને બધા ગ્રંથો અમને ભગવાન પાસેથી પ્રાપ્ત થયા છે, એવું (જૂઠું) આ લોકોને સમજાવી, તેઓના મન પોતાના તરફ વાળ્યાં.** આ ગ્રંથોમાં એમણે એવું લખ્યું કે શૂદ્રોને પેદા કરવા પાછળ ભગવાન નો હેતું એજ હતો કે તેઓ નિરંતર બ્રાહ્મણોની સેવા કરે અને એમને ખુશ કરે, કે જેથી તેઓ પાવન થઈ એમનો જન્મ પવિત્ર થઈ જાય. હવે જો કોઈપણ વ્યકિત આ ગ્રંથો વિશે થોડો પણ વિચાર કરે તો એ તરત જ સમજી જશે કે એ ગ્રંથોમાં કહેલું સત્ય છે અને ઈશ્વર દ્વારા નિર્મિત છે કે નહીં ? આવા ગ્રંથોને કારણે (આ બ્રાહ્મણોએ) પેલા સર્વ શકિતમાન, સકળ વિશ્વ અને એની દરેક વસ્તુના જન્મદાતા પરમેશ્વરની સૃષ્ટિનું પ્રચુર માત્રામાં મહત્વ ઓછુ કરી નાખ્યું આવા છે આપણા વર્તમાન બ્રાહ્મણ બંધુ! એમને બંધુ કહેતાં પણ અમે ખૂબ શરમ અનુભવિએ છીએ. કારણ કે **એમણે કોઈક સમયે શૂદ્ર-અતિશૂદ્રોને ખૂબ જ દુ:ખો આપ્યાં અને આજે પણ એમના ધર્મને કારણે તેઓ દુ:ખ ઉઠાવી રહયા છે અને પરસ્પર દુ:ખ આપવું એ બંધુ ધર્મ નથી.** તેમ છતાં પણ એમને આપણા સૌના જન્મદાતાની રૂએ બંધુ કહેવું જરૂરી થઈ જાય છે. ત્યારે એ લોકો પણ જાહેરમાં એ વાત માનવા માટે તૈયાર થઈ જશે. એમણે માત્ર પોતાની

સ્વાર્થવૃતિ તરફ ધ્યાન ન આપતાં, ન્યાયોચિત વિચારવું જોઈએ.

જો આવી પરિસ્થિતિ હોય ત્યારે આ ગ્રંથોની ઉપર નજર કરતાં, આપણા બુધ્ધિમાન અંગ્રેજ, ફ્રેંચ, જર્મન, અમેરીકન અને બીજા વિદ્વાન લોકો તથા શૂદ્રો મતલબી (સ્વાર્થી) છે, એવું કહેવામાં અને એમાં દરેક પ્રકારના બ્રાહ્મણોનું મહત્વ બતાવી, એમનો પ્રભાવ લોકોના માનસ પટલ ઉપર જમાવવા માટે એમણે પોતાને ઈશ્વરથી પણ શ્રેષ્ઠ બતાવ્યા, એ વાતને માન્યતા આપવામાં ખચકાટ અનુભવાશે નહીં ઉપરોક્ત વિધૃનોમાંથી અંગ્રેજોએ એ વાતનો સ્વિકાર કર્યો છે અને અનેક જગ્યાએ ઈતિહાસ વગેરે ગ્રંથોમાં, બ્રાહ્મણોએ પાતોના સ્વાર્થ ખાતર બીજા લોકો, એટલે કે શૂદ્ર અતિશૂદ્ર લોકોને ગુલામ બનાવ્યા.

આવા ગ્રંથોને કારણે, બ્રાહ્મણ લોકોએ ઈશ્વરની મહાનતાને કેટલી નિમ્ન કક્ષાએ ઉતારી દીધી કે જે ઈશ્વરે શૂદ્ર-અતિશૂદ્રોને તથા અન્યોને પણ એના દ્વારા નિર્મિત સૃષ્ટિની દરેક વસ્તુઓને એકસરખો ઉપયોગ કરવાની સ્વતંત્રતા આપી. **બ્રાહ્મણોએ એના (ઈશ્વરના) નામે જૂઠા ગ્રંથો લખી એમાં બધા લોકોના અધિકારોને બાજૂએ રાખી તેઓ સ્વયં અગ્રણી બની બેઠા. આની ઉપર આપણા અમુક બ્રાહ્મણ બંધુ શંકા ઊઠાવી શકે છે કે જયારે આ ગ્રંથો જૂઠા છે ત્યારે શૂદ્ર અતિશૂદ્રોના પૂર્વજોએ એ ગ્રંથો ઉપર વિશ્વાસ શા માટે કર્યો, અને હજી આજે પણ ઘણા-બધા લોકો વિશ્વાસ કેમ રાખે છે ? ત્યારે આ શંકાનો જવાબ એ છે કે અત્યારની સુધરેલી હાલતમાં કોઈની ઉપર કોઈ પ્રકારનો જુલમ નથી અને દરેકને પોતાના મન પ્રમાણે સ્પષ્ટરૂપે લખવાની અથવા બોલવાની અનુમતિ છે. તેમ છતાં પણ જો કોઈ હોશિયાર વ્યાકિતની પાસે કોઈ દગાબાજ કોઈ મોટા માણસનું જૂઠાણું લઈને આવે ત્યારે, એને થોડો સમય સુધી એના ઉપર વિશ્વાસ રાખવો પડે છે અને સમય પ્રમાણે એ (હોશિયાર) પણ છેતરાઈ જાય છે. જયારે આવી વાત હોય તો શૂદ્ર-અતિશૂદ્રો એક સમયે બ્રાહ્મણો ના જુલમોનો શિકાર થવાના કારણે તથા એમને એમણે અજ્ઞાન બનાવવાનાં કારણે પોતાના હિત માટે ઈશ્વરના નામે જૂઠા ગ્રંથો લખી એમની સાથે દગો કર્યો આ વાત તેઓ (શૂદ્ર-અતિશૂદ્રો) સમજી શકયા નહીં અને આજે પણ એમાંથી અનેકોને બ્રાહ્મણ દગો કરી રહયા છે. એ વાત સાવ ઉપર પ્રમાણે જણાવવમાં આવેલ વાત જેવી જ છે.**

બ્રાહ્મણ લોકો પોતાનું પેટ ભરવા માટે પોતાના ગ્રંથો દ્વારા વારંવાર અજ્ઞાની શૂદ્રોને ઊપદેશ આપતા રહે છે. એના કારણે એમના દિલોમાં એમના પ્રત્યે પૂજયભાવ નિર્માણ થઈ, એમને જે સન્માન ઈશ્વરને આપવામાં આવે છે એ તેમને (બ્રાહ્મણોને) આપવા માટે પ્રેરિત કર્યા. આ કોઈ નાનો સૂનો અન્યાય નથી. એના માટે બ્રાહ્મણોએ ઈશ્વરને જવાબ આપવો પડશે. એમના તર્કટી ઊપદેશોનો આજ્ઞાની શૂદ્રોના મન ઉપર એટલો ગાઢ પ્રભાવ છે કે તેઓ અમેરીકાના ગુલામોની જેમ જ દુષ્ટ લોકોએ એમને ગુલામ બનાવ્યા, અને એમનાથી છુટકારો આપી આઝાદી અપાવવાવાળા લોકોના વિરૂધ્ધ જ લડવા માટે તૈયાર થઈ જાય છે. એ ઘણીજ

આશ્ચર્યની વાત છે કે જે લોકો એમના ઉપર ઉપકાર કરી રહયા છે. એમને અમારી ઉપર ઉપકાર ન કરો, અમારી જે સ્થિતિ છે એ જ બરાબર છે આટલું કહેવાથી જ સંતુષ્ટ ન રહી એમની (ઊપકારકની) સાથે ઝધડો કરવા માટે તૈયાર થઈ જાય છે.

ચાલો સારૂં છે કે જે લોકો આપણને ગુલામીમાંથી મુકિત અપાવે છે, તેમનો આપણને મુકિત અપાવવામાં કોઈ અંગત સ્વાર્થ હોય એવી વાત નથી. એનાથી ઊલટું એમને (શૂદ્ર-અતિશૂદ્રોને) પોતાના સેંકડો લોકોને બલીએ ચઢાવવા પડે છે, અને મોટાં સાહસના કામો કરી જાન જોખમમાં મૂકવો પડે છે. હવે આવાં પરોપકારી કાર્યો કરવા પાછળ એમનો શું સ્વાર્થ હોઈ શકે એના વિશે જરા પણ વિચાર કરીએ તો આપણને એ વાત તરત સમજાય જશે કે **માણસને આઝાદ હોવું અત્યંત જરૂરી છે. જયારે મનુષ્ય સ્વતંત્ર થાય છે ત્યારે એ પોતાના મનમાં ઉત્પન્ન વિચાર સ્પષ્ટ રીતે બીજાને કહીને અથવા લખીને બતાવે છે. આ જ વિચાર એને (લખવા, બોલવાની) સ્વતંત્રતા નહીં હોવાના કારણે, ખૂબજ મહત્વપૂર્ણ હોવા છતાં પણ, હિતકારી હોવા છતાં પણ તે બીજા કોઈને કહી શકતો નથી. અને જયારે આવું થાય છે ત્યારે અમુક સમય બાદ આ બધા જ વિચારો નષ્ટ (મૃત) થઈ જાય છે.**

આવી રીતે મનુષ્ય સ્વતંત્ર હોવાથી તે પોતાના બધા લોકોના સર્વસાધારણ અધિકાર કે જે તેને સર્વ સૃષ્ટિ ના સ્વામી! સર્વસાક્ષી પરમૈશ્વરે આપેલ છે, પરંતુ ફકત સ્વાર્થ તરફ જ જેમનું ધ્યાન છે, એવા કૃત્રિમ લોકોએ સંતાડીને રાખ્યા છે. તેમની પાસેથી તે અધિકારો માંગવા માટે તે કયારેય પાછળ નહીં રહે. અને જયારે તેમના અધિકારો મળી જાય છે ત્યારે એ સુખ અનુભવે છે. જેની સ્વતંત્રતા તેને અપાવી એને જુલમ કરનાર લોકોના અન્યાયી જુલમોથી મૂકિત અપાવી સુખી કરવું. એજ એકમાત્ર સાચો ઊદેશ પોતાના પ્રાણ જોખમમાં નાખવા પાછળનો હોય છે.

દક્ષિણ અમેરીકા અને આફ્રિકા, પૃથ્વી ઉપરના આ બે મોટા દેશોએ સેંકડા વર્ષોથી અન્ય દેશોમાંથી લોકોને પકડી લાવીને એમને ગુલામ બનાવવાની પ્રથા ચાલુ કરી હતી. એના કારણે સંપૂર્ણ યુરોપ ખંડ અને પૃથ્વી ઉપરના અન્ય સુધારાવાદી રાષ્ટ્રોને ખૂબ શરમ આવતી હતી. ગુલામ બનાવવાની પ્રથાને દૂર કરવા માટે ઈંગ્લેંડ અમેરીકા વિગેરે દેશોના ઉદારવાદીઓએ મોટા મોટા સંઘર્ષો કરીને અને પોતાના નુકસાનની ફિકર કર્યા વિના, જીવસટોસટની બાજી લગાવી ધાણા-બધા ગુલામોને તેમના માતા-પિતા ભાઈ ભાંડુ બાળકો અને અન્ય મિત્રો તથા કુટુંબીજનો સાથે મેળાપ કરાવ્યો. કે જેમનાથી આ દુષ્ટ લોકોએ એમને વિખૂટા કરી દિધા હતા, અને એ દુઃખના કારણે તેઓ મૃત્યુના આરે આવી ઉભાં હતાં. વાહ ! અમેરીકનો વગેરે સદાચારી લોકોએ કેટલું સારૂં કામ કર્યું! જો આ ગરીબ ગુલામોની દુર્દશા જોઈને એ લોકોને તેમની દયા ન આવી હોત તો આ ગરીબ બિચારા ગુલામો પોતાના સ્વજનોને મળવાની ઈચ્છાથી રિબાઈ રિબાઈને મરી જાત. શું એમને પકડીને લાવવા વાળા આ દુષ્ટ લોકો એમને સારી રીતે રાખતા હશે ? નાના છૂટા પડેલા પરિવારના લોકોને તેમના વિખુટા પડવાથી કેટલું દુઃખ થઈ રહયું હશે, એવો વિચાર મનમાં આવવાના કારણે તેઓ (ગુલામો) દુઃખી થઈ રડી રહયા હતા. અને તેઓ

ઈશ્વરને પ્રાર્થના કરતાં હતાં કે હે ભગવાન ! હવે અમારા ઉપર દયા કરો. અમને આ કષ્ટોમાંથી મુકત કરો. હવે અમારાથી આ કષ્ટ સહન થતું નથી. હવે અમારો જીવ નીકળી જાય તોજ સારૂં રહેશે! આવા સંકટોમાં અને આવા વિચારોમાં જ એમની આખી રાત વિતી જતી હતી. એમણે જે જે દુઃખો અનુભવ્યાં એનું જો સંપૂર્ણ વાર્ણન કરવામાં આવે તો આપણી પાસે પૂરતા શબ્દો હોય, એ વાતની મને શંકા છે. તાત્પર્ય એટલું જ કે અમેરીકન લોકોએ આજે હજજારો વર્ષોથી ચાલી આવેલ આ દુષ્ટ પ્રથાને નષ્ટ કરી ગરીબ અનાથ લોકોને પેલા ક્રૂર લોકોના અન્યાય અત્યાચારથી મૂકત કર્યા અને એમને સુખી કર્યા.

એ વાતથી શૂદ્ર-અતિશૂદ્ર લોકોને અન્ય લોકો કરતાં વધુ સંતોષ મળી રહયો હશે કારણકે ગુલામીમાં રહેવાને કારણે મનુષ્ય માત્રને કરેલું દુઃખ સહન કરવું પડે છે એ વાતનો પ્રત્યક્ષ અનુભવ એમના સિવાય અથવા તો ઊપરોકત ગુલામોના સિવાય અન્ય લોકોને ન થઈ શકે. હવે એમનામાં અને ઊપરોકત ગુલામોમાં ફકત એટલું જ અંતર છે કે પહેલાં ભારતીય ગુલામોને બ્રાહ્મણ લોકોએ પરાજીત કરીને ગુલામ બનાવ્યા અને બીજા (ગુલામ)ઓને દુષ્ટ લોકો જબરદસ્તી પકડીને તરત જ ગુલામ બનાવ્યા. બાકીની બધી વાતો માં તેઓ એમની બરાબર જ છે. એમની સ્થિતિમાં અને ગુલામો ની સ્થિતિમાં કોઈ ફરક નથીં રહયો. એમણે જે જે મુસીબતો સહન કરી એ બધી જ મુસીબતોને શૂદ્ર-અતિશૂદ્ર લોકોને ભટો (બ્રાહ્મણ) તરફથી સહન કરવી પડી. પેલા ગુલામોને જે કષ્ટો અપાતાં હતાં એની વાતો સાંભળીને કોઈ પણ પાષાણવૃધ્ધી મનુષ્યને પણ દુઃખ પામી રડવું આવી શકે છે. તેઓ એમની પાસે જાણી જાઈને લાતો વડે કામ લેતા હતા. કોઈ કોઈ વખતે એમને ધોમધખતા તડકામાં હળ સાથે જોડી એમની પાસે ખેતરોમાં હળ ખેંચવાનું કામ પણ લેતાં હતા. અને જો તેઓ એ કામ વિશે કંઈ પણ ફરિયાદ કરતા તો એમના શરીર ઉપર બળદની માફક ચાબૂક ફટકારીને લોહી લુહાણ કરી નાખતા હતા. સારૂં એવું કામ લીધા પછી પણ શું તેઓ તેમને ખાવા પીવાની પૂરતી સગવડ આપતાં હતા? એ વિશે બોલવા જેવું જ નથી. એક ટંક ખાવાનું મળ્યું ને બીજી ટંક ન પણ મળે. અને જે અનાજ તેમને મળતું હતું તે ખૂબ જ હલકા પ્રકારનું અને પ્રમાણમાં ખૂબ જ થોડું મળતું હતું. જેના કારણે તેમને ભૂખ્યા જ રહેવું પડતું. તેમની પાસેથી આખો દિવસ છાતી કૂટીને મોઢામાંથી લોહી નીકળે ત્યાં સુધી કામ લીધા બાદ પશુઓના વાડા જેવી ગંદી જગ્યામાં સૂવા માટે મોકલી દેવામાં આવતાં હતાં. કામથી થાકીને લોથપોથ થઈ તે ગરીબ બિચારા લોકો ધરતી ઉપર મડદાંની માફક પડી જતાં. પરંતુ એ બિચારા લોકોની ઊંઘ? ખબર નહીં એમને ઊંઘ આવતી પણ હશે કે કેમ? એક તો માલિક તેને કયારે (કામ માટે) બોલાવશે એનો ડર રહેતો હતો, બીજું પેટમાં પૂરતું ખાવાનું ન હોવાના કારણે ખૂબ જ દરદ થતું. ત્રીજું ચાબખાના મારને લીધે આખું શરીર લોહીથી ખરડાઈ જતું અને વેદનાઓથી કણસતા રહેતા હતા. પારાવાર મુશ્કેલીઓ શૂદ્ર-અતિશૂદ્ર લોકોને બ્રાહ્મણો તરફથી સહન કરવી પડી કષ્ટો વિશે કદાચ એનાથી પણ વધુ કહેવાય તો ચિંતા ન થવી જોઈએ. એમણે જે દુઃખો સહન કર્યો. એ સાંભળીને કોઈ પાષણહદયી મનુષ્યનું અંતઃ કરણ તો શું પણ પ્રત્યક્ષ મૂર્તિમંત કઠોર (નિર્જીવ)

પથ્થર પણ પીધળીને એમાંથી દુઃખના અશ્રુઓની જલધારા એટલા મોટા પ્રમાણમાં વહેતાં પૃથ્વી ઉપર એટલું પાણી થઈ જશે કે જેમના પૂર્વજોએ શૂદ્ર-અતિશૂદ્રોને ગુલામ બનાવ્યા એમના વંશજો હાલના બ્રાહ્મણબંધુ ઓ છે એમાંથી જે લોકો પોતાના પૂર્વજોની માફક કઠોર હૃદયના ન હોય કોમળ અંતઃકરણાના છે એમને એવો અનુભવ થશેકે આ જળપ્રલય જ છે.

આપણી દયાળુ અંગ્રેજ સરકારને શૂદ્ર-અતિશૂદ્રોને બ્રાહ્મણ લોકો દ્વારા કેવી રીતે અત્યાચારો સહન કરવા પડયા એની જાણજ નથી. જો તેઓ આ બાબતની પૂછપરછ કરે અને પોતાના માટે માહિતી મેળવે ત્યારે તેમને ખબર પડશે કે તેમણે જે કંઈ ભારતનો ઈતિહાસ લખ્યો છે એમાં એક મોટો અત્યંત મહત્વપૂર્ણ ભાગ છોડી દીધો છે. તેમને એકવાર તેમના (શૂદ્ર-અતિશૂદ્રોના) દુઃખદરદની જાણકારી મળી જશે ત્યારે તેઓ ખૂબ દુઃખી થઈ. તેઓ પોતાના ગ્રંથોમાં જયાં પણ દયનિય અવસ્થામાં પહોંચેલા અને દુષ્ટ લોકો દ્વારા પિડીત જેમના દુઃખદરદની કોઈ સીમા નથી એવા લાકોની સ્થિતિની ઉપમા આપશે ત્યારે તેમને ખાત્રી થશે કે અહીં (ભારતમાં) શૂદ્ર-અતિશૂદ્રોની સ્થિતિની ઉપમા આપવી યોગ્ય છે. એટલે કેટલાક અંશે કવિઓને ખેદ અને કેટલાક અંશે સારૂં પણ લાગશે કારણ કે આજ સુધી કવિતાઓમાં કરૂણ રસનું વાર્ણન કરવા માટે તેમને પ્રયત્નપૂર્વક કાલ્પનિક ઊદાહરણો વડે રચના કરવી પડતી હતી, ત્યારે આવા જીવતાં જાગતાં ઉદાહરણો પ્રાપ્ત થવાથી એમની (કવિઓની) મહેનત બચી ગઈ. **જયારે આવી પરિસ્થિતિ હોય ત્યારે વર્તમાન શૂદ્ર-અતિશૂદ્રોના અંતઃકરણ તેઓ જે વંશોમાં જનમ્યા અને જેઓની અને તેમની લોહી અને માંસપેશીઓ એક જ છે, આવું જયારે એમને મનમાં સમજાશે ત્યારે એમને દુઃખ થશે, એ વાતમાં કોઈ પણ આશ્ચર્ય છે એવી વાત નથી.** જયારે બ્રાહ્મણો ના રાજમાં તેમના ઉપર જે જૂલમો વિતાડવામાં આવ્યા એથી જયારે વર્તમાન પેઢીને યાદ આવે છે ત્યારે એમના મન ભયભિત થઈ થરથરી ઉઠે છે અને તરત જ એવો વિચાર આવ છે કે જે જૂલમોની યાદ જ અમારા માટે આટલી પીડાકારી હોય, તો જયારે જેમણે એ જૂલમો ખરેખર સહયા હશે, એમની માનસિક સ્થિતિ કેવી હશે? એ વિશે કદાચ તેમને (જેમના ઉપર વિત્યું) જ જાણ હશે. આના પૂરાવા તરીકે બંધબેસતું ઉદાહરણ આપણા બ્રાહ્મણબંધુઓના ગ્રંથોમાંથી મળી રહે છે. એ ઉદાહરણ આ રીતે છે કે.

આ દેશના મૂળનિવાસી ક્ષત્રિય લોકોની સાથે બ્રાહ્મણ લોકોના નેતા પરશુરામ નામની એક વ્યકિતએ જે ક્રૂરના બતાવી એની માહિતી આ ગ્રંથમાં છે. એટલે કે તેની ક્રૂરતા બતાવી એની માહિતી આ ગ્રંથમાં છે. એટલે કે તેની ક્રૂરતા સંબંધે એટલી વાત સમજાણ પડી કે તેણે બહોળી સંખ્યામાં હત્યા કરી, એમની અનાથ સ્ત્રીઓના ચાર-ચાર પાંચ-પાંચ મહિનાના નિર્દોષ બાળકોને ઝૂંટવી લઈ નિર્દયતાથી તેમના પ્રાણ હર્યા અને એ દુષ્ટ આટલેથી જ ન અટકયો, એમ નથી પરંતુ અનેક ગર્ભવતી સ્ત્રીઓ, જે પોતાના પતિની હત્યા ને કારણે વિધવા થઈ અનાથ બની ગઈ હતી, અને પોતાના ઉદરમાં પોષાઈ રહેલા ગર્ભની રક્ષા કરવા માટે ભયભિત થઈ જંગલોમાં આમથી તેમ ભાગી રહી હતી ત્યારે તે કોઈ શિકારીની માફક તેની પાછળ પડી, તેઓને પકડી

લાવતો અને જ્યારે તેની સૂવાવડ થાય અને છોકરો જનમ્યો એવી વાત સાંભળે કે તરત જ આવીને એ તરત ના જન્મેલા શિશુની હત્યા કરી નાખતો (જરા ચંગીઝ ખાનના કરતૂતો વાંચી લેશો)

આ પ્રકારની હકિકત બ્રાહ્મણ લોકોના ગ્રંથોમાંથી મળે છે. જે રીતે બ્રાહ્મણ લોકો ક્ષત્રિયોની વિરૂધ્ધમાં હતા. એ રીતે એમના દ્વારા એ સમયની બધી **વાસ્તવિક હકિકત આપણે જાણી શકીએ, એ વાત આપણે સ્વપનામાં પણ નહીં વિચારી શકીએ બ્રાહ્મણોએ એમાંથી ધણો બધો ભાગ કાઢી નાખ્યો હશે. એટલે હવે આ વાતમાં કોઈ શંકા નથી.** કારણકે કોઈ પણ માણસ પોતાના જ માટે પોતાની બુરાઈ નથી કરતો. જ્યારે ઉપર કહેલી હકિકત એમણે પોતાના ગ્રંથોમાં લખી છે એ એક ખૂબ જ આ શ્ચર્યની વાત છે આ વિશે આપણા મનમાં એવો વિચાર આવે છે કે પરશુરામે એકવીસ વખત ક્ષત્રિયોનો નાશ કરી એમનું નામોનિશાન (અસ્તીત્વ) મટાવી દીધું અને એમની નિસહાય સ્ત્રીઓના નાનાં નાનાં બાળકોની હત્યા કરી. એમાં એણે ખૂબ મોટો પુરુષાર્થ કર્યો અને એ હકિકતની જાણ બીજા લોકોને થાય એટલા માટે બ્રાહ્મણોએ પોતાનાં ગ્રંથોમાં લખીને રાખી (એમ વાત નથી) સંસારમાં એવી પ્રખ્યાત કહેવાત છે કે **'હથેલીમાં સૂરજને સંતાડી શકાતો નથી'.** એજ પ્રમાણે એ હકિકત એમના માટે ખૂબ જ શરામજનક હતી અને એનો પ્રચાર પણ એટલા બધા પ્રમાણમાં થઈ ગયો હતો કે જેટલું ગુપ્ત રાખી શકાય એટલું સંતાડીને જયારે કોઈપણ ઉપાય ન રહયો, ત્યારે એમને એ હકિકતોને લખી રાખવા માટે બાધ્ય થવું પડયું.

હવે આ બ્રાહ્મણોએ જેટલી પણ હકિકતો લખી છે, એના ઉપર જો વિચાર કરવામાં આવે તો અત્યંત દુઃખ થાય છે. કારણકે જયારે એ પેલી ગર્ભવતી સ્ત્રીઓની પાછળ પડયો હશે ત્યારે એ સ્ત્રીઓને કેટલી યાતનાઓ થઈ હશે, આમ તો મહિલાઓને દોડવાની આદત નથી હોતી, અને એમાં પણ એ બધી તો કુલીન ધરની સ્ત્રીઓ, કે જેમણે કયારેય ધરની બહાર પગ ન મૂકયો હોય. કારણકે એમની જે પણ જરૂરિયાતો હોય એ ધરના નોકરો લાવી આપતા હતા. સંક્ષેપમાં એટલું કે ફકત જેમણે પતિહિતનું જ ચિંતન કરી, એમના થકી સુખે જીવન વ્યતિત કર્યું, એમની ઉપર, ઉદરમાં ગર્ભનો ભાર લઈને સૂર્યના ધોમધખતા તાપમાં, અજાણયા રસ્તેથી ભાગવાનો વખત આવે, તો એમની ઉપર મહાસંકટ જ આવ્યું હશે, એમને દોડવાની આદત નહીં હોવાના કારણે, પગમાં પગ ભેરવાવાથી, પગમાં માર વાગવાથી, કયારેક પથ્થર ઉપર તો કયારેક પહાડોના તોતીંગપથ્થરો ઉપર પડી જતી હશે, અને કોઈકનું માથું તો કોઈકના હાથો ઉપર જખમ થવાના કારણે લોહી વહેતું હશે, અને જયારે એમના કાને શબ્દો સંભળાતા હશે કે એ એમની પાછળ પડયો છે, ત્યારે તેઓ ભયની મારી વધુ ઝડપથી દોડતી હશે. દોડતી વખતે એમના નાજૂક પગોમાં કાંટા ભોંકાયા હશે, તો કયારેક કાંટાળા ઝાડ-છોડથી એમના શરીર, અથવા એમના શરીરનો અમુક ભાગ ચીરાઈ જઈ એમનું શરીર ઝખમી થતું હશે. ધોમધમતા તાપમાં દોડતાં દોડતાં એમના

પગમાં ફોલ્લા પડી એમની કોમળ નાજુક નીલવર્ણ ક્રાંતિ, કાળી પડી જતી હશે, અને એમના મોંમાં ફીણ આવી જઈ એમને રડવું આવ્યું હશે. એક એક બબ્બે દિવસ સુધી પાણી પીધું નહીં હોય, ત્યારે એમના ઉદરનો ગર્ભ ખળભળતો હશે. એ સ્ત્રીઓને એમ લાગ્યું હશે કે હવે તો આ ધરતી ફાટી જાય તો અમે એમાં કૂદી પડીને, આ દુષ્ટોથી મુકત થઈ જઈએ એજ ઠીક રહેશે. શું એમાણે આંખોમાં અશ્રુ લાવી સર્વશકિતમાનને પ્રાર્થના નહીં કરી હોય? કે હે પ્રભુ! આ કેવો કેર છે. અરે અમે તો બળવિહિન છીએ એટલા માટે તો અમને અબળા કહેવામાં આવે છે અને અમારી પાસે અમારા પતિનું જે કંઈ બળ હતું, એ આ દુષ્ટે તો હણી લીધું છે. આ વાત તને ખબર છે છતાં પણ તું નિર્દયી થઈ અમારો અન્તકાળ નીરખી રહયો છે? અરે અમારા પતિના જાણે પ્રાણ લીધા છે, અમારા જેવી અબળાઓ ઉપર શસ્ત્ર ઉગામ્યા છે અને એને પુરુષાર્થ માં ખપાવે છે એવા ધોર અપરાધ જોઈને તૂં આટલો સમર્થ હોવા છતાં પણ મોંમાં આંગળી નાખી ચૂપ કેમ બેઠો છે? આ પ્રકારે ઈશ્વરને આરાધના કરી હશે ત્યારે દુષ્ટ પરશુરામે આવીને એમને પકડી લીધી હશે. પછી તો એમના શોકની શું સીમા હશે? એમાંથી કેટલીક સ્ત્રીઓએ આક્રંદ કરતાં કરતાં પોતાના પ્રાણ ત્યજી દીધા હશે, અને બાકીની સ્ત્રઓએ અત્યંત નિઃસહાય થઈ એ દુષ્ટને પ્રાર્થના કરી હશે કે હે પરશુરામ! અમારૂં તમને એજ અંતિમ નિવેદન છે કે અમારા ઉદરથી જન્મ લેનાર બાળકના પ્રાણ નહીં લો! અમે બધી સ્ત્રીઓ મળીને તમારી સામે હાથ ફેલાવી ભીખ માંગીએ છીએ. એટલું અમને અભયદાન આપો. અને જો જરૂરી જ હોય તો અમારો જીવ લઈ લો પરંતુ અમારાબાળકનો જીવ બચાવી લો. તેં અમારા ધણીની હત્યા કરવાને કારણે અમને અકાળે જ વૈધવ્ય પ્રાપ્ત થયું છે. અને અમે સૌ સુખોથી વંચિત થઈ ગયાં છીએ. હવે અમને આગળ સંતાન થવાની પણ આશા નથી અને અમારા સંપૂર્ણ પંચપ્રાણ આ જન્મ લેનાર બાળક તરફ લાગેલા છે. હવે અમારે તો એજ દુઃખમાં સુખ રહી ગયું છે, ત્યારે અમારા સુખનો આશરો અમારાં બાળક, તેઓના પ્રાણ લઈ અમે અનાથ સ્ત્રીઓને બાકીની આખી જીંદગી શોકમાં શા માટે ડૂબાડી રહયા છો ? અમને આટલી ભીખ આપી દે. અમે તમારી ધર્મપુત્રીઓ છીએ. કોઈપણ રીતે અમારા ઉપર દયા કરો. આટલા કરુણાસભર શબ્દો કહેવાથી એ દુષ્ટના અંતઃકરણમાં જરા તો દયા આવી હોય, પરંતુ બધું જ નકકામું. તે બધી સુવાવડી સ્ત્રીઓના બાળકો આંચકી લેતો હશે, ત્યારે તે પોતાના બાળકોના રક્ષણ માટે તેની સામે નતમસ્તક કહેતી હશે કે હે પરશુરામ, જો તારે આ બાળકોનો જીવ લેવો હોય તો પહેલાં અમારા જીવ લઈ લે. પછી અમારી પાછળ (મર્યા બાદ) તેનું જે કરવું હોય તે કરો. અમારી સામે તેમની હત્યા કરો નહીં. પરંતુ એણે કાંઈ સાંભળ્યું નહીં. હાય! હાય! તેઓની પાસેથી જયારે તેમના બાળકો ઝૂંટવી લીધાં હશે, ત્યારે તેમને જે દુઃખ થયું હશે તે બધું લખવા માટે અમારી કલમ હાથમાંથી પડી જાય છે. ભલેગમે તે હોય, તે રાક્ષસે જયારે તે બાળકોની હત્યા તેમની માતા સમક્ષ કરી હશે ત્યારે કેટલીક સ્ત્રીઓએ પોતાની છાતી કૂટી હશે, કોઈએ વાળ પીંખ્યા હશે, કોઈએ મોઢામાં જીભ કચરીને પોતાના પ્રાણ ત્યાગ્યા હશે, કોઈએ પુત્રશોકમાં પ્રાણ ત્યજયા હશે તો કોઈક વળી ગાંડી થઈ જઈને હે પુત્ર! હે પુત્ર! એવો આક્રંદ

કરતાં અહીં તહીં (ગાંડાની જેમ) ભટકી રહી હશે. આ બધી હકિકતો (વિતક) આપણને બ્રાહ્મણો પાસેથી મળી ળકે એવી આશા રાખવી ન જાઈએ.

આ રીતે બ્રાહ્મણોના મુખ્યાધિકારી પરશુરામે સેંકડો ક્ષત્રિયોની હત્યા કરી એમની પત્ની-બાળકોની દુર્દશા કરી. અને આ વ્યકિતને બ્રાહ્મણ લોકોએ સર્વશકિતમાન પરમેશ્વર, સર્વ જગતના નિર્માણ કર્તા છે, એવું કહેવા માટે શૂદ્ર-અતિશૂદ્રોને મજબૂર કર્યા. આ ખરેખર ખૂબ જ આશ્ચર્યની વાત છે. પરશુરામ પછી પણ બ્રાહ્મણ લોકોએ એમની (ક્ષત્રિયોની) સાથે ઓછું છળકપટ કર્યું હોય એવું નથી, તેમાણે બની શકે એટલું છળકપટ કર્યું. તેમના માંથી ધાણા લોકોની દુર્દશા કરીને તેમને જીવતા દિવાલોમાં ચણી દીધા. એના વિશે વર્ણન એમણે ગ્રંથોમાં લખ્યું છે કે આ બ્રાહ્મણોએ એ લોકોને એટલા નીચ માન્યા કે કયારેક કોઈ સમયે કોઈ શૂદ્ર નદીના કિનારા ઉપર પોતાના કપડાં ધોઈ રહયો હોય અને જો ત્યાં બ્રાહ્મણ આવી જાય, ત્યારે એ શૂદ્રના બંધા જ કપડાં ભેગાં કરીને ખૂબ જ લાંબા અંતરે દૂર જઈ, કે જે અંતરેથી બ્રાહ્મણ ના શરીર ઉપર પાણીનો એક છાંટો પડવો પણ શકાય ના હોય એવાં સ્થળે જઈ પોતાના કપડાં ધોવાં પડતાં હતાં. અને જો કદાચ બ્રાહ્મણના શરીર ઉપર પાણીના છાંટા આવી પડે અથવા છાંટા આવવાનો આભાસ પણ લાગે ત્યારે એ બ્રાહ્મણ અગ્નીની માફક કોપાયમાન થઈ પોતાની પાસે રહેલું કોઈ પણ વાસણ ઉપાડીને તે પેલા શૂદ્રના માથા ઉપર ફેંકતો હતો. એના કારાણે એનું માથું લોહીથી લથપથ થઈ મૂર્છીત થઈ ઢળી પડતો હતો. થોડી વાર પછીજયારે તે ભાનમાં આવતો ત્યારે લોહીથી ખરડાયેલાં પોતાના કપડાં લઈ ચૂપચાપ પોતાના ઘર તરફ ચાલી જતો. જો સરકારને ફરિયાદ કરવામાં આવે તો સરકાર તો બ્રાહ્મણોથી જ ભરેલી છે, ઉલટું શૂદ્રને જ સજા થાય. હાય! હાય! હે પરમેશ્વર આ કેટલો ધોર અન્યાય.!

હવે એની વાત છોડો, આ પ્રકારનું કોઈ એક જ દુઃખ ન હતું કે જે વાર્ણવી શકાય, આવાં અને એનાથી પણ વધુ ક્રૂર ધણાં-બધાં દુઃખો શૂદ્ર-અતિશૂદ્રોને સહન કરવાં પડતાં હતાં. બ્રાહ્મણોના રાજમાં એને વેપાર અથવા બીજા કોઈ સંબંધે મુસાફરી કરવી પડે, ત્યારે એમની ખૂબ જ વિંટબણા થતી હતી. અને એમાં પણ જો એ સવાર નો સમય હોઈ તો મુશ્કેલી હજી પણ વધી જતી હતી. કારણકે એ સમયે પડછાયો પણ લાંબો પડે છે. અને એવા સમયે બ્રાહ્મણ સાહેબની સવારી આવી રહી હોય ત્યારે એની ઉપર પોતાના પડછાયો પણ ન પડે, એવા ભયના માર્યા એને રસ્તાની એક બાજૂએ બેસી જવું પડતું હતું. એ બ્રાહ્મણના પસાર થઈ ગયા પછી જ પોતાના કામે રવાના થઈ શકતો હતો. જો કદાચ ભૂલથી એનો પડછાયો બ્રાહ્મણના શરીર ઉપર પડી જાય તો એ ભટ (બ્રાહ્મણ) એને તરત જ મરી જાય ત્યાં સુધી મારતો હતો અને તરત જ નદીમાં જઈને નાહી લેતો હતો. એમના શૂદ્રમાંથી અનેકોને રસ્તા ઉપર થૂંકવાની મુશ્કલી, જો એમાણે ભટોના રહેવાસમાંથી પસાર થવું હોય તો પોતાની પાસે થૂંકવા માટેનું કોઈ પ્રકારનું વાસણ રાખવું પડતું હતું. જો એનું થૂંક જમીન ઉપર પડતાં કોઈ ભટ એને જોઈ લે ત્યારે એણે એવું માની લેવું જોઈએ કે એનું સાક્ષાત મોત જ આવી ગયું.

આ રીતે વારંવાર મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં તેઓ ખૂબ જ ત્રાસી ગયા હતાં.અને હવે કયારે એમાંથી છૂટકારો મળે એની પ્રતિક્ષા એવી રીતે કરી રહયા હતા કે જેમ ઘણા દિવસો સુધી જેલમાં રહેલો કેદી, પોતાના ઈષ્ટ મિત્રોને, બાળબચ્ચાંને ભાઈ બહેનને મળવા માટે અથવા તો સ્વંત્રતાથી આમ તેમ ફરવા માટે ખૂબજ આતુરતાપૂર્વક પોતાની મુકિતની પ્રતિક્ષા કરે છે, એવી જ રીતે કરી રહયા હતાં. એટલામાં દૈવયોગે પ્રભુને એમની દયા આવવાથી આ દેશમાં અંગ્રેજોનું રાજ આવ્યું અને એમના તરફથી તે ભટ (બ્રાહ્મણ) લોકોની ગુલામીમાંથી છૂટયાં. આ માટે તેઓ અંગ્રેજ સરકારના ખૂબજ આભારી છે એને એમના સર્વથા ઋણી છે. એમના ઉપકારો તેઓ (શૂદ્રો) કયારે ન ભૂલી શકે. એમાણે એમને ભટ લોકોના હજારો વર્ષો ગાળીયામાંથી મૂકત કરાવી એમના બાળ બચ્ચાંઓને સૂખના દિવસો બતાવ્યા. જો તેઓ આ દેશ માં નહીં આવ્યા હોત, ત્યારે તો એ ભટ લોકોએ એમનું ધનોત પનોત કાઢી નાખ્યું હોત.

આ વાત ઉપર કદાચ કોઈ શંકા વ્યકત કરી શકે છે કે આજે ભટ લોકોથી શૂદ્ર-અતિશૂદ્રોની સંખ્યા દસગણી વધુ છે ત્યારે ભટ લોકોએ શૂદ્ર-અતિશૂદ્રોનું ધનોત પનોત કેવી રીતે કરી નાંખ્યું? એ શંકાનો જવાબ એ છે કે એક હોશિયાર મનુષ્ય દશ અજ્ઞાની મનુષ્યોને એમના તરફ તેઓના મન વાળીને પોતાના તાબામાં રાખી શકે છે. અને બીજી વાત એમ છે કે જો પેલા દશ માણસો એકત્ર (ભેગા) થઈ જાય તો પેલા હોશિયાર માણસનું કંઈ ચાલી ન શકે. પરંતુ તે દશ માણસો જૂદા જૂદા દશવિચારોવાળા હોવાના કારણે પેલા હોશિયાર વ્યકિતને એમને ફસાવવા માટે કોઈપણ મુશ્કેલી પડતી નથી.

એજ રીતે શૂદ્ર-અતિશૂદ્રોના વિચાર, એક બીજા સાથે ન મળી શકે, એટલા માટે એના પહેલાં જ આ ભટ લોકોએ ખૂબ મોટાં લુચ્ચા છળકપટના વિચારો શોધી કાઢયા છે. એમનો શૂદ્રનો સમાજ જેમ જેમ વધતો ગયો એ જોતાં ભટ લોકોને ભય લાગવા લાગયો અને એમાણે એમના (શૂદ્રો) માં પરસ્પર વેરભાવ કેવી રીતે રહે એની યોજના બનાવી કે જેથી તેઓ આ દેશમાં જ ચીટકી રહે અને નિરંતર એમના વંશ પરંપરાથી પોતાના અને પોતાના વંશવારસોની ગુલામી (ગુલામગીરી) માં રહી શકે અને એ ભટો વિના કોઈ મહેનતે એમના (શૂદ્રઅતિશૂદ્રોના) લોહી-પસીનાની કમાણી ઉપર બેધડક તાગડધિન્ના કરી શકે પોતાના એ વિચારો સફળ બનાવવા માટે એમાણે જાતિ ભેદના ઢોંગી સિધ્ધાંતની રચના કરી અને એના વિશે અનેક સ્વાર્થી ગ્રંથો રચ્યા. અને એ બધી (જૂઠી) બાબતોને અજ્ઞાની લોકોના મનમાં ધૂસાડી.

એમનામાંથી એ લોકો કે જેમાણે ભટ લોકોની સાથે ખૂબ દૃઢ નિશ્ચય અને સાહસપૂર્વક સંઘર્ષ કર્યો એમનો એમાણે એક વર્ગ બનાવ્યો અને એમની સાથે પૂર્ણ રૂપે બદલો લેવાની ભાવના સાથે એમને એમનાં જે બાળકો થશે એમને, એમનામાંથી જ અમુક લોકો જેમને આજે માળી (સૈની) કણબી (કુર્મી) વગેરે કહેવામાં આવે છે, એમાણે સ્પર્શ કરવો જોઈએ નહીં, એવી ભાવના એમના મન-મસ્તકમાં ઠોકી બેસાડી જયારે આ પ્રમાણે પરિસ્થિતિ થઈ, એટલે કે એમનો વેપાર વગેરે બંધ હોય અને તેઓ અનાજ મેળવવા માટે મોહતાજ- વિવશ હોય, એવા

સંજોગોમાં એમાણે મરેલાં ઢોરોનું માંસ ખાવું અનિવાર્ય થઈ ગયું, એમનું આવું વર્તન જોઈને આજના જે શૂદ્રો છે તેઓ ખૂબ ગર્વથી પોતાને માળી (સૈની) કાણબી (કુર્મી) સોની, લુહાર, સુથાર (તરખાન) વગેરે મોટી મોટી સંજ્ઞાઓ વડે, કે તેઓ જે ધંધો (કામકાજ) કરી રહયા છે એના કારણે છે, ત્યારે આ લોકો પોતાનાજ એક પૂર્વજ (વડવાઓ) અને એકજ વર્ગના હોવા છતાં પણ એમના પૂર્વજો લડયા એટલા માટે ભટ લોકોએ એમની એવી દુર્દશા કરીને એમને અનાજના એક એક દાણા માટે મહોતાજ (વંચિત)કર્યા અને આ ગર્ભની ગુપ્ત વાત એમને (શૂદ્રોની) સમજમાં ન આવી અને તેઓ ભટના કહેવાથી એમના પ્રત્યે તિરસ્કાર કરવા લાગયા.અરેરે આ લોકો (શૂદ્ર) પ્રભુના કેટલા અપરાધીઓ છે કે એમનાં સૌનો નિકટનો સંબંધ હોવા છતાં પણ તેઓ (અસ્પૃશ્યો) એમના (શૂદ્રોના) દરવાજે અનાજ વગેરે માંગવા આવે છે, ત્યારે તેઓ એમને હળધૂત કરે છે અને કયારેક તો લાકડી લઈને એમને મારવા માટે એની પાછળ દોડી જાય છે.

ખેર! આ પ્રકારે ભટ લોકોએ એમની સાથે અને અન્ય લોકો સાથે પણ આવો વહેવાર કર્યો, અને એજ રીતે એમને જાતિઓના વાડામાં જકડી એમને આશ્રય આપી એમને પૂર્ણ રીતે ગુલામ બનાવ્યા. જયારથી શૂદ્ર-અતિશૂદ્રોમાં ભટ લોકોએ જાતિભેદનું નિર્માણ કયું, ત્યારથી એ બધાંના વિચાર અલગ અલગ થઈ ગયા. અને ત્યાર બાદ તેઓ (ભટો) જેવું ઈચ્છતા હતા, એમજ એ લોકો (શૂદ્રો) ની સ્થિતિ બનાવવી એમના માટે સરળ થઈ ગઈ. એ વિશે એક જગપ્રસિધ્ધ કહેવત છે કે બેની લડાઈમાં ત્રીજો ફાવે એટલે કે ભટ લોકોએ શૂદ્ર-અતિશૂદ્રમાં પરસ્પર વેરભાવ નિર્માણ કરીને તેઓની જીંદગી પર તાગડધીન્ના કરવા લાગ્યા.

ટૂંકમાં ઉપરોકત હકિકત જણાવ્યા પ્રમાણે આ દેશમાં અંગ્રેજ સરકારના આવવાથી શૂદ્ર અતિશૂદ્ર લોકો ભટ લોકોની ગુલામી માંથી મુકત થઈ ગયા, એ વાત સત્ય છે પરંતુ અમને એ જણાવતાં ખૂબજ દુઃખ થાય છે કે અત્યાર સૂધી આપણી દયાળુ સરકારે શૂદ્ર-અતિશૂદ્રો ને ભણાવવાના કાર્યમાં દુર્લક્ષ કરવાના કારણે તેઓ અજ્ઞાની રહીને ભટ લોકોના બનાવટી ગ્રંથોના કારણે એમના માનસિક ગુલામ થઈ ગયા છે. અને એમનામાં સરકાર પાસે કંઈ પણ માંગવાની ચેતના ન રહી ગઈ. પરંતુ ભટ લોકો બધા મળી બધા વ્યવહારિક સરકારી કામોમાં કેટલું લૂંટી રહયા છે, એ વાત તરફ આપણી સરકારનું જરા પણ ધ્યાન નથી. ત્યારે એમને દયાળુ બનાવી એ વાત તરફ સારી રીતે (કડકાઈથી) ધ્યાન આપવું જોઈએ અને એમને ભટ લોકોની માનસિક ગુલામીમાંથી મુકત કરવા જોઈએ, એવી અમે આપણા પ્રભુને છેલ્લી પ્રાથના કરીએ છીએ.

આ પુસ્તક લખતી વેળા, મારા મિત્ર.રા.રા.વિનાયકરાવ બાપજી ભંડારકર અને રા.રા.સા.રાજન્ના લિંગૂ, એમણે મને જે પ્રોત્સાહન આપ્યું, એમના માટે હું એમને ખૂબ જ ધન્યવાદ આપું છુ.

બ્રાહ્મણી ધર્મના પડદા પાછળ
ગુલામગીરી
(સુધારાવાદી અંગ્રેજ રાજયસત્તા અંતર્ગત)
જોતિરાવ અને ધોંડિબા
(વચ્ચેનો સંવાદ)

ભાગ-૧ બ્રહ્માની ઉત્પત્તિ, સરસ્વતિ અને ઈરાની અથવા આર્ય લોકો વિશે
(ધોં- ધોંડિબા, જો- જોતિબા)

ધોં:- યૂરોપ ભૂખંડની અંગ્રેજ, ફ્રેંચ, વગેરે દયાળુ સરકારોએ એકત્ર થઈ ગુલામ બનાવવાની મનાઈ ફરમાવી. આ બાબતે તેમાણે બ્રહ્માદેવના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. કેમકે મનુ સ્મૃતિમાં લખ્યું છે કે , બ્રહ્માદેવે પોતાના મોંમાંથી બ્રાહ્મણોને પેદા કર્યા અને એ બ્રાહ્મણોની સેવા કરવા માટે તેણે પોતાની ઝાંધમાંથી શૂદ્રોને પેદા કર્યા.

જો:- અંગ્રેજ વગેરે સરકારોએ ગુલામો બનાવવાની મનાઈ ફરમાવી, એ બાબતે તેમાણે બ્રહ્માની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે,એમ તમારૂં ક્હેવું છે ત્યારે આ પૃથ્વી ઉપર અંગ્રેજો વગેરે અનેક પ્રકારના લોકો રહે છે, તેમને બ્રહ્માએ શરીર ના કયા અવયવમાંથી પેદા કર્યા છે? એના વિશે મનુસ્મૃતિમાં શું લખ્યું છે?

ધોં:- એ વિશે વિદ્વાન અને અવિદ્વાન બ્રાહ્મણો એવો જવાબ આપે છે કે અંગ્રેજ વગેરે લોકો અધર્મી, દુરાચારી હોવાના કારણે મનુસ્મૃતિમાં એમના વિશે કોઈ જ ઉલ્લેખ નથી.

જો:- આ વાતથી તમારા આ મત અનુસાર, શું બ્રાહ્મણોમાં કોઈપણ અધર્મી કે દુરાચારી નથી?

ધોં:- તપાસ કરતાં **બીજા લોકો કરતાં બ્રાહ્મણોમાં વધુ અધર્મી તથા દુરાચારી લોકો છે એમ દેખાઈ આવે છે.**

જો:- તો પછી એવા અધર્મી અને દુરાચારી બ્રાહ્મણો વિશે મનુસ્મૃતિમાં શું ઉલ્લેખ છે?

ધોં:- આ વાતથી એ સાબિત થાય છે કે **મનુએ એની સંહિતામાં ઉત્પિત્તનો સિધ્ધાંત લખ્યો છે એ સર્વથા જૂઠો છે કારણકે એ બધા જ મનુષ્યોને લાગૂ પડતું નથી.**

જો:- એટલા માટે અંગ્રેજ વગેરે લોકોમાંથી જાણકારોએ બ્રાહ્મણોના પૂસ્તકના રચયિતાઓની દગાબાજી સમજીને ગુલામ બનાવવા ઉપર મનાઈ ફરમાવી. જો બ્રહ્મા દરેક મનુષ્યમાત્રની ઉત્પત્તિનો કારણ હોત તો તેઓ ગુલામ બનાવવાની મનાઈ ન ફરમાવત. મનુએ ચાર વર્ણોની ઉત્પત્તિ લખી છે, એની બાકીની સંપૂર્ણ સૃષ્ટિ ક્રમોની સાથે તપાસ કરતાં, એ બધું જૂઠું છે એ સમજાય જશે.

ધોં:- એટલે એ કેવી રીતે ?

જો:- **બ્રાહ્મણ, બ્રહ્માના મોંમાંથી ઉત્પન્ન થઈ ગયા. પરંતુ બધાજ બ્રાહ્મણોની મૂળ**

માતા બ્રાહ્મણી, બ્રહ્માની કઈ ઈંદ્રિયમાંથી પેદા થઈ છે, એના વિશે મનુએ કાંઈપણ લખ્યું નથી એ કેવી રીતે?

ધોં:- બની શકે છે કે એવા વિદ્વાન બ્રાહ્મણોના કહેવા પ્રમાણે તેઓ (બ્રાહ્મણી)અધર્મી અને દૂરાચારી હોઈ શકે છે એટલે બ્રાહ્મણીઓને હાલપુરતું પેલા મલેચ્છો (નીચ) ની હરોળમાં રાખો.

જો:- અમે ભૂદેવ છીએ, અમે બધા વર્ણોમાં શ્રેષ્ઠ છીએ, એવું નિરંતર ખૂબજ ગર્વપૂર્વક કહેવાવાળાઓને જન્મ આપવાવાની મૂળ માતા બ્રાહ્મણી છે અથવા નથી? અને તમે એને મલેચ્છોની પંકિતમાં બેસાડો છો? એને ત્યાં પણ દારૂ અને ગોમાંસની ગંધ કેવી રીતે પસંદ પડશે? અરે બાપ રે! તમે તો ખૂબજ અયોગ્ય વાત કરી રહયા છે!

ધોં:- તમે અનેકવાર મોટી સભાઓ મા વાત કહી છે કે બ્રાહ્મણોના મૂળ પૂર્વજો કે જે ઓ ઋષિ હતા તેઓ શ્રાધ્ધના પ્રસંગો ઉપર ગૌહત્યા કરીને એનું માંસ જાતજાતના પકવાનો બનાવીને ખાતા હતા. અને હવે એમની મૂળ માતાને ગંધ આવશે, એવું તમે કહો છો.એ કેવી રીતે બની શકે તમે આ અંગ્રેજી શાસનની સ્થિરતાની ઈચ્છા વ્યકત કરી, થોડા દિવસ માટે રાહ જૂઓ. તમે એવું જોશો કે આજના અધિકાંશ સનાતન બ્રાહ્મણો, રેસીડેન્ટ, ગવર્નર વગેરે અંગ્રેજ અધિકારીઓની પોતાના ઉપર વધુ મહેરબાની થાય એટલા માટે એમના (ડાઈનીંગ) ટેબલ ઉપર વધેલા માંસના ટૂકડાઓ, મહાર બટલર (રસોઈઆ) ના હાથમાં આવવા પણ નહીં દેશે. આજકાલ વધુપડતા મહાર બટલરો અંદરોઅંદર બ્રાહ્મણોના નામથી ખીજાવા લાગ્યા છે, શું એ વાત તમને ખબર નથી? મનુએ જ બ્રાહ્મણોની ઈત્પત્તિ વિશે લખીને નથી રાખ્યું એટલા માટે એ વાતનો દોષ એના માથે લગાવવમાં આવે એના માટે અયોગ્ય વાત કરી રહયો છું, એવો તમે મને દોષ શા માટે આપી રહયા છો? આપણી વાતચીત આગળ ચાલ વાદો.

જો:- ચાલો ત્યારે તમારી મરજી! જેમ હોય તેમ પણ હવે એ સમજાવો કે **બ્રાહ્મણોને જન્મ આપવાવાળું જે બ્રહ્માનું મોં છે એ દરેક મહિનામાં માસિક વ્યવહાર (રજસ્વલા) ને માટે અલગ બેસતા હતા કે કોઈ લિંગાયત સ્ત્રીની માફક માસિકના સમયે રાખ લગાવી પવિત્ર થઈ ઘરમાં કામકાજ કરતા હતા, એ વિશે મનુએ શો ઉલ્લેખ કર્યો છે?**

ધોં:- નહીં પરંતુ બ્રાહ્મણોની ઉત્પત્તિ માટે બ્રહ્મા એ જ મૂળ કારણ છે, ત્યારે એને કોઈ લિંગાયત મહિલાનો ઉપદેશ કેવી રીતે પસંદ પડશે કારણકે આજના બ્રાહ્મણો,લિંગાયત લોકો, આભડછેટ નથી માનતા એટલા માટે એમની ધૃણા કરે છે.

જો:- **ત્યારે હવે એ વાત પર તમેજ વિચાર કરો કે બ્રહ્માનું મોં (ભૂખ) બાહૂ જાંઘો અને પગ એ ચાર સ્થળોની યોનીઓની માસિક અવસ્થા હોવાના કારણે એને બધું મળીને સોળ (૧૬)દિવસ અપવિત્ર થઈ અલગ બેસવું પડતું હશે. જો અમે એવું**

કહિએ છીએ તો એના ઘરનું કામકાજ કોણ કરતું હશે? એના વિશે પણ મનુનો કાંઈ ઉલ્લેખ છે?

ધોં:- ના

જો:- ચાલો સારૂં એ ગર્ભ બ્રહ્માના મુખેથી ગર્ભધારણના દિવસથી લઈને નવ મહિના સુધી કયા ભાગ ઉપર વધે છે, એ બાબતે મનુએ કંઈ કહયું છે?

ધોં:- ના

જો:- સારૂં ! આગળ હવે એ જન્મેલ બ્રાહ્મણ બાળકને, બ્રહ્માએ પોતાનું દૂધ ધવડાવ્યું અથવા તો ઉપરનું દૂધ પીવડાવી પાલન પોષણ કર્યું, એના વિશે શું કંઈક લખ્યું છે?

ધોં:- ના

જો:- સાવિત્રી બ્રહ્માની પત્નિ હતી, એના હોવા છતાં પણ બ્રહ્માએ એ બાળકનો ભાર પોતાના મોં (મુખ) માં નવ મહિના સુધી સંભાળીને એને જન્મ આપવાની અને એના પાલન પોષણની જવાબદારી પોતાના ઉપર કેમ લીધી? એ આશ્ચર્યની વાત છે.

ધોં:- શું એના શેષ ત્રણ માથાં એ કામમાં અલગ હતાં કે નહીં? શું એ રાંડવો રાધોબા (હિજડા)ને આવી છોકરીઓની (પ્રસુતિની) રમત રમવાનું કેમ ગમ્યું?

જો:- જો એને રાંડવો રાધોબા કહેવામાં આવે તો એણે સરસ્વતિ નામની પોતાની દિકરી સાથે વ્યભિચાર કર્યો છે. એ નિંદાને કારણે એનો કોઈ આદર સત્કાર (પૂજા) નથી કરતા.

ધોં:- જો બ્રહ્માને ખરેખર ચાર મોઢાં હતાં તો એજ પ્રમાણે એનાં આઠ (૮) સ્તન ચાર (૪) મૂત્રદ્ધાર અને ચાર (૪)મળદ્ધાર પણ હશે, પરંતુ એના વિશે પણ કયાંય કોઈ ખાતરીપૂર્વક ઉલ્લેખ પ્રાપ્ત નથી મળતો. આગળ એજ પ્રકારે શેષરાજ (વિષ્ણુ) ની લક્ષ્મી નામની પત્નીના હોવા છતાંપણ એણે એની દૂંટી (નાભી) માંથી એ ચાર મોઢાંવાળા બાળકને કેવી રીતે પેદા કર્યો ? એના વિશે જો વિચાર કરવામાં આવે ત્યારે એ શેષરાજને પણ બ્રહ્માની જેવી (વિચિત્ર!)સ્થિતિ હશે.

જો:- ખરેખર વિચાર કરવાથી એક વાત સમજાય છે કે બ્રાહ્મણ લોકો સમુદ્રની પેલે પાર જે ઈરાન દેશ છે એ દેશના મૂળ રહેવાવાળા છે. અગાઉ એમને ઈરાની અથવા આર્ય લોકો કહેવાતા હતા. એવું અનેક અંગ્રેજ ગ્રંથકારોએ એમના ગ્રંથો દ્વારા સાબિત કર્યું છે. અગાઉ આ આર્યોએ મોટા ઝૂંડમાં (ઈરાનથી) આવી આ દેશ ઉપર હુમલાઓ કર્યા અને તે પ્રદેશોના અધિકાંશ રાજાઓના મુલ્કો ઉપર વારંવાર હુમલાઓ કરી ઉપદ્રવો કર્યા. પહેલાં વામન પછી આર્ય લોકોનો બ્રહ્મા નામનો મુખ્ય નેતા થઈ ગયો. એનો સ્વભાવ ખૂબ જ જીદ્દી હતો. એણે એના કાર્યકાળમાં આપણા મૂળ પૂર્વજો (વડવાઓ) ને યુધ્ધભૂમિમાં

જીતીને પોતાના દાસ (ગુલામ) બનાવ્યા અને એના (બ્રહ્માના) લોકોમાં અને આ જીતેલા ગુલામોમાં હમેંશા તફાવત (ભેદભાવ) રહે એટલા માટે નિયમો બનાવ્યા. એટલા માટે બ્રહ્માના મર્યા બાદ આર્ય લોકોના મૂળ નામો ધીરે ભૂલાતાં ગયાં અને એમના નામ બ્રાહ્મણ પડી ગયાં. ત્યાર બાદ મનુ જેવો નેતા આગળ જતાં એના બનાવેલા નિયમોને આગળ પાછળ કોઈ ધિક્કારી ન શકે એ ડર ના કારણે એણે બ્રહ્મા વિશે જાત જાતની નવી નવી કાલ્પનિક વાર્તાઓ રચી અને દરેક ઘટના ઈશ્વરની ઈચ્છાથી જ ઘટિત થઈ રહી છે એવું પેલા ગુલામ બનાવેલાના મનમસ્તિકમાં ઊતારી દીધું અને એટલા માટે એમણે શેષરાજનો બીજો અડધો ડીંડક રચયો અને અનુકુળતા જોઈને થોડા સમય પછી દરેક વાર્તા (કપોળકલ્પિત) ના ગ્રંથો વિશે શૂદ્ર ગુલામોને નારદ જેવી સ્ત્રીઓની વચ્ચે યથાર્થ કરવાવાળાં આદમીએ તાલી વગાડી ઉપદેશ કર્યો અને એના કારણે બ્રહ્માનું મહત્વ સ્વાભાવિક રીતે જ વધી ગયું. હવે જો આપણે આ બ્રહ્માની જેમજ પેલા શેષરાજની પૂછપરછ કરીએ તો આપણને એનાથી કદાચ લાભ ન થઈ આપણો બંન્નેનો સમય બરબાદ થશે. કારણકે એ બિચારાએ બિલકુલ પણ પોતાની નાભી (દૂંટી) માંથી પેલા ચાર મ્હોંવાળા બાળકને પેદા નથી કર્યું અને આવા માણસો ઊપર રૂઆબ જમાવવામાં મોટો પુરુષાર્થ છે હું એવું નથી માનતો.

ભાગ-૨ મત્સ્ય અને શંખાસૂરના વિશે (ધોંડિબા અને જોતિબાનો સંવાદ)
(ધોં. ધોંડિબા જો.જોતિબા)

ધો.:- વામનના અગાઉ આ દેશમાં ઈરાનથી આર્ય લોકોની કેટલી ટોળીઓ આવી ?

જો.:- આ દેશમાં આર્ય લોકોની અનેક ટોળીઓ જળમાર્ગે આવી.

ધો.:- શું એમાંથી પ્રથમ ટોળી જળમાર્ગે કોઈ યુદ્ધનૌકા ધ્વારા આવી કે બીજા કોઈ અન્ય પ્રકારે ?

જો.:- એ સમયે યુદ્ધ નૌકાઓનું અસ્તિત્વ ન હતું, એટલા માટે એ ટોળીઓ નાની હોડીઓમાં આવી હશે અને કેમકે માછલીની માફક તેજ ગતિએ પાણી ઉપર સરકતી હતી એટલા માટે આ ટોળીના મુખીને મત્સસ્યનું નામ આપ્યું હશે.

ધો.:- તો પછી બ્રાહમણ ઈતિહાસકારોએ ભાગવત વગેરે ગ્રંથોમાં આ ટોળીના મુખીને મત્સ્યથી જન્મેલ એમ લખ્યું છે એ કેવી રીતે ?

જો.:- એ વિશે તો તું પોતે જ વિચાર કરી શકે છે કે માણસ અને મત્સ્ય (માછલી) એમના શરીર, આહાર, નિદ્રા, મૈથુન અને ઉત્પત્તિમાં એમનામાં કેટલો ફરક છે. એજ રીતે એમના મગજ, હૃદય આંતરડાં અને ગર્ભાશય તથા સૂવાવડ વગેરેમાં કેટલો ચમત્કારિક તફાવત છે. માણસ ધરતી ઊપર રહેવાવાળું પ્રાણી છે અને એ પાણીમાં પડી જાય તો ડૂબીને મરી જશે. સ્ત્રીઓ ઘણું કરીને એક સમયે એક જ બાળકને જન્મ આપે છે. પરંતુ માદા(નારી) માછલી એક સાથે લાખો ઈંડાં મૂકી, અમુક સમય પછી એ બધાં ઈંડાને ફોડી એમાંથી બચ્ચાં બહાર નીકળે છે. જો આપણે એમ કહીએ કે જે ઈંડામાં આ બાળક હતો એ ઈંડાને પેલી માદા (નારી) માછલીએ પાણીની બહાર કાઢી ફોડયું, તો પાણીની બાહર આવવાથી એ માછલી જીવિત કેવી રીતે રહી શકે ? કદાચ એ માછલીએ પેલા મત્ય(ગર્ભ) ને બાદમાં પાણીમાંથી બહાર કાઢયો, કદાચ એમ દલીલ કરવામાં આવે તો પેલો બાળક પાણીમાં કેવી રીતે જીવિત રહ્યો ? કોઈ વ્યકિત શંકા વ્યકત કરી શકે છે કે કદાચ કોઈ મરજીવાએ પાણીમાં ગોળો ફેંકી પાણી ના તળીયેથી પેલા મત્સ્ય બાળક જે ઈંડામાં હતો એને ઓળખી કાઢી એને બહાર લાવ્યો હોય. કદાચ એવું પણ બની શકે છે પરંતુ પેલી માછલીના ઈંડાને કયા સાહસી મરદે ફોડીને એમાંથી મત્સ્ય બાળકને બહાર કાઢયું? કારણકે હવે યુરોપ અને અમેરીકા વગેરે દેશોમાં ખૂબ જ પ્રગતિ થવાના કારણે મોટા મોટા નામાંકિત વૈજ્ઞાનિક શાસ્ત્રોના વિદ્વાન વ્યકિતઓ તૈયાર થઈ ગયા છે. તેમ છતાં પણ આજ સુધી કોઈકે પણ એવો દાવો નથી કર્યો કે એણે કોઈ માછલીના ઈંડાને ફોડી એમાંથી માછલીના જીવિત બચ્ચાંને બહાર કાઢયું હોય. અચ્છા ! આ જ ઈંડુ પાણીને તળીયે છે, એટલો મહત્વપૂર્ણ સંદેશ કઈ અમર માછલીએ પાણીની બહાર આવી એ પાણીમાં ડૂબકી લગાવનાર મરજીવાને આપ્યો અને એ જળચર સંદેશવાહકની ભાષા એ માણસને કેવી રીતે સમજાવી હોઈ ? આ પ્રકારની અનેક શંકાઓથી એ ઈતિહાસ (ધાર્મિક) ના લેખક સાથે વ્યહવારૂ સમાધાન શકય નથી. એના કારણે એ સંબંધે એવું

અનુમાન લગાવી શકાય કે બાદમાં લૂચ્ચા-ધૂર્ત લોકો મોકો જોઈને એ ગ્રંથોમાં આ દંતકથા ઊમેરી દીધી હશે.

ધો.:- સારૂં ! એ ટોળીનો મુખી પોતાના લોકો સાથે સૌપ્રથમ કયા સ્થળે આવ્યો હશે ?

જો.:- પશ્ચિમી સમુદ્રથી અવીને એ કોઈ બંદરે પહોંચ્યો હશે.

ધો.:- એ મત્સ્યે (મુખીએ) બંદર ઉપર પહોંચી શું કર્યું ?

જો.:- એ મત્સ્યે શંખાસૂર નામના રાજાની હત્યા કરી એનાં રાજય ઊપર પોતાનો અધિકાર જમાવ્યો ત્યારબાદ એ શંખાસૂર નું રાજય આર્ય લોકોના નિયંત્રણમાં એ મત્સ્ય (મુખી) ના મરતાં સુધી નિશ્ચિત થઈ રહ્યું. પંરતુ મત્સ્યના મરતાં જ શંખાસૂરના લોકોએ પોતાનું રાજય ફરીથી પ્રાપ્ત કરવાના ઈરાદે મત્સ્યોની ટાળીઓ ઊપર હૂમલા કર્યા.

ધો.:- એ હૂમલાઓ બાદ શું પરિણામ આવ્યું ?

જો.:- એ હૂમલામાં મત્સ્ય ટોળીની હાર થવાથી એ રણભૂમિ છોડીને પાછા ફર્યા. છેવટે પેલી ટોળી એક ડુંગર ઊપર જઈને જંગલમાં સંતાઈ ગઈ. એટલા વખતમાં આર્ય લોકોની બીજી ટોળી મોટાં વહાણોમાં પેલા બંદરે આવી એ મોટાં વહાણો નાની હોડીની તુલનાએ કાચબાની માફક પાણી ઊપર ધીમે (મંદગતિએ) ચાલતાં હતાં, એટલે એ ટોળીના મુખીનું નામ કચ્છ પડયું હશે.

ભાગ–૩ કચ્છ, ભૂદેવ અથવા ભૂપતિ, ક્ષત્રિય, દ્વિજ અને કશ્યપ રાજા વિશે.

ધો. માછલી અને કાચબો એ બંન્નેની દરેક રીતે તુલના કરવાથી એવું સ્પષ્ટ થઈ જાય છે કે એમનામાં થોડો ઘણો ફરક છે. પંરતુ અમુક બાબત જેમકે પાણીમાં રહેવું, ઈંડા મૂકવાં ત્યારબાદ એને ફોડવાં વગેરે બાબતોમાં સમાનતા છે. એટલા માટે કચ્છ કાચબામાંથી જનમ્યો, એવું ભાગવત વગેરે ઈતિહાસકારોએ લખ્યું છે એના વિશે વધુ વિચારતાં આપણી સ્થિતિ મત્સ્ય જેવી થઈ જશે. અને આપણો કિમતી સમય પણ વેડફાઈ જશે એવું મારૂં માનવું છે. એટલા માટે મારે હું આગળ વધી એમ પૂછું છું કે કચ્છે એ બંદર ઊપર ઊતર્યા બાદ શું કર્યું ?

જો. સૌથી પહેલાં તો એ બંદર ઊપરથી ડુંગર ઊપર જે મત્સ્ય ટોળકી મુસિબતમાં હતી એ ડુંગરની અન્ય બાજુએ જઈ ત્યાનાં મૂળ ક્ષેત્રવાસી લોકોને ઘેરી લીધા અને એમને ભગાવી દીધા, ત્યારબાદ એણે પોતાના લોકોને મુકત કરી એ આખા ક્ષેત્રનો ભૂદેવ એટલે કે ભૂપતિ (માલિક) બનીને નિશ્ચિંત થઈ રહેવા લાગ્યો.

ધો.:- સારૂં ! હવે પેલા કચ્છે ભગાડેલા ક્ષેત્રિય લોકો (મૂળનિવાસી) પછી કઈ દિશામાં ચાલી ગયા ?

જો.:- દરિયાપારથી બીજી ઈરાની અથવા આર્ય લોકોની ટોળી આવી એ જોઈ ગભરાઈને દ્વીજ(બીજા) આવ્યા દ્વીજ આવ્યા એવો શોરબકોર કર્યો અને તેઓ પર્વતની બીજી તરફ જઈને કશ્યપ નામના ક્ષેત્રના રાજાની પાછળ ચાલ્યા ગયા એ વાતથી હવે સ્પષ્ટ થઈ જાય છે કે કચ્છ પોતાની સેના લઈ પર્વતની પાછળ ઊતર્યો અને ડુંગરને પાછળ મૂકી દેતાં કશ્યપના રાજયના ક્ષત્રિય લોકોને જેવી રીતે એને ઈરાનથી સહાયના મળી તેમ તેમ હેરાન કરવા લાગ્યો. આગળ જતાં કશ્યપે પેલા પર્વત ઉપર અધિકાર જમાવવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા અને કચ્છના મૃત્યુસુધી એની પાછળ છોડેલા પર્વત ઊપર કશ્યપનો અધિકાર કરવા ન દીધો અને એ પોતાની રણભૂમિ છોડીને એક ડગલું પણ પાછળ ન હટયો.

ભાગ-૪ વરાહ અને હિરણ્યાક્ષ એમના વિશે.

ધોં:- કચ્છના મર્યા પછી, દ્વીજોનો રાજા કોણ બન્યો?

જો:- વરાહ

ધોં:- વરાહ ડૂકકરમાંથી જન્મ્યો એવું ભાગવત વગેરે ઈતિહાસકારોએ લખ્યું છે, એ વિશે આપનો શો અભિપ્રાય છે?

જો:- ખરેખર જો આપણે વિચાર કરીએ તો આપણને સમજાશે કે ડૂકકર અને મનુષ્યની તુલના (સરખામણી) કરવાથી એ બન્નેમાં પણ એકદમ ચમત્કારિક તફાવત છે. સમજવા માટે આપણે દાખલા તરીકે તેઓ પોતાના બચ્ચાંને જન્મ આપ્યા બાદ એ બચ્ચાં સાથે કેવું વતર્ન કરે છે, એજ વાત જોઈએ. માનવ સ્ત્રી પોતાના બાળકને જન્મ આપ્યા બાદ એને કોઈ પણ જાતનું દુઃખ આપ્યા વિના, એનું પાલન પોષણ કરે છે. પરંતુ ડૂકકર, કૂતરીની જેમ પહેલાં પોતાના પ્રથમ બાળકને ખાઈ જાય છે અને ત્યાર બાદ અન્ય બચ્ચાંને જન્મ આપે છે આથી એ વાત સાબિત થઈ જાય છે કે વરાહની એ ડૂકકરી માં એ પ્રથમ પોતાના બચ્ચાંને ખાઈ ને બાદમાં આ માનવ ડૂકકરને જન્મ આપ્યો હશે. પણ ભાગવત વગેરે ગ્રંથ કર્તા ઓને મતે, વરાહ વગેરે નારાયણના અવતાર છે આથી એની ડૂકકરી માં એના ડૂકકર મોટાભાઈ ને મારીને ખાઈ ગઈ ત્યારે એને રોકવા માટે શું એણે કોઈ બંદો બસ્ત નથી કર્યો હતો? **અરે અરે, કેટલું કમનસીબ છે. પદમા ડૂકકરી વરાહ એ આદિનારાયણની માં હતી ત્યારે એણે બાળ હત્યા કેવી રીતે કરી?** હવે બાળ હત્યા એ શબ્દનો અર્થ છે કે બાળકની હત્યા કરવી, ભલે એ કોઈનું પણ બાળક હોય. પરંતુ અહીં તો કૂખે જન્મેલા બાળકને જ મારીને ખાઈ ગઈ. ત્યારે આવા અન્યાય માટે શબ્દકોંશમાં કોઈ બીજો સારો શબ્દ નથી મળતો. જો કે એમ તો ડાકણ પણ પોતાના બાળકને નથી ખાતી, એવી જૂની કહેવત છે. આગળ આ વરાહની પદમા નામની માતા એ એવું કરવાના કારણે એને નરકવાસનો દંડ મળ્યો હશે. પરંતુ એનાથી મુકિત મેળવવા એણે કોઈ પ્રાપશ્ચિત કર્યું હોય એવું ઉદાહરણ કોઈ પણ ગ્રંથમાં મળતું નથી. એ બાબતે મને ખૂબ જ દુઃખ થાય છે.

ધોં:- વરાહની ડૂકકરી માતા નું નામ જો પદમા હતું તો એ વાતથી પણ એમ હાબિત થાય છે કે એના પતિનું પણ કદાચ કોઈ નામ હશે?

જો:- પદમા ડૂકકરીના પતિનું નામ બ્રહ્મા હતું.

ધોં:- **આ વાત ઉપરથી એમ લાગે છે કે જૂના જમાનામાં પશુઓ પણ પરસ્પર માણસો, જેમકે બ્રહ્મા નારદ અને મનુ એવાં નામો રાખતા હશે.** અને એ નામો એ બનાવટી ગ્રંથકારને કેવી રીતે ખબર પડી ગયાં હશે? બીજું એ કે પદ્મા ડૂકકરીએ વરાહને એની બાલ્યવસ્થામાં પોતાના સ્તનોમાંથી દૂધ પણ પીવડાવ્યું હશે, એ વાતમાં શંકાને કોઈ સ્થાન ન જ હોવું જોઈએ. પરંતુ જયારે એ બચ્ચું થોડું મોટું થયું ત્યારે જયારે

એણે પોતાના બ્રહ્મા પતિની સાથે વરાહને લઈને એને ગામના (ખંડેરો)માં ખૂબ જ કોમળ ફૂલોના છોડને ચારો ખાવાની આદત પાડી હશે, અથવો તો એણે કંઈ પણ ખાધું, એ વાત તો પેલો વરાહ આદીનારાયણ પણ જાણ તો હશે? આ રીતે વિવિધ પ્રશ્નો વિશે ગ્રંથોમાં એના પૂરાવા કે સાબિતી મળતી નથી. એટલા માટે મને એવું લાગે છે કે વરાહ ડૂક્કર યોનીમાં જનમ્યો છે, એ વાત ગ્રંથોમાં લખી છે, શું એ બધું જૂઠું છે? આવી ખોટી વાતોને ગ્રંથોમાં લખતી વખતે એ ગ્રંથકારને શરમ શા માટે ન આવી?

જો:- **વાહ ! વાહ ! અરે ભાઈ તમારા જેવા લોકો, આ ગ્રંથોને કારણે જ એમના બાળબચ્ચાંના પગ ધોઈને પાણી પીતા હશે, ત્યારે તમને શરમ નથી આવતી? એવું કહું, તો શું અયોગ્ય હશે?**

ધોં:- ચાલો જવાદો ! તમારા વિચાર પ્રમાણે એ રાજાનું વરાહ નામ કેવી રીતે પાડયું હશે, એ વાતનો જવાબ કહો?

જો:- **કારણકે એનો સ્વભાવ અને આચરણ (વ્યવહાર) ખૂબ જ ઘૃણાસ્પદ હશે અને એ જયાં પણ જતો હશે ત્યારે જંગલી ડૂકકરની જેમ મૂંડી મારીને વિજય મેળવતો હશે, એટલા માટે પેલા મહાપ્રતાપી હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપ એ બંન્નેના પ્રદેશોના ક્ષત્રિયો (મૂળનિવાસી) એ એનું નામ ધિકકારપૂર્વક ડુકકર (વરાહ) રાખ્યું હશે.** એના કારણે એને ગુસ્સો આવ્યો અને એણે એ વાતનો બદલો લેવા માટે, એમના પ્રદેશો ઉપર વારંવાર ચઢાઈ કરીને,ત્યાં રહેવાવાળાં લોકોને પીડા આપી હશે અને છેવટે એક યુધ્ધમાં હિરણ્યાક્ષની હત્યા કરી એના કારણે આખી પૃથ્વી (ભારત) ઉપર બાકીના રાજા ઓને ભય લાગ્યો અને તેઓ ગભરાઈ ગયા, પરંતુ એટલા સમયમાં વરાહનું મરણ થઈ ગયું.

ભાગ-૫ – નરસિંહ, હિરણ્યકશ્યપ, પ્રહલાદ, વિપ્ર વિરોચન વગેરે વિશે.

ધોં:- વરાહ મર્યા બાદ કોણ મુખી થઈ ગયો?

જો:- નરસિંહ.

ધોં:- નરસિંહ સ્વભાવે કેવો હતો?

જોં:- **નરસિંહ સ્ભાવે લોભી, કૃત્રિમ, ઝગડાળુ, કપટી, ઘાંતકી નિર્દય અને ક્રૂર હતો. તે શરીરે સુદઢ અને ખુબ જ બળવાન હતો.**

ધોં:- એણે કેવું પરાક્રમ કર્યું?

જો:- પહેલાં તો એણે હિરણ્યકશ્યપની હત્યા કરવા માટે વિચાર કર્યો. કારણકે એની હત્યા કર્યા વિના એનું રાજય પ્રાપ્ત નહીં થશે, એ વાત એ સારી રીતે સમજી ગયો હતો. એટલે પોતાના આ દુષ્ટ હેતુની પૂર્તિ માટે એણે ગુપ્ત પધ્ધતિથી ઘણા દિવસો સુધી પ્રયત્નો કર્યા. પોતાના એક દ્વિજ સગાની મદદથી એણે હિરણ્કશ્યપના પ્રહલાદ નામના કોમળ બુધ્ધિના પુત્રના મનમસ્તકમાં પોતાના ધર્મના મૂળ તત્વોનો પ્રભાવ જમાવ્યો, જેના કારણે પ્રહલાદે પોતાના હર હર નામના કૂળ દેવતાની પૂજા કરવી બંધ કરી. હિરણ્યકશ્યપે પ્રહલાદના ભ્રષ્ટ મનને ફરીથી પોતાના કૂળદેવની પૂજા કરવા માટે રાજી કરવા અનેક પ્રકારના ઉપાય કર્યા. તદૂપરાંત નરસિંહે, પ્રહલાદને ખાનગી રસ્તે મદદ કરવાના કારણે હિરણ્યકશ્યપના બધાજ પ્રયત્નો નિષ્ફળ રહયા. છેવટે નરસિંહે એ અજ્ઞાની બાળકને અનેક જૂઠી વાતો કહીને એનું મન એટલું વધારે ભ્રમિત કર્યું કે એ પોતાના પિતાની હત્યા કરે એ વાત માટે રાજી થઈ ગયો. પરંતુ એ ક્રૂર કર્મ કરવા માટે એ બાળકની હિંમ્મત ન થઈ રહી હતી. ત્યારે નરસિંહે મોકો જોઈને તાબૂતના સિંહની જેમ આખા શરીરે રંગ લગાવી, નકલી દાંતો પહેરી, લાંબા લાંબા વાળ અને દાઢી લગાવી એ એકરીતે વિકરાળ સિંહ જેવો બની ગયો. અને આ બધો કૃત્રિમ વેશ સંતાડવા માટે, એણે ઝરીની કિંમતી સાડી પહેરી લીધી અને મ્હોં સંતાડવા માટે માથેથી ખૂબ મોટો ધૂમટો ઓઢી એ ખૂબ જ ઠાઠપૂર્વક સ્ત્રીની નકલ કરી પેલા બાળકની મદદથી એક દિવસ એના પિતાના વિશાળ મંદિર કે જ્યાં અસંખ્ય થાંભલાઓ હતા, એમાંથી એક થાંભલા પાછળ જઈને સંતાઈને ઉભો રહયો, એટલામાં હિરણ્યકશ્યપ આખા દિવસના રાજ કારભારથી થાકેલા શરીરે સાંજના સમયે પોતાના મંદિરમાં એકાંત વાસમાં આવીને નિર્ભય થઈ આરામ કરવા માટે પલંગ ઉમર સૂઈ ગયો, એટલામાં જ નરસિંહ પોતાના માથેથી ધૂંઘટ દૂર કરી એને કમર ઉપર બાંધતાં બાંધતાં એ થાંભલાની ઓથમાંથી બહાર આવ્યો એણે હિરણ્યકશ્યપના શરીર ઉપર હુમલો કર્યો એના નખો વડે હિરણ્યકશ્યપનું પેટ ફાડી નાખ્યું અને એની હત્યા કરી, ત્યારબાદ નરસિંહ પોતાના બધા દ્વિજોની સાથે રાતને દિવસ ચાલીને પોતાના દેશમાં ભાગી ગયો. અહીં નરસિંહે પ્રહલાદને ફસાવી એવું ક્રૂર કામ કર્યૂં એ વાતની જાણ થતાં ક્ષત્રિયોએ નરસિંહને નારસિંહ એટલે કે સિંહની પત્નિ એવું

નિંદનીય નામ આપ્યું, છેવટે હિરણ્યકશ્યપના પુત્રોએ નરસિંહને પકડીને લાવવા માટે અને એને યોગ્ય દંડ કરવા માટે લાંબા સમય સુધી પ્રયત્નો કર્યા પરંતુ નારસિંહે હિરણ્યકશ્યપનું રાજ હસ્તગત કરવાની આશા છોડી દીધી અને પોતાના ઈલાકા અને જીવને સંભાળીને બીજી કોઈ ખરાબી કર્યા વિના મરી ગયો.

ધોંઃ- તો પછી નરસિંહના એ ક્રૂર કર્મને કારણે એના નામની આગળ પાછળ કોઈ એની નિંદા ન કરે એવા ડરથી બ્રાહ્મણ ઈતિહાસકારોએ કેટલોક સમય વિત્યાબાદ તક જોઈને નરસિંહે થાંભલામાંથી જન્મ લીધો વગેરે અનેક પ્રકારની જૂઠી કાલ્પનિક વાર્તાઓ રચી અને એને ઈતિહાસ કહયો, એમ આ વાત ઉપરથી સાબિત થાય છે.

જોઃ- એ વાતમાં કોઈ વજૂદ નથી, કારણકે જો **એનો જન્મ થાંભલામાંથી થયો હોય એમ માનીલેવામાં આવે તો કોઈ અન્ય વ્યકિતએ એને થાંભલામાંથી બહાર કાઢી દૂધ પિવડાવ્યા વગર એ જીવિત કેવી રીતે રહી શકયો? ત્યારબાદ અન્ય કોઈકે અથવા કોઈ દાયણે એને દૂધ પિવડાવ્યા વિના જ એ નાને થી મોટો કેવી રીતે થઈ ગયો ? જો એમમાની લેવામાં આવે કે આ બધી પ્રાક્રિયા માંથી પસાર થયા વિના જ મોટો થઈ ગયો તો આ સૃષ્ટીનો જે ક્રમ છે એમાં વિઘ્ન આવે છે આ જૂઠા વિપ્ર ગ્રંથકારોએ નરસિંહ એકાએક લાકડાના થાંભલામાંથી બહાર નીકળતાં જ કોઈ અન્ય વ્યકિતની મદદ લીધા વગર એને આપમેળે જ આટલો શકિતમાન અને દાઢી મૂછવાળો માણસ બનાવી દીધો કે જેણે તરત જ હિરણ્યકશ્યપને પોતાના ખોળામાં ઉઠાવી એનું પેટ નખથી ચીરી નાખી એની હત્યા કરી અરે રે !** જે પિતા પોતાની સમજ પ્રમાણે પિતૃધર્મનું પાલન કરતાં, ફકત શુધ્ધ મમતાની ભાવનાથી સ્વપુત્રનું મન સાચા ધર્મ તરફ આકર્ષિત કરવા માટે પ્રયત્ન કરી રહયો હતો, તો એને પેલા સર્વસાક્ષી આદિનારાયણના અવતારે આવી દેહાન્તદંડની સજા શા માટે આપવી જોઈએ? આવી સજા તો કોઈ અજ્ઞાની મનુષ્યનો અવતાર પણ નહીં કરે એ આદિનારાયણ નો અવતાર હોવાના કારણે હિરણ્યકશ્યપને દર્શન આપી હું આદિનારાયણ છુ એવો વિશ્વાસ અપાવી પિતા અને પુત્ર એ બન્ને વચ્ચે સમજૂતી કરાવી દેવાના બદલે, એની આ રીતે નિર્દય બની હત્યા કરી એ ખૂબ જ આશ્ચર્યની વાત છે. એણે હિરણ્યકશ્યપને ઉપદેશ આપી, એનો વિશ્વાસ નહીં મેળવ્યો તો પછી એ (આદીનારાયણ) સૌની બુધ્ધિનો નિર્માણકર્તા કેવી રીતે હોઈ શકે? **આ વાત ઉપરથી એમ સાબિત થાય છે કે નરસિંહમાં આપણા પૂના શહેરમાં કોઈ સામાન્ય વેશ્યામાં જેટલી બુધ્ધિ હોય એટલી બુધ્ધિ પણ નથી, કારણકે એ વેશ્યાએ અહીંના પ્રતિ બૃહસ્પતિ કહેવડાવવાવાળા વિદ્વાનને ફકત પોતાની મીઠી મધુરી વાતોથી મોહિત કરી પોતાનો ગુલામ બનાવી દીધો.** આજ કાલ ભારતમાં અમેરીકન અને યુરોપીયન મિશનરીના લોકોએ પોતાનામાંથી કેટલાયે યુવકોને ખ્રીસ્તી

ધર્મમાં ધર્માંતરણ કરાવ્યું છે પરંતુ એમાંથી એકય યુવકે પોતાના પિતાની હત્યા નથી કરી એ ખરેખર ખૂબ જ આશ્ચર્યકારક વાત છે.

ધોંઃ- નરસિંહની માફક નામાશી થયા બાદ વિપ્ર લોકોએ પ્રહલાદનું રાજ્ય હસ્તગત કરવા માટે કોઈક પ્રયત્નો કર્યા અથવા નહીં?

જોઃ- વિપ્ર લોકોએ પ્રહલાદનું રાજય મેળવવા માટે ચોરી છૂપીથી અનેક ઉપાયો અજમાવી જોયા. પરંતુ એ બધા જ ઉપાયો નકામા ગયા. કારણકે આગળ જતાં પ્રહલાદની આંખો ઉઘડી અને એને વિપ્રોની ચાલાકી (કપટ) સમજ પડી ગઈ. એના કારણકે પ્રહલાદે વિપ્રો ઉપર જરાપણ વિશ્વાસ ન કરતાં બધાં લોકો સાથે સ્નેહભાવ રાખી પોતાના રાજયનો સારો વહિવટ કરીને બાદમાં એનું મૃત્યુ થયું. ત્યારબાદ એની જેમજ પ્રહલાદના પુત્ર **વિરોચને** પોતાનું રાજય સારી રીતે સંચાલત કરીને શકિતશાળી બનાવ્યું અને એ પાણ પરિપકવ ઉમરે મૃત્યુ પામ્યાં. વિરોચનનો પુત્ર <u>બલી</u> ખૂબ જ પરાક્રમી નિકળ્યો. એણે સૌ પ્રથમ પોતાના આશ્રય માં રહેવાવાળા નાના મોટા ક્ષેત્રિય અધિકારીઓને હુમલાખોરોના હૂમલાથી બચાવી એમના ઉપર એનું પ્રભુત્વ સ્થાપિત કર્યું. ત્યાર બાદ એણે પોતાના રાજયની સીમામાં ક્રમશઃ વધારો કરવાના પ્રયત્નો ચાલુ રાખ્યા . એ સમયે **વિપ્ર લોકોનો મુખી વામન** નામનો વ્યકિત હતો. એનાથી આ વાત સહન ન થઈ. એટલા માટે એણે બલી (બળી) નું રાજય એકાએક યુધ્ધ કરીને મેળવી લેવાય એવા આશયથી છાનામાના ખૂબ મોટું સૈન્ય તૈયાર કર્યું. અને તે વીજળી વેગે બલીના રાજયની સરહદ ઉપર આવી પહોંચ્યો. **વામન અત્યંત લોભી, સાહસી અને હઠીલો હતો.**

ભાગ-૬

બલીરાજા જોતિબા મરાઠા, ખંડોબા, મહાસુભા, નૌ ખડેનો ન્યાયી ભૈરોબા, ભરાડી, સાત આશ્રયિત, તબીયું ભરવું. રવિવારને પવિત્ર માનવો, વામન પક્ષ સામેલ કરવો, વિંધ્યાવાલી ધટ વસાવવો, બલી રાજાનું મૃત્યુ, સતી જાના, અરાધી લોકો શિલાંગણ, ચોખાના દાણાનો બલી, બીજા બલી રાજાના જન્મવાનું ભવિષ્ય બાણાસુર, કુજાગિરિ, વામનનું મૃત્યુ, હોળીવીર કાઢયું, બલી પ્રતિપ્રદા, ભાઈ બીજ વગેરે વિશે

ધોંઃ- ત્યાર બાદ બલી રાજાએ શું કર્યું ?

જોઃ- બલી રાજાએ પોતાના રાજયોના દરેક સરદારોની તરફ અને એના આશ્રયે રહેતા ક્ષેત્રપતિ તરફ સંદેશ સવારો મોકલ્યા અને એ બધાને કોઈ પણ બહાનું ન કાઢતાં પોતાનું સૈન્ય લઈને ત્વરીત એની મદદે આવી જાય એવી સખત ચેતાવની આપી.

ધોંઃ- આ દેશમાં બલીના (કબજામાં) કેટલાં ક્ષેત્રો હતાં?

જોઃ- આ દેશમાં બલીના કબજામાં વિવિધ જગ્યાએ વિવિધ સ્થળો હતાં. એના સિવાય પણ સિંહલદ્વીપની આજુબાજુના અનેક નાના નાના ટાપુઓ હતા એવું અનુમાન લગાવી શકાય છે. કારણકે ત્યાં બલી નામનો એક દ્વીપ (બેટ) પણ છે. આ દેશમાં દક્ષિણ કોલ્હાપુરથી પશ્ચિમ તરફ બલીના કબજામાં કોંકણ તથા માવળાના મહારાષ્ટ્રમાં પુનાની આજુબાજુનો પ્રદેશ પણ અમુક ક્ષેત્રો હતા. એની દેખરેખમાં **જોતિબા** નામનો અધિકારી હતો. એનું રહેવાનું મુખ્ય સ્થળ કોલ્હાપૂરની ઊતરે રત્નાગિરી નામનો પર્વત છે ત્યાં અને એજ પ્રકારે દક્ષિણમાં જે અન્ય ક્ષેત્રો બલીના કબજામાં હતાં એને **મહારાષ્ટ્ર** કહેવામાં આવતું હતું અને એ ક્ષેત્રમાં રહેવાવાળા લોકોને મહારાષ્ટ્રી કહેવામાં આવતા હતા, એનું જ અપભ્રંશ મરાઠે છે. આ મહારાષ્ટ્ર પ્રદેશ ઘણો જ વિશાળ હોવાના કારણે બલીરાજાએ એના નવખંડો બનાવ્યા હતા. અને એના કારણે પ્રત્યેક ખંડની દેખરેખ રાખવા-વાળા અધિકારીનું નામ ખંડોબા પડયું હતું એવી જાણકારી પ્રાપ્ત છે. અને એની યોગ્યતા પ્રમાણે એના હાથ નીચે એક અથવા બે પ્રધાનો પણ નિમવામાં આવતા હતાં. એ જ પ્રકારે દરેક ખંડોબાના આધિપત્યમાં ઘણા બધા મહેલો પણ રહેતા હતા. એક **જેજોરીનો ખંડોબા મહારાષ્ટ્રનું એક પ્રસિધ્ધ દેવસ્થાન પૂનાથી અગની દિશામાં ૩૦ માઈલ દૂર હતો.** એ પોતાની આજુબાજુના ક્ષેત્રપતિઓના કબજામાં રહેવાવાળા મલ્લોના પરસ્પરના મતભેદનું નિવારણ કરી એમને કાબૂમાં રાખતો હતો. એના કારણે એનું નામ **મલ્અરી** પડી ગયું. અને એનો અપભ્રંશ **મલ્હારી** એવો છે. એ ન્યાયધર્મથી લડાઈ લડવાવાળા એટલો અહંકારી હતો કે એણે કયારેય પોતાના દુઃશ્મનની પીઠપર ઘા(વાર) નથી કર્યો એટલા માટે એનું નામ **માર્તોન્ડ** પડી ગયું હતું. એનો અપભ્રંશ **માર્તન્ડ** બની ગયું. એજ પ્રકારે એ ગરીબ દલિતોનો હામી પણ હતો. એ ગીત-ગાયનોનો પણ ઘણો જ શોખીન હતો, **કારણકે એના ધ્વારા શોધાયેલો એક પ્રસિધ્ધ રાગ મલ્હાર પણ છે. એ એટલો વધુ પડતો સ્વરૂપવાન હતો કે એની નિશ્રામાં મિયાં નામનો જે પ્રસિધ્ધ મુસલમાન ગવૈયો થઈ ગયો એણે પણ એક મલ્હાર રાગબનાવ્યો (મીયાં મલ્હાર).** એ સિવાય બલી રાજાએ મહારાષ્ટ્રમાં મહાસુભા અને નવખંડોના ન્યાયી એવા બે મુખ્ય અધિકારીઓ કરની વસૂલાત અને ન્યાય કરવાના કામ માટે નિમાણૂંક કરવામાં આવ્યા હતા. તેઓના હાથ નીચે બીજા પણ નોકરો હતા. એવું માલમ પડે છે કે જે તે હાલતનું સમયાનુસાર નિરીક્ષણ કરી એમને છૂટછાટો આપી બધા લોકોને ખુશ રાખતો હતો. એટલા પાટે આજકાલ મરાઠીમાં એક પણ કુટુંબ એવું નહીં મળશે કે જે પોતાના ખેતરમાં પડેલ કોઈ પથ્થરને 'મહાસુભા' એવું નામ આપી એને સિંદુર લગાવી એને ધૂપ આપી એનું નામ લીધા વિના હળ ચલાવે, ખેતરના પાકો લણે અથવા પાક એકઠો કરશે. આ પ્રમાણે બલી રાજાનું સુભા (પ્રતિક) બનાવી કર વસૂલ કરવાની રીત યવન લોકોએ અપનાવી

હશે, એવું અનુમાન લગાવી શકાય છે કારણકે ત્યારે ફકત યવન જ નહીં પરંતુ મીસર દેશના પણ કેટલાયે વિદ્વાન લોકો અહીં આવીને જ્ઞાન પ્રાપ્ત કરતા હતા એવા પૂરાવાઓ મળે છે. ત્રીજી વાત એ છે કે અયોધ્યાની પાસે કાશીક્ષેત્રની નજીક અમુક ક્ષેત્ર પણ બલીરાજાના અંકુશમાં હતાં. એને દસમો ખંડ કહેવાતું હતું. ત્યાંના અધિકારીનું નામ **કાલભૈરી** હતું. એજ પ્રકારે એ પહેલાં થોડા સમય માટે એ અધિકારી કાશી શહેરનો કોટવાળ પણ રહી ચૂકયો હશે. **એમ જાણકારી મળે છે કે એ ગાયનકળામાં એટલો નિપૂણ હતો કે એણે એક સ્વતંત્ર રાગનીરચના પણ કરી હતી અને એ ભૈરવ રાગથી તાનસેન જેવા પ્રખ્યાત ગવૈયા પણ ગભરાતા હતા એણે એની કલ્પનાથી ડોર નામનું એક વાદ્ય પણ બનાવ્યું હતું.** એ ડોર વાદ્યની રચના એટલી વિલક્ષાણ છે કે એના તાલસૂરમાં સૂર મેળવવા માટે પ્રખ્યાત ગવૈયાઓ પણ ડરતા હતા. એ વાદ્ય ની મૃદંગ તબલાં વગેરે પણ બરાબરી ન કરી શકતાં પણ એ વાધેની ઉપેક્ષાને કારણે એને એટલી પ્રસિધ્ધિ પ્રાપ્ત ન થઈ શકી. એના સેવકોને **ભૈરવાડી** કહેવામાં આવતાં હતા. એનું અપભ્રંશ ભરાડી બની ગયું. આથી એમ લાગે છે કે બલી રાજાનું રાજય આ દેશમાં આજપાલ એટલે કે દશરથનો બાપ એવા ક્ષેત્રપતિ કરતાં પણ ખૂબ મોટું હતું એટલા માટે બધા ક્ષેત્રપતિઓ એનું (બલીનું) કહયું માનતા હતા, એટલું જ નહીં, એમનામાંથી સાત ક્ષેત્રપતિ તો બલીને ખંડાણી આપી એના આશ્રયે રહેતા હતા. એના ઉપરથી એનુ નામ સાત આશ્રયિ પડી ગયું હતું. ઉપર જાણાવવમાં આવેલ બધાં કારાણોને લીધે બલી રાજાનું રાજય ખૂબ જ વિશાળ હતું અને કહેવાત પણ પડી છે કે બલી તેજ કે કાનપીલી. બલીરાજા જયારે પોતાના કોઈ સરદારને કામ સોંપતો મતો, ત્યારે એ દરબાર ભરી ત્યાં એક થાળીમાં ગુલાલ અને નાળીયેરની સાથે એક પાનનું બીડું રાખતો હતો અને એમ કહેતો કે જે કોઈમાં આ કાર્ય પૂરૂં કરવાની ત્રૈવડ હોય એ આ બીડું ઝડપે ! આમ કરવાના કારણે એ પૂરૂં કરવાની હિંમત આવતી હતી અને એ વ્યકિત હર હર મહાવીરના સોગંદ લઈ, એ થાળી માનું ગુલાલ પોતાને માથે લગાડી નાળીયેર સાથે પાનનું બીડું ઉઠાવી એને પોતાને માથે અડાડતાં પોતાના ખોળામાં લઈ લેતો. આવા વીર પુરુષોને બલી રાજા અઘરાં કામ સોંપ્યા કરતો હતો. ત્યાર બાદ પેલો **વિર પુરુષ બલી રાજાની આજ્ઞા લઈ પોતાના સૈન્ય સાથે તલ ઉઠાવી (થાળી ઉઠાવી) શત્રૂ ઉપર ચઢાઈ કરતો હતો. એટલા માટે આ સંસ્કારને તલ ઊઠાવવા એવું નામ પડયું હશે. એનું જ અપભ્રંશ તલી ઉઠાવવું એવો બની ગયો, પરંતુ બલીના બધા મહાવીરમાંથી ભૈરોબા, જોતીબા અને નૌખંડોબા એ પ્રજાજનોની સુખશાંતી માટે સમર્પિત રહેવા માટે સંપૂર્ણ પ્રયત્નો કરતા હતા એના કારણે બધું મળીને મરાઠાઓએ દરેક શુભ કાર્યની શરૂઆત કરવાના પહેલાં તલી ઉઠાવવી (થાળી ઉઠાવ) ના રિવાજને નહીં છોડયો. એમણે એ રિવાજમાં બહિરોબા (ભૈરોબા)**

જોતિબા અને ખંડોબાને દૈવત માની એમના નામો લઈ તેઓ થાળી ઉઠાવવા લાગ્યા. તેઓ એમ કહેતા હતા કે "હર હર મહાદેવ બહિરોબા અથવા જોતિબાનું (ચાંગ) ભલા સદાનંદનો ઉદય અને મલ્લુખાન વિશે ગર્વ" એટલું જ નહીં, બલીરાજા પોતાના સર્વ પ્રજાજનો સાથે હર હર મહાદેવના નામથી રવિવારના દિવસે પવિત્રતા પાળતો હતો. એના ઉપરથી જ વર્તમાન મરાઠા એટલે કે માંગ મહાર કણબી (કુર્મી) માળી વગેરે લોકો પ્રત્યેક રવિવારે કૂળદેવતાની પ્રતિમા ઉપર પાણી રેડી સૂકી અથવા ઘીવાળી રોટલીનો નૈવદ્ય ચઢાવ્યા વિના તેઓ એમની જીભ ઉપર પાણીનું એક ટીપું પણ મૂકતા ન હતા.

ધોં:- વામને બલી રાજાના રાજ્યની સરહદ ઉપર આવી શું કર્યું ?

જો:- વામને પોતાના બધા જ સૈન્ય સાથે અચાનક બલીના રાજ્યમાં ઘૂસી જઈ પ્રજાનોને હેરાન કરવાના ઈરાદે એ બલીની મુખ્ય રાજધાની સુધી આવી પહોંચયો. એના કારણે બલીનું પોતાના બધાં જ ક્ષેત્રોમાંથી મદદે આવવાવાળું સૈન્ય ત્યાં પહોંચવા પહેલાં જ વિવશ થઈ પોતાના સૈન્યને સાથે લઈ વામન સાથે યુધ્ધની શરૂઆત કરવી પડી. એની વિગત નીચે પ્રમાણે છે.

બલી ભાદરવા વદ ૧ એકમથી લઈ ને વદ ૩૦ (અમાસ) સુધી દરેક દિવસે વામન સાથે યુધ્ધ કરી સાંજે પોતાના મહેલમાં વિશ્રામ કરવા માટે પાછો ફરતો હતો. આના ઉપરથી બંન્ને પક્ષના લોકો એ બે અઠવાડીયામાં પરસ્પર યુધ્ધ કરતાં મરી ગયા. એમની મૃત્યુ તિથી ધ્યાનમાં રાખવામાં આવી. એટલા માટે દર વર્ષે ભાદરવા મહિનાના એ ગાળામાં પક્ષ નાખવાની પ્રથા પડી ગઈ, એવું અનુમાન નિકળે છે. ત્યાર બાદ આસો સુદ એકમ થી લઈને સુદ આઠમ સુધી બલી રાજા વામનની સાથે યુધ્ધ કરલામાં એટલો ગૂંથાયેલો રહયો કે એને કોઈ વાતનો ખયાલ ન રહેતાં તે પોતાના મહેલમાં પણ આરામ કરલા માટે આવ્યો નહીં. બીજી તરફ બલીરાજાની વિંધ્યાવલી નામની રાણી પોતાના પસંદ કરેલા સેવાભાવી (હિજડા) સેવક દ્વારા એક મોટો ખાડો ખોદાવી એમાં સળગાવવા જેવાં લાકડાં નાખી એ ખાડા પાસે જ આઠ રાત અને આઠ દિવસ સુધી અન્નજળ ન લેતાં પોતાની સામે એક માટીનો ધડો રાખી પોતાના પતિનો વિજય થઈ વામન થકી યાતનાઓ દૂર થાય એના માટે હર હર મહાવીરની પ્રાર્થના કરવાના નિર્ધારપૂર્વક બેઠી હતી. એટલામાં જ આસો સુદ આઠમની રાત્રે બલી રાજાના રણમાં મૃત્યુના સમાચાર એની પાસે પહોંચતા જ એણે એ ખાડામાં રાખેલ લાકડાંઓમાં અગ્ની સળગાવી એમાં કૂદી પડીને સળગી મરી. એ દિવસથી સતી થવાની પ્રથાની શરૂઆત થઈ ગઈ હશે, એવું અનુમાન લગાવી શકાય છે. જયારે એ વિંધ્યાવલી પોતાના પતિના વિયોગે અગ્નીમાં કૂદી પડી સતી થઈ ગઈ ત્યારે એની સેવામાં રહેલ મહિલાઓ એ અને નપુંશક (હિજડા) સેવકોએ પોતાના શરીર ઉપરના

વસ્ત્રો ફાડી નાખ્યાં અને સળગાવી દીધાં અને તેમણે છાતી કૂટી તાળીઓ વગાડી, પોતાની રાણીના ગુણ ગૌરવને યાદ કરીને એ ખાડાની ફરતે ફરીને શોક વ્યકત કર્યો. આ દર્દનાક પ્રસંગને ભૂલાવી દઈ શકાય એટલા માટે વિપ્ર લોકોના નિર્દયી ગ્રંથકારોએ બાદમાં તક જોઈને એ ખાડાને હોમ માં પરિવર્તીત કરી એના વિશે અનેક બીજી જૂઠી કાલ્પનિક વાતોની રચના કરીને એને એમના ગ્રંથમાં લખીને રાખીં. બીજી તરફ બલીના રણભૂમીમાં મૃત્યુ બાદ બાણાસૂરે વાહનની સાથે એક આખો દિવસ બરાબંર સામનો કરી લડાઈ લડી. ત્યાર બાદ એ આસો સુદ મોહની રાત્રે બાકીનું સૈન્ય લઈ ગયો આના કારણે વામન એટલો મદમસ્ત થઈ ગયો કે બલી રાજાની રાજધાની માં કોઈ પણ પુરુષ ઉપસ્થિત નથી, એવો લાગ જોઈને એણે પોતાનું બધું સૈન્ય લઈને આસો સુદ દશમ (૧૦) ના દિવસે વહેલી સવારે એ નગરમાં પ્રવેશ કરતાં ત્યાંના બધાં ઘરોના (આગણામાનું) સોનું લૂટયું એનુ જ અપભ્રંશ 'શિલાંગણનું સોનું' લૂટવું એવુ પડી ગયું. ત્યાર બાદ વામન તરત જ પોતાના ઘરે પાછો વળી ગયો. જયારે ઘરમાં પ્રવેશ કરતી વખતે, એની પત્નીએ લોટનો એક બલી (પ્રતિક) બનાવી મજાક કરલા માટે ઘરમાં રાખ્યો હતો, એ તેણીએ દરવાજેઉંબર ઉપર મૂકી દીધો અને કહયું કે બલી ફરીથી યુધ્ધ કરવા માટે આવ્યો છે. ત્યારે વામને એ કણકના લોટના બનાવેલ બલીને લાત મારી ઘરમાં પ્રવેશ કર્યો. એ દિવસથી આજ સુધી વિપ્રોના અનેક કૂળો પ્રતિવર્ષ આસો મહિનાના વિજયાદશમીના દિવસે સ્ત્રીઓ (વિપ્ર) કણકનો અથવા ચોખાનો બલી બનાવી દરવાજા ઉપર મૂકે છે. અને તેઓ પોતાના ડાબો પગ એની છાતી ઉપર મૂકતાં આપટા (આસુંદરો) ઝાડની ડાળખી વડે તેનું પેટ ચીરી એને ખસેડયા બાદ ઘરમાં પ્રવેશ કરે છે.એવો રિવાજ હજી પણ જોવા મળે છે. એજ રીતે બાણાસૂરના લોકો આસો સુદ દશમને દિવસે રાત્રે પોતાના ઘરે પહોંચ્યા, ત્યારે એમની પત્નિઓએ ભવિષ્યમાં અન્ય બલી આવીને દેવોના રાજયની સ્થાપના કરશે, એવું ભવિષ્ય જાણીને તેઓ પોતાના દરવાજા પર આવીને ઊભી રહી અને પોતાના પતિઓની આરતી ઉતારતાં એમણે કહયું કે "અલા બલા (દ્વિજોનો અધિકાર મટી) જાય અને બલીનું રાજય આવે" એ દિવસથી આજ સુધી સેંકડો વર્ષો વિતી ગયાં. માટે બલીના રાજયના અનેક ભાગોમાં ક્ષેત્રિયવંશની સ્ત્રીઓ દર વર્ષે આસો સુદ દશમના દિવસે સાંજના સમયે પોતાના ધણી તથા પુત્રોની આરતી ઉતારતાં ભવિષ્યમાં બલીનું રાજય આવે એવી ઈચ્છા વ્યકત કરે છે. એના ઉપરથી અનુમાન લગાવી શકાય છે કે તે આવનાર બલીરાજા કેટલો ઉત્તમ હશે. ધન્ય છે એ બલી રાજા અને ધન્ય છે

એમની રાજનિષ્ઠા નહીં તો આજના હિન્દૂ લોકોને ઇંગ્લિશ લોકોએ પ્રસન્ન થઈ એમને મોટાં મોટાં પદો મળે એટલા માટે રાણી (અંગ્રેજ) ના જન્મદિવસે સર્વ કામોમાં ઉન્નતિ માટે લાંબા લચક ભાષણો આપે છે અને એનાથી ઉલટું આચરણ સમાચાર પત્રોમાં અથવા તો વાતચીત માં કરે છે.

ધોંઃ- સારૂં ! હવે એ કહો કે બલીરાજાએ બોલાવેલ સરદારો શું તેની મદદમાં બિલકુલ આવ્યા નહીં ?

જોઃ- ત્યાર બાદ અનેક નાનામોટા સરદારો પોતાના ક્ષેત્રપતિઓની સાથે પોત-પોતાનું સૈન્યને લઈ **આસો સુદ ચૌદશના દિવસે બાણાસુર** ને આવીને મળ્યા બાદ બલીના રાજયના બધા વિપ્ર પોતાના જીવ બચાવી વામન પાસે ભાગી ગયા એના કારણે વામનના મનમાં એટલો ડર પેદા થઈ ગયો એના કારણે બધા વિપ્રોને ભેગા કરી, હવે આગળ બાણાસુરથી એમનો પોતાનો બચાવ કેવી રીતે કરી શકાય એ ચર્ચા કરવા માટે **આસો સુદ પૂનમની આખી રાત જાગરણ કરી દેવતાઓની સામે આરાધના કરતાં કરતાં વિતાવી.** ત્યારબાદ એ બીજા દિવસે પોતાની પત્ની અને બાળકો સમેત બધું સૈન્ય લઈને પોતાના વતનની સરહદ ઉપર આવી બાણાસૂરની રાહ જોઈ બેસી રહયો.

ધોંઃ- ત્યારબાદ બાણાસૂરે શું કર્યું ?

જોઃ- ત્યારબાદ બાણાસૂરે વામન ઉપર અચાનક જ હૂમલો કરી એને હરાવ્યો. અને એની બધી સંપત્તિ લૂંટી લીધી. ત્યાર બાદ એણે એના બધાંજ લોકોને પોતાના રાજયની બહાર, હિમાલય પર્વત ઉપર તગેડી મૂકયા.ત્યારબાદ એણે એ પર્વતની તળેટીમાં પોતાનો ધાંમો નાંખી વામનને કણ કણ માટે વિવશ (મોહતાજ) કરી દીધો. જેના કારણે એના બધાં માણસો ભૂખથી મરવા લાગ્યાં અને એટલા માટે વામનનો અવતાર એજ ચિંતામાં ખતમ થઈ ગયો, એટલે કે વામન મરી ગયો, એના કારણે બાણાસૂરની પ્રજામાં ખૂબ ખૂશી થઈ તેઓ કહેવા લાગ્યાં કે વામન વિપ્રો માટે એક મોટી ઉપાધી (ઉપદ્રવ) હતો એનો નાશ થવાના કારણે આપણાં ક્ષ્ટો દૂર થઈ ગયાં. ત્યારથી વિપ્રોને 'ઉપાધ્યે' કહેવાની પ્રથા પડી, એવું અનુમાન નીકળે છે. સમય જતાં આ ઊપાધ્યોએ પોતાના કુટુંબના રણભૂમિમાં મરી ગયેલ સગાંવ્હાલાંના નામે ચિતા (જેને આજે હોળી કહેવાય છે) સળગાવી એમની ઉત્તરક્રિયા કરી. કારણકે આ લોકો (વિપ્રો) માં અગાઉથી જ મૃત વ્યકિતના શરીરને સળગાવવાની પ્રથા માલમ પડે છે. એજ રીતે ત્યાંના દરેક બાણાસુર સમેત ક્ષેત્રિયોએ પોતપોતાના રણભૂમિમાં મરનારાં સગાંવ્હાલાંઓના નામે ફાગણ એકાદશીના દિવસે યોધ્ધા બની હાથોમાં ઊધાડી તલવારો લઈ ખૂબ જ આનંદ પૂર્વક નાચતાં નાચતાં, એમનું સન્માન કર્યું. કારણકે ક્ષેત્રિય લોકોમાં મૃત મનુષ્યના શરીરને દફનાવવાની પ્રથા ઘણા સમય પહેલાંથી ચાલતી આવી હતી. છેવટે બાણાસૂરે એ ઉપાધ્યોની સુરક્ષાને માટે અમુક લોકોને નકકી કરી બાકીના બધા સરદારોને સાથે લઈ

પોતાની રાજધાનીમાં આવી જે આંનદાંત્સવ મનાવ્યો એનું જો અહીં વાર્ણન કરવામાં આવે તો ગ્રથંનો વિસ્તાર ઘાણોજ વધી જશે એ ભયના કારણે હું એનું ટૂંકમાં વાર્ણન કરૂં છુંએણે પોતાના બધા જ ધનની ગાણતરી કરી અને આસો વદ તેરસ (૧૩) ના દિવસે એની પૂજા કરી અને વદ ચૌદશ (૧૪) અને અમાસના દિવસે પોતાના સર્વ સરદારોને ઉત્તમ પ્રકારના ખાધપ્રદાર્થો બનાવી ઊજાણીમાં બોલાવ્યા. ત્યારબાદ કાર્તક સુદ અગિયારસના દિવસે પોતાના અનેક સરદારોને એમની યોગ્યતાનુસાર બક્ષીશ આપી એમને પોત-પોતાના ક્ષેત્રોમાં પાછા વળી જઈ પોતાના કામે ચઢી જવાનો હુકમ કર્યો. **એના કારણે ત્યાંના બધાં જ આબાલ વૃધ્ધ સ્ત્રિઓ એટલી વધુ પડતી ખુશ થઈ કે એમણે કાર્તક સુદ બારસ (૧૨) ના દિવસે પોતાના ભાઈ ભાંડૂઓને યથાશકિત ભોજન આપી એમને સંતુષ્ટ કર્યાં બાદ એમની આરતી ઉતારતાં "અલા બલા જાય ને બલીનું રાજય આવે એવી" એ (ભવિષ્યમાં) આવનાર બલીની યાદ કરી. એ વખતથી આજ સુધી દિવાળીમાં ભાઈ બીજના દિવસે ક્ષેત્રિયોની કન્યાઓ પોતાના ભાઈ, આવનાર બલી ને યાદ કર્યા સિવાય કોઈ આશિર્વાદ આપતી ન હતી પરંતુ આ ઉપાધ્યોના કૂળમાં આ પ્રકારે યાદ કરવાની પ્રથા, બિલકુલ મળતી નથી.**

ધોં:- તો પછી આદિનારાયણે બલીને પાતાળમાં મોકલવા માટે વામનનો અવતાર ધારાણ કર્યો, એ વામને ભિખારીનો સ્વાંગ રચી બલી રાજાને ફસાવ્યો અને એની પાસે ત્રાણ ડગલાં ધરતી (ભૂમિ) ની માંગાણી કરી. ત્યાર બાદ એણે ભિખારીનો સ્વાંગ છોડી એ એટલો વિકરાળ પુરુષ બની ગયો કે એણે આખી પૃથ્વી તથા આકાશ પોતાના બે ડગમાં ચાલી વ્યાપ્ત કરી લીધાં અને પછી બલી રાજાને પૂછવા રાગ્યો કે હવે ત્રીજું ડગલું કયાં મૂકૂં ? ત્યારે વિવશ થઈ બલી રાજાએ એ વિશાળ કાય રાક્ષસને જવાબ આપ્યો કે તે પોતાનું ત્રીજું પગલું એના માથા ઉપર મૂકે. પોતાનું ત્રીજું પગલું મૂકતાં જ બલીને પાતાળમાં મોકલીને પોતાનું વચન (માંગાણી) પૂરૂં કર્યું એવું એના ઉપાધ્યોએ ભાગવત વગેરે ગ્રંથોમાં લખીને રાખ્યું છે એ સમજાવશો ?

જો:- **હવે આ વાતની ચકાસણી તૂં જ વિચારીને જો, કે જયારે પેલા વિકરાળ દેહે પોતાના બે પગલાંમાં બધું મળીને આખી પૃથ્વી તથા આકાશને આવરી લીધું હોય ત્યારે એના પ્રથમ પગલે અનેકપ્રદેશ ના ગાંમડાં કચડાઈને નષ્ટ થઈ ગયાં હશે. શું એવું થયું છે ? બીજુ ડગલું આકાશમાં મૂકયું હશે, એ વખતે ખૂબ જ આલમ ડોલમ થઈ કંઈ કેટલાયે તારાઓ એકબીજા ઉપર પડી ચૂરેચૂરો થઈ ગયા હશે. ત્રીજું એવું છે કે એ વિકરાળ પોતાના બીજા ડગલાંથી સંપૂર્ણ આકાશ ઘેરી લીધુ હશે. ત્યારે એનું કમરથી ઉપરનું શરીર કયાં રહયું હશે ? કારણકે માણસનું બીજું ડગલું ધારો કે વધુ થયું તો પાગ દૂંટી સુધી જ ઉપર આકાશમાં ઉચે લઈ જઈ**

શકાઈ છે. એનાથી એવું સમજાય છે કે એની કમરથી લઈને મસ્તક સુધી આકાશ બચ્યું હશે. ત્યારે એ મૂરખે માથા ઉપર જ પોતાનું ત્રીજું ડગલું મૂકતાં વચનને પૂરું કરવાને બદલે એણે ફકત દગાબાજી કરી પોતાનું ત્રીજું પગલું બલી રાજાના માથા ઉપર મૂકતાં, એને પાતાળમાં મોકલી દીધો આમ કેવી રીતે શકય બન્યું ?

ધોં:- શું આ વિકરાળ શરીરવાળો આદિનારાયણનો અવતાર છે ? અને આવી સીધી સ્પષ્ટ દગાબાજી કેવી રીતે કરી ? આવા જૂઠા-લબાડને આદિનારાયણનો અવતાર કહેવાવાળા ગ્રંથકારોને ધિક્કાર છે. કારણકે એમના જ લેખોમાં વામન કપટી દગાબાજી અને કૃતઘ્ન હતો એવું સાબિત થાય છે. કારણકે એણે પોતાને દાન આપનાર (બલી)ને પાતાળમાં મોકલી દીધો.

જો:- ચોથી વાત એમ છે કે જયારે પેલા વિકરાળ શરીર ઉપર આકાશની પણ પેલે પાર સ્વર્ગમાં ઉંચે ગયો હશે, ત્યારે એણે ત્યાંથી બલીને ખૂબ જોર જોરથી બૂમ મારીને પૂછયું હશે કે, હવે જો મારાં બે ડગલાંમાં જ સંપૂર્ણ પૃથ્વી અને આકાશ સમાય ગયું ત્યારે હું મારૂં ત્રીજું ડગલું કયાં મૂકી તારૂં વચન પૂરૂં કરૂં ? કારણકે આકાશમાં ઉપર ગયેલ એનું મ્હોં (મુખ) અને પૃથ્વી ઉપર ઉભેલ બલી રાજા એ બંન્ને વચ્ચે અનંત કોષોનું અંતર થઈ ગયું હશે. અને એની વચ્ચે રશિયન ફ્રેંચ, ઈંગ્લીશ અને અમેરીકન વગેરે લોકોમાંથી એક પણ માણસને એ બે વચ્ચે થયેલ વાતચીતનો એક પણ શબ્દ (અંશ) સંભળાયો નહીં હોય એવું કેવી રીતે બન્યું ? અને એજ રીતે પૃથ્વીના માનવ બલીરાજાએ એને જવાબ આપ્યો કે તું તારૂં ત્રીજું ડગલું મારા મસ્તક ઉપર મૂક એ વાત (બલીની) પણ એને કેવી રીતે સંભળાઈ હશે ? કારણકે બલી એની જેમ વિચિત્ર પ્રાણી ન હતો. પાંચમી વાત એ છે કે પેલા અમાનવના વજનને કારણે પૃથ્વી પાતાળમાં ગઈ એ પણ ખૂબ જ આશ્ચર્યકારક વાત છે.

ધોં:- નહીં તો આપણને આ દિવસ કેવી રીતે જોવા મળી શકતે. કારણ કે પેલો અમાનવ શું શું ખાઈને પોતે જીવિત રહયો હશે. એટલું જ નહીં પણ જયારે એ મરી ગયો હશે ત્યારે એનું એ વિકરાળ શરીર સ્મશાન ઘાટ ઉપર લઈ જવા માટે ખાંધ મારવાવાળા ચાર લોકો પણ કયાંથી મળ્યા હશે. અને જો એમ ન થયું હોય અને ત્યાં જ સળગાવ્યો હોય, એવું માની લેવામાં આવે તો એને સળગાવવા માટે જરૂરી લાકડાં અને છાણાં કયાંથી મળ્યાં હશે ? ચાલો એમ માની લઈએ કે એને સળગાવવા માટે લાકડાં ન મળી શકયાં હોય તો એવું કહી શકાય કે શું એને કાગડા-કૂતરાએ ખાઈને પૂરો કર્યો ? ટૂંકમાં ભાગવત વગેરે બધા જ ગ્રંથોમાં જો આ ઉદ્‌ભવેલ શંકાઓનું નિવારણ નથી થયું, ત્યારે આ ઉપાધ્યોએ તક જોઈને બધી જ મૂળ દંતકથાઓ વડે બધા જૂઠા ગ્રંથની રચના કરી હશે. એવું સાબિત

થાય છે.

જો:- અરે ભાઈ ! તું એકવાર એ ભાગવત ગ્રંથને વાંચી લે પછી એની કૂટિલતા તને સમજાશે.

ભાગ-૭

બ્રહ્માની તાડપત્રી ઉપર લખવાની પ્રથા, જાદૂમંતર સંસ્કૃતનું મૂળ, અટક નદીને પાર કરીને જવાની મનાઈ, અગાઉ ઘોડા વગેરે જાનવરોનું માંસ બ્રાહ્મણો,ખાતા, ભટ, રાક્ષશ, યજ્ઞ, બાણાસૂરનું મૃત્યું, પરબારી, સુતરના દડાનું ચિહન બીજમંત્ર, મહાર, શૂદ્ર, કુલકર્ણી, કુલબા, કુણબીન શૂદ્રોનોં પહેરવેશ, અસ્પૃશ્યતા અને ધર્મશાસ્ત્ર મનું, ભટ પંતુજીનું શિક્ષણ, ખૂબ જ ભયંકર પરિણામ,પ્રજાપતિનું મૃત્યુ અને બ્રાહ્મણ વગેરેના વિશે

ધોં:- વામનના મર્યા બાદ ઉપાધ્યોનો નાયક (વડો) કોણ હતો ?

જો:- એ વખતે કોઈ મહાન, ખાનદાન નાયક નિમાણૂંક કરવા માટે સમય નહીં મળ્યો એટલા માટે બ્રહ્મા નામનો એક ચતુર મુનશી (લખનાર) હતો, એ શાશન ધૂરા સંભાળી કારોબાર ચલાવવા લાગ્યો. એ ખૂબ જ લૂચ્ચો અને સમય પ્રમાણે વર્તન કરી પોતાનો જ સ્વાર્થ જોવા-વાળો હતો. એની વાતો ઉપર જરા પણ વિશ્વાસ મૂકવા યોગ્ય ન હતો. એટલા માટે એને ચાર મોઢાંવાળો (ચાતરો) બ્રહ્મા કહેવાનો પ્રચાર થઈ ગયો. **ટૂંકમાં એ અત્યંત નિપૂણ હઠીલો, લૂચ્ચો, સાહસિક અને નિર્દયી વ્યકિત હતો.**

ધોં:- બ્રહ્માએ સૌથી પહેલાં શું કર્યું ?

જો:- બ્રહ્માએ પ્રથમ તાડપત્રોને છોલી અને એની ઉપર કિત્તા વડે લખવાની યુકિત શોધી કાઢી અને એ જે પણ ઈરાની જાદુમંત્ર અને જે કંઈ પણ દંતકથાઓ જાણતો હતો એમાંથી અનેક વાર્તાઓનો સમાવેશ કરી એણે એ સમયે સબંકૃત (જેનું અપભ્રંશ સંસ્કૃત છે) ભાષામાં જે રીતે અત્યારે ફારસી ભાષાની કવિતાઓ છે, એવી નાની નાની કવિતાઓની રચના કરી એનો સાર તાડપત્રો ઉપર લખીને રાખ્યો આગળ જતાં એ તાડપત્રોની કિર્તી વધી ગઈ અને એટલા માઢે બ્રહ્માના મોટે વાર્તાઓની સાથે જાદુમંત્ર વિધા નિકળી એમ કહેવાનો રિવાજ પડી ગયો હશેઅને એ સમયે ઉપાધ્યે લોકો ભૂખથી મરી જવા લાગ્યા હશે. એટલા માટે તેઓ ઈરાનમાં ચૂપચાપ સંતાઈને પાછા ફરવા લાગ્યા ત્યારે તેઓ અટક નદી અથવા સમુદ્રને પાર કરતાં કરતાં કોઈ પણ જઈ ન શકે એવો પ્રબંધ કર્યો.

ધોં:- ત્યારે એમણે જંગલોમાં શું શું ખાઈને પોતાના જીવ બચાવ્યો ?

જો:- ત્યારે એમણે ત્યાંના ફળઝાડો ઉપરથી ફળ, પાંદળાં જમીનની નીચે દટાયેલાં કંદમૂળ

જંગલના અનેક પ્રકારના પશુપંખી, એટલું જ નહીં છેવટે એમણે પોતાની જ સવારી માટે ઉપયોગ કરવા માં આવતા ઘોડાઓને મારી એનું માંસ શેકીને ખાધું અને પોતાના જીવ બચાવ્યા. એના કારણે એમના રક્ષકો એમને ભ્રષ્ટ કહેવા લાગ્યા. **સમય જતાં રક્ષક શબ્દનો અપભ્રંશ રાક્ષસ અને ભ્રષ્ટ શબ્દનો અપભ્રશં ભટ થઈ ગયો.** ત્યાર બાદ એ ભટોએ મુશ્કેલીમાં આવી જવાના કારણે કેટલાંયે પ્રકારના પ્રાણીઓના માંસ ખાધાં અને એ કામ વિશે જયારે એમને શરમ અનુભવાવા લાગી ત્યારે એ પશુઓને ખાવાની મનાઈ કરવાના પ્રયાસ કર્યા હશે પરંતુ ત્યાં સુધીમાં તો અનેક ભટોને માંસ ખાવાની આદત પડી ગઈ હશે એટલા માટે એ આદત છૂટી ન શકી. કેટલોક સમય વિત્યા બાદ તક જોઈને આવાં નીચ કામોનો દોષ સંતાડવા માટે પશુની હત્યા કરી માંસ ખાવામાં અગાધ પુણ્ય મળે છે એટલા માટે પશુઓની હત્યા ને પશુ અશ્વમેધ યજ્ઞ વગેરે પ્રતિષ્ઠિત નામો આપી એમણે ગ્રંથોમાં લખી રાખ્યું.

ધોં:- ત્યાર બાદ બ્રહ્માએ શું કર્યું ?

જો:- સમય જતાં બલી રાજાનો પુત્ર બાણાસૂરના મર્યા બાદ એના રાજયમાં કોઈ પણ મુખી ન રહયો, જયાં જુઓ ત્યાંઅરાજકતા ફેલાઈ ગઈ અને જે જોઈએ એ માણસ જ રાજા બની એશઆરામમાં મગ્ન થઈ ગયા. એવો મોકો જોઈને એણે પોતાની સાથે પેલા બધા ભૂખ્યા ભટ પરિવારોને (જેનો અપભ્રંશ પરિવારી છે) સાથે લઈને એણે રાક્ષસો ઉપર (રક્ષકો ઉપર) અચાનક જ રાત્રે હુમલો કર્યો અને તેમને પરાજીત કર્યા. ત્યાર બાદ એણે બાણાસૂરના રાજયમાં પ્રવેશ કરવાં પહેલાં એવો વિચાર કર્યો કે સમય જતાં કોણ જાણે મારા ઉપર કોઈ સંકટ આવી મારાં સૌ લોકોની દયનિય અવસ્થા થઈ ગઈ તો ફરીથી આપણે આપણા પરિવારને એક બીજાને ઓળખી શકીએ એટલા માટે બ્રહ્માએ પોતાના પરિવારના દરેક વ્યકિત ગળામાં વણેલા સફેદ સૂતરનો (પાષ્ટિકનો) જાતિસૂચક ચિન્હ, એટલે કે જેને આજે બ્રહ્માસૂતર (જનોઈ) કહેવામાં આવે છે એ એમને પહેરાવી. અને એ દરેકને જાતિ નિર્દેશક બિજમંત્ર એટલે કે આજનો ગાયત્રીમંત્ર કહેવાય છે એ શિખવ્યો. સમય જતાં કદાચ કોઈ સંકટ એમના ઉપર આવી પડે ત્યારે એ મંત્ર ક્ષેત્રિયોને જાણાવવો નહીં એવો નિયમ બનાવ્યો એટલા માટે ભટ લોકો પોતાના પરિવારના એક બીજાને ખૂબ સરળતાથી ઓળખી શકે.

ધોં:- ત્યાર બાદ બ્રહ્માએ શું કર્યું ?

જો:- ત્યાર બાદ બ્રહ્માએ પોતાના પારિવારીક ભટોને સાથે લઈને એ બાણાસૂરના રાજયમાં ઘૂસ્યો અને એણે ત્યાંના અનેક નાના મોટા સરદારોને પરાજીત કરી વધુમાં વધુ ક્ષેત્ર (એરિયા) ઉપર પ્રભુત્વ મેળવ્યું. એણે એવું કરતાંની સાથે જ ખૂબ જ ઝનૂનથી લડવાવાડી **મહાઅરી** (એનું **વર્તમાન** અપભ્રશં **મહાર**) **ક્ષત્રિયો** સિવાયના જે લોકો એમના હાથમાં આવ્યા એમનું સર્વશ્ચ લૂંટી બધાંને ફકત સત્તાના નશામાં ચૂર થઈ ક્ષૂદ્ર લોક (જેનું અપભ્રશં શૂદ્ર

છે) માનીને પોતાના દાસ (ગુલામ) બનાવ્યા. એમાંથી કેટલાઓને એમના પોતાના ઘરોમાં સેવા ચાકરી કરવા માટે અંદરોદંર વહેંચી લીધા. બાકી બચેલા શૂદ્રોને ગામે ગામ એક એક ભટ પરિવાર (કૂળ) માં મોકલી એમની પાસે ખેતીકામ લઈ એમને ખાવા પૂરતું અનાજ એ કામની અવેજીમાં આપવાની પ્રથા પાડી. એના ઉપરથી એ મજૂરનું નામ કૂલકાર્ણી પડી ગયું. એજ રીતે એ **શૂદ્ર કૂળો (પરિવારો) ના નામ કૂલવાડી એવું પડી ગયું.** (એનો **અપભ્રશં કણબી** અથવા **કૂળંબી** છે) અને એ દાસ (સેવક) કણબીની મહિલાઓને દરેક વખતે ખેતરોમાં પૂરતી મજૂરી ન મળવાના કારણે કયારેક કયારેક ભટોના ઘરોમાં સેવા ચાકરી કરવા માટે જવું પડતું હતું. **એટલા માટે કણબણ અને દાસી એ બે શબ્દોમાં જરાપણ ફરક નથી. ઉકત લેખિત પ્રમાણના આધાર ઉપર એકત્રિત બધા ભટોએ ઉત્તરોત્તર મદાંધ થઈ શૂદ્રોને કેટલા નીચ માનવા લાગ્યા એ વિશે જો સંપૂર્ણ વિગતો લખવામાં આવે તો એવો તો એનો એક સ્વતંત્ર ગ્રંથ બની જાય.** એટલા ભયના કારણે અમુક અમુક વાતો મળે છે એને અહીં સંક્ષેપમાં જણાવું છું જે નીચે પ્રમાણે છે.

ત્યારના ભટો (કે જેઓ ઝાડૂ મારવાવાળા ભંગીની જેમ અભણ કેમ ન હોય) ભૂખે મરવા લાગ્યા એના કારણે જે ન કરવું જોઈએ એવાં પણ નીચ કામ કરી પાપ-પુણ્યની ફિકર ન કરતાં, અજ્ઞાની શૂદ્રોને ફસાવવા માટે જરાપણ વિચાર કરતાં નથી. છેવટે જયારે કોઈ પણ ઉપાય કારગત ન નિવડતો ત્યારે તેઓ શૂદ્રોના ઘરે ઘરે ધર્મના નામે ભિખ માંગી કોઈ પણ રીતે પોતાનું પેટ ભરતા હતા. પરંતુ શૂદ્રોના ઘરે મજૂરી કરી એમના ખેતરોમાં કામ કરી છાણીયું ખાતરનો ટોપલો માથે ઉપાડી ઝાડને ખાતર નાખવાનું કામ કરી, જાનવારોના ખાવાના(ઘાસ) ને ગાંસડી બાંધી, અથવા રાત્રે હાથમાં લાઠી લઈ ખેતરોમાં રખેવાળી કરી ખેતરમાંના અનાજ અને શાકભાજીનો ભાર માથે ઉઠાવીને લઈ જવામાં શરમ અનુભવતા હતા. તેઓ શૂદ્રોના ઘરોમાં નોકરી કરી એમના ઘોડાની રૂંવાટી સાફ કરી ઘોડાની આગળ દોડવું, એમના જોડા હાથમાં લઈ સાચવવાં એમના ઘરોમાં ઝાડૂ મારી સાફ સફાઈ કરવી એમનો એંઠવાડો કાઢવો અને એઠાં વાસણો સાફ કરવાં એમના ઘરોમાં દિવાની સફાઈ કરી દિવા સળગાવવા, એમના ઘરોમાં કાદવકીચડ કાઢવું વગેરે કામો કરવામાં શરમ અનુભવતા હતાં. એજ રીતે ભટ સ્ત્રી શૂદ્રોની નોકરાણી બની એમના ઘરમાં ઝાડૂ મારવું, એમની (શૂદ્રોની) મહિલાઓનો પથારી પાથરવી, એમના પગ દબાવવા, એમની સ્ત્રીઓની સાડી ધોવી, એમના પગરખાં સાચવવાં એમના વાળ ઓળી આપવા એમને નવડાવવું એવાં બધાં કામો કરવામાં શરમ અનુભવતી હતી. આગળ જતાં જયારે એ મહાઅરીની પોતાના શૂદ્ર ભાઈ ભાઈ ભાંડૂઓને ભટોની કેદ (ગુલામી) માંથી મુકત કરવાના ઉદેશથી ભટો ઉપર હુમલા કરવા લાગ્યા ત્યારે બધા ભટો મળીને શૂદ્રોનો દ્વેશ કરવા લાગ્યા કે તેઓ શૂદ્રોએ અડકેલું

અનાજ જ નહીં પરંતુ પાણી પણ નહીં પીશે. તેઓએ એમને કેટલાયે શૂદ્રોએ સ્પર્શ્યા એટલા માટે અસ્પર્શીત રહેવાની પ્રથા બનાવી. સમય જતાં અનેક શૂદ્ર દ્રોહી ભટ ગ્રંથકારોએ લોકલાજ તો દૂર પણ પોતાના મનની શરમની પણ પરવા ન કરતાં મોકો જોઈને પેલી અસ્પર્શીત રહેવાની પ્રથાના મહત્વને એટલું વધારી દીધું કે જો કોઈ ભટને કોઈ શૂદ્રનો સ્પર્શ થઈ જાય તો એ અપવિત્ર થઈ જાય છે એમ કહેવાવાળા ધર્મશાસ્ત્રોની અને અપવિત્ર પુસ્તકો એમણે રચીને રાખ્યાં અને સમય જતાં થોડા વખત પછી શૂદ્રોને એમના શ્રેષ્ઠ પૂર્વજોની યાદ આવી કે તેઓ એમની છાતી ઉપર નાચવાનું બાકી નહીં રાખે (બદલો જરૂર લેશે)એવા ડરથી શૂદ્રોને બિલકુલ કોઈ જ્ઞાન ન શિખવાડવું એવાંબંધનો ફરમાવીને સંતુષ્ટ થઈ ગયા. એટલું જ નહીં પણ એમણે એમનામાંથી કોઈ પરમાર્થ સંબંધિત ગ્રંથ વાંચી રહયા હોય તો એનો એક અક્ષર પણ શૂદ્રોના કાને ન પડે એવો બંદોબસ્ત કર્યો. એ વિશે મનુસ્મૃતિમાંથીએના પૂરાવા પ્રાપ્ત થાય છે. અને એજ કારણે વર્તમાન અસ્પર્શિત ભટ , એવાં ચુસ્તઅપવિત્ર પુસ્તક શૂદ્રોની આગળ વાંચતા નથી. જોકે અત્યારે ખ્રિસ્તી કહેવાતા અંગ્રેજ સરકારના ડરથી શિક્ષણ વિભાગના ભટ (પંતુજી) શિક્ષણથી જ પેટ ભરવા ખાતર, અમે શૂદ્રોને નહીં શિખવાડીએ એમ સ્પષ્ટપણે કહેવાતું નથી એટલા ખાતર પોતાના પૂર્વજોની જૂઠી વાતોની પોલ ખાલીને શૂદ્રોને એમના વિશે સાચું જ્ઞાન આપી પોતાનું મહત્વ ઓછું નહીં કરી શકાય એટલા માટે શૂદ્રોના બાળકોને કામચલાઉ વ્યવહારિક જ્ઞાન પણ ન શિખવતાં, એમનાં મનમાં અનેક પ્રકારના અપૂર્વ દેશાભિમાન ના ઝૂઠાં તત્વો ભરી એમને પાકકા અંગ્રેજોના રાજયભકત બનાવી છેવટે શિવાજી જેવાં ધર્મભોળા ભાળા બનાવી, શૂદ્ર રાજાએ પોતાનો દેશ મલેચ્છોથી છોડાવી ગૈ (ગાય) બ્રાહ્મણોનું કેવી રીતે પાલન (રક્ષણ) કર્યું એના વિશે અનેક ઝૂઠી વાતો લખી એમને પોકળ સ્વધર્માભિમાનની બનાવીને જ છોડતા હતા. એટલા માટે શૂદ્ર સમાજની પ્રતિષ્ઠાને અનુચિત તેઓ મોટાં જોખમના કામો કરવા લાયક વિદ્વાન (જાણકાર) નથી બનતા. એના કારણે બધાં જ સરકારી ખાતાંઓમાં ભટોની જ ભીડ જ જમા થઇ ગઈ અને તેઓ શૂદ્રો ઉપર એટલા સિફતપૂર્વક જૂલમો કરતા હતા કે એના વિશે વિસ્તૃત સચ્ચાઈ જો જણાવવામાં આવે તો કલકતાના ગળી (Blue) બનાવવાવાળા અંગ્રેજ લોકોના જૂલમો પણ એટલા વિસાતમાં નહીં હશે.[1] હવે આજુબાજુ ભટોના હાથોમાં સત્તા આવવાથી (ટોપીવાળા અંગ્રેજો તો નામના જ) તેઓ ગરીબ અજ્ઞાની શૂદ્ર પ્રજાને તો છોડો પરંતુ સરકારનું પણ ખૂબ જ નુકશાન કરતા રહે છે અને હજી આગળ પણ સરકારનું નુકશાન નહીં થશે એવું કોઈ પણ કહી શકે એમ નથી. એના વિશે આપણી

બુધ્ધિશાળી સરકારને માહિતી હોવા છતાં પણ તેઓ આંધળા હોવાનો ડોળ કરી ભટોના ખાંધે હાથ મૂકીને એમની (ભટોની) જ નીતિ ઉપર ચાલતા હતા. એના કારણે છેવટે ખૂબ જ માઠાં પરિણમો આવશે એમાં શંકાને સ્થાન નથી. ટૂંકમાં બ્રહ્માએ અહીંના મૂળ ક્ષેત્રવાસી લોકોને ગુલામ બનાવ્યા બાદ તેઓ અહંકારથી એટલા ફૂલાઈ ગયા કે મહાઅરો એમના મશ્કરીમાં નામ પ્રજાપતિ પાડયાં હતાં એવો નિષ્કર્ષ નીકળે છે પરંતુ બ્રહ્માના મર્યાબાદ આર્ય લોકોનું મૂળ ભટ નામ મટીને એમનું નામ બ્રાહ્મણં પડી ગયું.

ભાગ-૮

પરશુરામ, માતૃવધ, એકવીશ આક્રમણ, દૈત્ય ખંડેરાવ દ્વારા રાવણનો આશ્રય લેવો, નૌખંડોની જાણાઈ, સાત આશ્રય મહારોના ગળામાં કાળો દોરો, અતિશૂદ્ર, અંત્યજ માંગ, ચાંડાળ, મહારોને જીવતા પગ તળે કચડી નાખવા બ્રાહ્મણોની વિધવાઓના વિવાહની મનાઈ, ક્ષત્રિય અર્ભકોની હત્યા, પરભુ- રામોશી, જીનગર વગેરે લોકો પરશુરામના પરાજયના કારણે પ્રાણ ત્યગવાના અને બાળ

ધોં:- પ્રજાપતિના મર્યા બાદ બ્રાહ્મણોનો મુખી (વડો) કોણ બની ગયો ?

જો:- પરશુરામ.

ધોં:- પરશુરામ સ્વભાવે કેવો માણસ હતો ?

જો:- પરશુરામ સ્વભાવથી જ ગુંડો સાહસિક નિર્દયી મુરખ અને નીચ હતો, એ પોતાની જન્મદાત્રી માતા રેણુકાનો શિરચ્છેદ કરવાથી પણ ગભરાયો નહીં . એ શરીરે ખૂબ જ બળવાન હતો અને તિરંદાજ પાણ હતો.

ધોં:- એના રાજમાં શું શું થયું ?

જો:- પ્રજાપતિ મર્યાના તરંત જ પછી બાકી બચેલા મહાઅરી લોકોએ બ્રાહ્મણોની કેદમાં રહેવાવાળા પોતાના ભાઈ ભાંડુઓને દાસતા (ગુલામી) માંથી મુકત કરવા માટે પરશુરામની સાથે એકવીશ (૨૧) વખત એટલી ધનઘોર લડાઈ લડી કે છેવટે એમનું દ્વેતિ નામ પડી ગયું, અને ત્યાર બાદ એ શબ્દનો અપભ્રંશ દૈત્ય બની ગયો. જયારે પરશુરામ બધાંજ મહાઅરી લોકોને હરાવી દીદા ન્યારે કંઈ કેટલાયે માણસોએ સગાંવહાલાંના પ્રદેશમાં જઈને પોતાના અંતિમ દિવસે વિતાવ્યા. જેવી રીતે જેજૂરીના ખંડેરાવે રાવણ નું શરણુ લીધું (જેજુરી પશ્ચિમ મહારાષ્ટ્રમાં એક સ્થળ છે, કે જયાં ખંડેરાવના નામે પ્રખ્યાત મંદિર છે) એજ રીતે નૌખંડોના ન્યાયી તથા સાતઆશ્રયિ એ તલકીકણમાં જઈ ત્યાં સંતાઈ ને પોતાના અંતિમ દિવસો વિતાવ્યા. આ ધટનાને કારણે બ્રાહ્મણોએ ફકત દ્વેશથી જ નૌખંડોના ન્યાયી (ન્યાય કરવાવાળા) એને સ્ત્રીનિંદષક (નિન્દાજનક નામ), નૌખંડની જનાઈ

(જાણવું ઉપરથી)અને આશ્રયોનું સાતી આસરા નામ આપ્યાં. એમના બાકી બચેલ જીવનમાં પણ મહાઅરી કે જેમને પરશુરામે રણભૂમિમાં કેદ પકડયા, તેઓ ફરી પાછા આક્રમણ ન કરી શકે એટલા માટે એ સૌના ગળામાં પરશુરામે કાળા દોરા બાંધી એમને એમના શૂદ્ર ભાઈઓને પણ સ્પર્શ ન કરી શકે એવી મનાઈ ફરમાવી. ત્યાર બાદ પરશુરામે પેલા મહાઅરો ક્ષત્રિયોને અતિશૂદ્ર મહાર, અંત્યજ, માંગ. ચાંડાળ એમ કહેવામાં આવે એવો પ્રચાર કરીને એમને એટલાં બધાં કષ્ટો (યાતનાઓ) આપવાની પ્રથા પાડી દીધી કે એની સરખામણીમાં અન્ય ઉદાહરણો નહીં મળી શકે દાખલા તરીકે **આ નિર્દય માણસે મહાર-માંગ (મહારાષ્ટ્રની બે મુખ્ય અસ્પૃશ્ય જાતિએ) લોકોને બદલાની ભાવનાથી પોતાની મોટી મોટી ઈમારતોના પાયા નીચે એમને સ્ત્રઓની સાથે ઉભા રાખી અને તેઆ બૂમાબૂમ કરે અને એમના ઉપર કોઈને પણ દયા આવી જાય એવું વિચારી એમના મોઢામાં તેલ અને સિંદૂર નાખી એમને એ પાયામાં જીવતા ચણી દેવાની પ્રથા પાડી અને એ ક્રૂર પ્રથા જેમ જેમ મૂસલમાનોનો પ્રભાવ વધવા લાગ્યો ત્યારે આપમેળે જ અટકી ગઈ, પરંતુ આ તરફ મહાઅરો લોકોની સાથે લડતાં લડતાં પરશુરામના એટલા બધા માણસો મરી ગયા કે બ્રાહ્મણો (પુરુષો) કરતાં બ્રાહ્મણ વિધવાઓની સંખ્યા વધી ગઈ અને એમની સારી રીતે કેવી વ્યવસ્થા કરી શકાય એ વાતની મુશ્કેલી ઉત્પન્ન થઈ** છેવટે બ્રાહ્મણ મહિલાઓના પુનઃવિવાહ બંધ કર્યા. ત્યારે કંઈક અંશે આ મુશ્કેલીનું નિવારણ થયું. પરશુરામ પોતાના બ્રાહ્મણબંધુઓની હત્યાથી એટલો ક્રોધિત થયો કે એણે બાણાસુરના રાજયમાંથી બધું મળીને દરેક ક્ષેત્રિઓનું સમૂળગો વંશનાશ કરવાના હેતુથી છેવટે એ બધા મહાઅરોં ક્ષેત્રિઓની નિરાશ્રિત ગર્ભવતી વિધવા સ્ત્રીઓ કે જેઓ ભયના કારણે સંતાઈને રહેતી હતી, એમની કૂખમાં ઉછરતા ગર્ભને જન્મતાંની સાથે જ હત્યા કરવા માટે એમને પકડી લાવવાની ખતરનાક યોજના ચલાવી. એ ખતરનાક યોજનામાં સૌભાગ્યવશ જે બાળકો બચી ગયાં, તેમના દ્વારા ઉત્પન્ન અમુક પરિવારો આજે પરભુ લોકોના સમાજમાં મળે છે. એજ રીતે પરશુરામની આ ખતરનાક યોજનામાં <u>રામોશી જીનગર તુમડીવાળા</u> અને <u>કુંભાર</u> વગેરે આદિજાતિના લોકોનો સમાવેશ હશે, કારણકે અનેક રીત રિવાજોમાં એમના રિવાજોનું શૂદ્ર લોકોના રિવાજ સાથે સામ્ય હોય છે. ટુંકમાં કહીએ તો હિરણ્યાક્ષથી લઈને બલી રાજાના પુત્ર સુધી આ બધાં ખાનદાનોને નિર્વંશ થઈ જાય ત્યાં સુધી એમના લોકોનો નાશ કરી એમનું નામો નિશાન મટાવી દીધું. આના કારણે બ્રાહ્મણ લોકો જાદૂવિધામાં ખૂબ જ પારંગત છે, એવી માન્યતાને કારણે અન્ય ક્ષેત્રિપતિઓ એમના થી ડરવા લાગ્યા. પરંતુ બીજી તરફ પરશુરામની મુર્ખાઈને કારણે પેલી ખતરનાક યોજનામાં બ્રાહ્મણોની ખૂબ જ નામોશી થઈ ગઈ. એના કારણે બધા બ્રાહ્મણ લોકો ભરી સભામાં એના (પરશુરામ) નામથી

શોરબકોર કરવા લાગ્યા. પરંતુ એટલામાં જ અહીંના એક ક્ષેત્રિપતિના રામચંદ્ર નામના પુત્રે પરશુરામનું ધનુષ્ય જનક રાજાના ઘરમાં તોડી નાખવાના કારણે પરશુરામે એના વિશે પોતાના મનમાં દ્વેશ ભાવના રાખી અને જ્યારે રામચંદ્ર જાનકીને પોતાની સાથે લઈને જઈ રહયો હતો, એ તક જોઈને એને રસ્તામાં જ પકડી લઈ એની સાથે યુધ્ધ કર્યું. પરંતુ એમાં પરશુરામની હાર થઈ ગઈ અને એ એટલો નિરાશ થઈ ગયો કે એણે પોતાના સંપૂર્ણ રાજ્યનો ત્યાગ કર્યો અને પોતાના પરિવારના તથા બીજા અમુક લોકોને સાથે લઈને એ તલકીંકણમાં જઈને રહેવા લાગ્યો. છેવટે ત્યાં પોતાના દુષ્ટ કર્મો ઉપર પશ્ચાતાપ થવાના કારણે એણે પોતાનો જીવ કયાં અને કેવી રીતે ત્યજી દીધો એની શોધખોળ કયારેય ન થઈ શકી.

ધોં:- પરશુરામ આદિનારાયણનો અવતાર છે, એ અમર છે પરંતુ એનું મૃત્યુ જ નથી એવું બધા બ્રાહ્મણો પોતાના ગ્રંથોનો આધાર આપીને કહે છે. પરંતુ તમે તો એમ કહો છો કે એણે આપઘાત કર્યો. એ કેવી રીતે !

જો:- **બે વર્ષ પહેલાં મેં શિવાજી ઉપર રચેલી એક કવિતા (પવાડા) ના પહેલા ભાગમાં બધા બ્રાહ્મણોને પડકાર ફેંકયો હતો કે તેઓ એમના પરશુરામને કહેણ મોકલીને એને લઈને આવે અને એના સાક્ષીઓને મારી સામે હાલના મહાર–માંગ લોકોના પૂર્વજ પરશુરામની સાથે એકવીસ (૨૧) વાર લડીને સામનો કરવાવાળા મહારઅરી ક્ષેત્રિય હતા અથવા ન હતા એ વાતનો ઈનકાર કરે. પરંતુ એમણે પરશુરામને હાજર કર્યો નહીં. એના ઉપરથી જો પરશુરામ ખરેખર આદિનારાયણનો અવતાર હોત અને અમર હોત, તો બ્રાહ્મણોએ એને કયારનો ય શોધી કાઢી ફકત મને જ નહીં પરંતુ દુનિયાના દરેક ખ્રિસ્તિ અને મુસલમાનોને પણ વિશ્વાસ અપાવ્યો હોત અને એમની માન્યતા પ્રમાણે બધા જ શૂદ્ર–અદિશૂદ્રોનો વિદ્રોહ પોતાના મંત્ર વિદ્યાના સામર્થ્ય વડે ખતમ કરવા માટે આગળ પાછળ જોયું ન હોત.**

ધોં:- મારા માનવા પ્રમાણે તમે વળી પાછું (ફરીથી) પરશુરામને નિયંત્રણ મોકલો. જો એ ખરેખર જીવિત હશે તો તમારા આમંત્રણ થી એ જરૂર આવશે. કારણકે અત્યારના બ્રાહ્મણ પોતાને, આપણે કેટલાયે વિવિધજ્ઞાની થઈ ગયા હોઈએ એમ કહીએ, પરંતુ તેઓ પરશુરામ પ્રમાણે ભ્રષ્ટ જ હશે. એ વિશે આજ સાબિતી છે. અત્યારે અનેક બ્રાહ્મણોએ શાસ્ત્રોમાં વિધીના અનુસાર કારેલાં ખાવાના છોડી દીધાં, અને તેઓ શાસ્ત્રોમાં નિશિધ્ધ ગાજર ખાવા ઉપર ભાર આપે છે.

જો:- ચાલો, એમ જ કરીને જોઈએ.

પ્રતિ,

અમર પરશુરામ ઉર્ફે આદિનારાયણાનો અવતાર મુકકામ સર્વત્ર છુટ્ટું પાડવું અરે

પરશુરામ! બ્રાહ્મણોના ગ્રંથો પ્રમાણે તૂં અમર છે તેં કડવાં કેમ ન હોય પણ કારેલાં ખાવાનો તિરસ્કાર નથી કર્યો તારે પહેલાંની માફક કોળી લોકોના મડદામાંથી નવા બ્રાહ્મણ ઉતપન્ન કરવાની જરૂર નથી કારણકે તેં અહીં જે મડદાં ઉતપન્ન કર્યાં છે એમાંથી અનેક બ્રાહ્મણો વિવિધ જ્ઞાની બની બેઠા છે. એમને તારે હજી વધારે જ્ઞાન આપવાની પણ જરૂરીયાત નહીં હોય, ફકત તું અહીં પધારી પેલા શૂદ્રોના ગાજર ખાવાના કારણે એમને ચાંદ્રાયણ પ્રાયશ્ચિત આપી એમના દ્વારા તારાં વેદમંત્રોના જાદુના સામર્થ્ય વડે પહેલાંની માફક (અત્યારે) ચમત્કાર કરી અહીં ના અંગ્રેજ, ફ્રેંચ વગેરે લોકોને બતાવ. એટલું જ પૂરતૂં થઈ જશે. તું એમ મોઢું સંતાડીને ભાગ નહીં. આ કાગળની તારીખ પછી છ (૬) મહિનાની અંદર અહીં હાજર થાય, તો હું તો શું પણ આખી દુનિયાના લોકો તૂં સર્વસાક્ષી આદિનારાયણાનો અવતાર છે, એ વાત કબૂલી તને સન્માન આપશે. જો તૂં એમ ન કરે તો અહીંના મહાર માંગ (શૂદ્ર અતિશૂદ્ર લોકો) અમારા જહસોબા (શૂદ્રોના ભગવાન મહિસાસૂર) ની પીઠ પાછળ સંતાઈને બેસવાવાળા તારા વિવિધ જ્ઞાની કહેવડાવાવાળા બ્રાહ્મણોને ખેંચી લાવીને એમની ફજેતી કરવા માટે આગળ પાછળ વિચાર કરશે નહીં અને એ રીતે આ બ્રાહ્મણોની દુર્દશા થવાના કારણે એમને વિશ્વામિત્રની માફક ભૂખ્યા રહેવાની સ્થિતિ સજાશે નહીં અને તેઓ કૂતરાંનું માંસ ખાઈને જીવિત રહેશે. એમની આવી સ્થિતિ તું ન બનાવ!

તારીખ ૧ મહિનો ઑગસ્ટ
ઈ.સ. ૧૮૭૨
પૂના – જૂનાગંજ
ઘર નં – ૫૨૯

લિ.
તારી સચ્ચાઈ (બદમાશી) જાણવાવાળા
જોતિરાવ ગોવિંદરાવ ફૂલે.

ભાગ-૯

વેદમંત્ર, જાદૂનો પ્રભાવ, મૂઠ મારવી, દેવ મૂકવો, જપ ચાર વેદ, બ્રહ્મ ધોટાળો, નારદશાહી નવા ગ્રંથો, શૂદ્રોને વિદ્યા આપવા ઉપર પ્રતિબંધ, ભાગવત અને મનુસંહિતા (મનુ સ્મૃતિ) એમાં વિરોધાભાસ વિગેરે વિશે.

ધોં:- તમે ખીંટીએ હળ ટાંગી દીધું છે (વાતને ખૂબ જ આગળ વધારી દીધી છે) તમારા કહેવા મૂજબ પરશુરામ મરી ગયો અને એની ધૂળધાણી થઈ ગઈ તો પછી ક્ષેત્રપતિઓના મન ઉપર બ્રાહ્મણોના મંત્રોનો પ્રભાવ કેવી રીતે કાયમ રહયો એ મને જાણાવો.

જો:- કારણકે એ વખતે બ્રાહ્મણ લોકો શસ્ત્ર (હથિયાર) ઉપર મંત્રોની વિધી વડે પ્રભાવ પાડી અને એને અસ્ત્ર બનાવ્યાં વિના એનો શત્રૂ ઉપર ઉપયોગ કરતા ન હતા. એમાણે જયારે

આવાં અનેક પ્રકારના પ્રયોગો કરી બાણાસૂરની પ્રજાસહિત તેના રાજકૂળનો સર્વનાશ કર્યો ત્યારે સ્વભાવિક હતું કે બધા દેવ ક્ષેત્રપતિઓના મન ઉપર બ્રાહ્મણોની વિદ્યાની ધાક જમાવી તેઓ ડરવા લાગ્યાં. દાખલા તરીકે ભૃગુ નામના ઋષિએ જ્યારે વિષ્ણુંની છાતી ઉપર લાત મારી ત્યારે (બ્રાહ્મણોના કહેવા પ્રમાણે આદિનારાયણ) વિષ્ણુંએ ઋષિના પગમાં દબાવવા લાગ્યો. હવે આ દૃષ્ટાંત ના ગર્ભમાં જે અર્થ સમાયો છે એ નિતાંત સ્વાર્થથી ભરેલો છે. આ રીતે જ્યારે સાક્ષાત આદિનારાયણ વિષ્ણુંએ પણ બ્રાહ્મણની લાત સહન કરીને ઉપરથી એની પગચંપી કરી (અત્યારે પણ એ ક્રમ ચાલુજ છે અને દરેકના જમણા હાથમાં લાલ દોરા બંધાવી સાચવી રાખવાનો રીવાજ ઠેર ઠેર જોવા મળે છે.(અનુવાદક))ત્યારે આપણે કે જે શૂદ્રો છીએ (અને એમના કહેવા અનુસાર શુદ્રપ્રાણી એમને) બ્રાહ્મણં કદાચ લાત અથવા મુકકાથી મારપીટ કરી એનો જીવ પણ લઈ લે તેમ છતાં પણ એક હરફ પણ ઉચ્ચારવો નહીં.

ધોં:- તો પછી આ દુષ્ટ લોકો પાસે જે જાદૂમંત્ર વિધા છે એ એમણે કયાંથી મેળવી હશે ?

જો:- હાલમાં આ જે દુષ્ટ લોકો પાસે મૂઠ મારવી સંમોહન કરવું એવાં બંગાલી જાદૂમંત્ર વિદ્યા છે એને વેદોમાંથી ન લેવામાં આવી હોય એમ કોઈ કહી ન શકે, કારણકે હાલમાં ખૂબ જ પરિવર્તન થઈ અને તંત્રમાં ૐ નમો, ઓં નમઃ ઓંહી દીન વગેરે વેદમંત્રોની ઘણી બધી ભેળસેળ મળે છે. બ્રાહ્મણોના મૂળ પૂર્વજોએ આ દેશમાં આવી બંગાળમાં પ્રથમ રહેઠાણ વસાવ્યા બાદ એમની જાદૂમંત્ર વિદ્યા ચારે બાજૂ ફેલાવા લાગી અને એના કારણેજ એનું નામ બંગાળી (કાળો) જાદૂ પડી ગયું હશે એમ લાગે છ. એટલું જ નહીં આર્યોના પૂર્વજો ત્યારના અભણ લોકોની સામે દેવ પણ ફેરવતા હતા. કારણકે અગાઉ આ લોકોમાં દેવ ફેરવવાવાળાને (પૂજારી)બ્રાહ્મણ કહેવામાં આવતું હતું અને તેઓ સોમરસ નામનો દારૂ પીધા બાદ એના નશામાં બડબડ કરી એમના મ્હોં વાટે માથા દેવ (ઈશ્વર) બોલી રહયા છે એમ કહી અન્ય અભણ લોકોને દગો કરતા હતા.એવું એમના જ ગાંડપણથી સાબિત થાય છે. એજ આધારે હાલના સુધરેલા જમાનામાં આજના બ્રાહ્મણો પોતાનું પેટ ભરવા માટે જપ અનુષ્ઠાન અને જાદૂમંત્ર વિધી કરીને અજ્ઞાની માળી કણબીઓ (સૈની-કુર્મી) ને દોરા પહેરાવી ફસાવે છે,પરંતુ એ અભાગીન્યા અભણ મનુષ્ય માટે એવા ઢોંગી ગારૂડી ઓની કપટ વિધાની પોલ ખુલ્લી કરવા માટે એમને સમય જ નથી મળતો કારણકે એ બધાંને આખો દિવસ ખેતરોમાં મહેનત કરી પોતાના બાળબચ્ચાંનું પાલન પોષણ કરી સરકારને કરવેરો (પટ્ટો) પૂરો કરતાં નાકે દમ આવી જાય છે.

ધોં:- **તો પછી બ્રહ્માના મોઢેથી ચાર વેદો આપોઆપ (સ્વયંભૂ) નિકળ્યા એવું અનેક બ્રાહ્મણો સેખી મારતાં કહે છે એમ કહેવામાં વિસંગતી છે.**

જો:- **આ બધું જ જૂઠું છે. કારણકે જો એમનું કહેવું સાચું માની લેવામાં આવે તો બ્રહ્માના મર્યા બાદ બ્રાહ્મણોમાંથી જ અનેક બ્રહ્મ ઋષિ અથવા દેવઋષિઓએ**

રચેલાં સુત્તો બ્રહ્માના મોઢામાંથી નિકળેલા વેદોમાં કેવી રીતે મળે છે ? એજ રીતે ચારો વેદોની રચના એક જ સમયે એક જ રચનાકારે કરી હોય એવું સાબિત થતું નથી, એવું અનેક પરોપકારી યુરોપીયન ગ્રંથકારોએ સાબિત કરી બતાવ્યું છે.

ધોં:- ભટો (બ્રાહ્મણો) એ આ <u>**બ્રહ્મધોટાળો**</u> કર્યો તો એ કયારે કર્યો ? બ્રહ્માના મર્યા બાદ અલગ અલગ બ્રહ્મઋષિઓ એ બ્રહ્મ ના લેખોના ત્રણ ભાગ (ભેદ) એટલે કે વેદો કર્યા. સમય જતાં એં ત્રણે વેદોમાં અલગ અલગ બ્રહ્મ ઋષિઓએ કેટલાયે પ્રકારનાં પરિવર્તન કરી એમને જે કંઈ પણ અગાઉની દંત કથાઓ ખબર હતી એની એજ પ્રકારે શ્લોક (સંસ્કૃત) બનાવી એમાંથી જ એક નવો ચોથો વેદ (ભેદ) તૈયાર કર્યો. એજ અરસામાં પરશુરામે બાણાસૂરની પ્રજાનું ધનોત-પનોત કરી નાખવાના કારણે બ્રાહ્મણોના વેદ મંત્ર એટલે કે જાદૂનો પ્રભાવ બીજા બધા ક્ષેત્રપતિઓ ઉપર થવો સ્વભાવિક હતું. એવી તક જોઈને **નારદ જેવા અડધો પુરુષ અને અડધી સ્ત્રી (હિજડો) એ રામચંદ્ર-રાવણ કૃષ્ણ-કંસ અને કૌરવ-પાંડવ એ બધાજ દેવના યુધ્ધો વિશે ભોળા ક્ષેત્રપતિઓના ધરે ધરે રાત દિવસ આંટાફેરા મારી, એમના (શૂદ્રોના) પત્નિ અને બાળકોની સામે કયારેક કયારેક પોતાની વિણાની તાલ તુન તુન વગાડી અને એમની સામે ધમ ધમ નાચી તાળીઓ વગાડી એમને ઉપરથી ઉપદેશ આપવાનું બહાનું બતાવી, પરંતુ અંદરથી પરસ્પર એક બીજાની એક બીજાને જૂઠી વાતો કરી એ સૌને માહોંમાંહે ઝગડા લગાવી દીધા. જેથી બ્રાહ્મણો નિશ્ચિંત થઈ ગયા અને એટલા વખતમાં બ્રાહ્મણ ગ્રંથકારોએ સૌ લોકોને સમજ ન પડે એવી રીતે બધા વેદમંત્ર જાદૂ અને એના સંબંધી કપોળલ્પિત દંત કથાઓ હતી એ સૌને ભેળસેળ કરી એમણે અનેક સ્મૃતિઓ, સંહિતા શાસ્ત્રો પુરાણો વગેરેના નવા ગ્રંથો ધરોમાં બેસીને જ રચ્યાં. એ સૌ ગ્રંથોમાં શૂદ્રોની ઉપર બ્રાહ્મણોનું વર્ચશ્વ સ્થાપિત કર્યું અને પોતાના બાપ-દાદાના સમયથી ચાલી આવેલી સિપાઈગીરીના રસ્તામાં ડંડો ઠોકી બેસાડી ધાર્મિકતાનો ખૂબ મોટો છોગો પહેરાવ્યો. આ બધું બ્રહ્મકપટપણું આગળ જતાં શૂદ્રોને સમજ નહીં પડે, એ બીકે અથવા એ ગ્રંથોમાં જેમ ઈચ્છે તેમ ફેરફાર કરી શકાય, એટલા માટે શૂદ્ર વગેરે, નીચ બનાવવામાં આવેલ લોકોને કોઈ પણ માણસ કયારેય જ્ઞાન (વિધા) ન આપે એવું મનુસંહિતા (મનુસ્મૃતિ) જેવાં અપવિત્ર (!) ગ્રંથોમાં અત્યંત પ્રબળ લેખ (નિયમો) બનાવીને લખી રહયા છે.**

ધોં:- શું ભાગવત ગ્રંથ એજ અરસામાં થયો ?

જો:- જો ભાગવત (ભાગવદ ગીતા) એજ અરસામાં લખાયું હોત તો એમાં પાછળથી જન્મ લેવાવાળા અર્જુનના પ્રપૌત્ર જન્મેજય ની વાર્તા એમાં કાયરેય આવી ન હોત.

ધોં:- તમારૂં કહેવું બરાબર છે કારણકે ભાગવતમાં એવી અનેક પુરાતન કપોળકલ્પિત દંતકથાઓ મળે છે કે એનાથી માણસાઈ હજારથણી સારી કહી શકાય. કે જેમાં બાળકો

ના મન ભ્રષ્ટ ન થઈ જાય એવી એક પણ વાત મળતી નથી.

જો:- એજ પ્રકારે મનુસંહિતા (મનુસ્મૃતિ) ભાગવતની પછી બનાવાઈ હશે, એવું સાબિત કરી શકાય છે.

ધોં:- શું ? મનુસંહિતા ભાગવતની રચના પછી બનાવી હશે એવું કેવી રીતે કહી શકાય ?

જો:- કારણકે ભાગવતમાં વશિષ્ઠે મેં હત્યા નથી કરી એવું સુદામન રાજા સમક્ષ સોગંદ લેવાની ઉપમા મનુએ પોતાના ગ્રંથના આઠમા અધ્યાયના એકસો દશ (૧૧૦) માં શ્લોકમાં કેવી રીતે આપી છે ? એજ રીતે વિશ્વામિત્રે આફતના સમયમાં કૂતરાનું માંસ ખાવા વિશે એજ ગ્રંથના ૧૦ માં અધ્યાયના ૧૦૮માં શ્લોકમાં ઉપમા કેવી રીતે આપવામાં આવી ? એના સિવાય પણ એજ ગ્રંથમાં અનેક એવી વાતો આવે છે જે સમય સાથે બંધબેસતી નથી.

ભાગ-૧૦

બીજો બલી રાજા, બ્રાહ્મણ ધર્મની ફજેતી, શંકાચાર્યનો કૃત્રિમ નાસ્તિક મત નિર્દયતા- પાકૃત ગ્રંથ કાર્ય, કર્મ જ્ઞાન માર્ગ - બાજીરાવ, મુસલમાનોને દોષ અને અમેરીકન તથા સ્કોટીશ ઉપદેશકો દ્વારા બ્રાહ્મણોનો પર્દાફાસ વગેરે વિશે.

ધોં:- હવે તો ખૂબ જ વધારે થઈ ગયું કહેવાય કારણકે તમે શિવાજી ના પોવાડા (લોકગીત) ની પ્રસ્તાવનામાં લખ્યા અનુસાર એ ભારોભાર સાબિત થઈ જાય છે કે ચાર ઘરેથી ચાર બ્રાહ્મણ ગ્રંથકારોએ મળીને ઘરના આંગણામાં ખૂબ જ લોભીમાણી રમત રમી.

જો:- પરંતુ સમય વ્યતિત થતાં જયારે એ દીન દુનિયાંનો ઉધ્ધારક, મહાપવિત્ર, સત્યજ્ઞાની અને સત્યવકતા બલીરાજા આ દુનિયામાં પેદા થયો ત્યારે એણ આપણા સૌના નિર્માણ કર્તા અને સૌનો મહાપિતા (પરમેશ્વર) એનો આશય (હેતુ)ધ્યાનમાં રાખીને એણે આપણને સૌને આપેલ સત્યમંત્ર અને પવિત્ર જ્ઞાનનો અને અધિકારોનો સૌને સમાન ઉપયોગ મળી શકે એ હેતુથી એણે ભટો (બ્રાહ્મણો) જેવા કૃત્રિમ દુષ્ટ અને મતલબી દગાખોરો, જીવ લેવા વાળાઓની ગુલામીમાંથી પોતાના દુર્બળ અને શોષિત ભાઈ-ભાંડુઓને મુકત કરાવી ઈશ્વરીય રાજયની સ્થાપના કરવાની શરૂઆત કરી, એણે પોતાની ઘરડી ડોશી ઓની ભવિષ્યવાણી પૂરી કરી, એવું સમજાય છે. અરે <u>ભાઈ મિસ્ટર ટોમસ પૈન્સ</u> જેવા મોટા મોટા વિદ્વાનો ના પૂર્વજોએ આ બલી રાજાના અનુયાયી બની પોતાના બધાં દુ:ખ દર્દો દૂર કર્યાં અને સુખી થઈ ગયા. પરંતુ છેવટે જયારે એ બલીરાજા (અહીં કદાચ મહાત્મા ફૂલેજી ઈસા મસિહા ઈશુ ખ્રિસ્તનો ઉલ્લેખ કરી રહયા છે) ને ચાર દુષ્ટ લોકોએ શૂળી ઉપર ચઢાવ્યા. ત્યારે સમગ્ર યુરોપમાં ઉથલપાથલ થઈને કરોડો લોકો એના વિચારોના અનુયાયી બની ગયા અને તેઓ પોતાને પેદા કરનારના ઉદ્દેશ મૂજબ આ પૃથ્વી ઉપર ફકત એનું જ રાજય સ્થાપિત થાય એટલા માટે રાતદિવસ પ્રયત્ન કરવા લાગ્યા.

આવા વાતાવરણની અંદર જ્યારે બધા જ દેશોમાં જરા સ્વસ્થતા આવતાં જ અહિંના અનેક બુધ્ધિશાળી શકિતશાળીઓએ એ ઘરોમાં રહેવાવાળી નાની મોટી છોકરીઓની રમતને બંધ કરાવી દીધી. એટલે કે સાંખ્યા મૂનિ જેવા વિચારી સંતપુરુષોએ અને બ્રાહ્મણોના વેદમંત્ર જાદૂની વિધા અનુસાર દેવ ફેરવી પશુજાનવરોની હત્યા કરી. **ગામના લોકોના બહાને ગાયનું માંસ ખાવાવાળા ગર્વીષ્ઠ, અભિમાની મતલબી અને દુરાચાર વગેરે દુર્ગુણયુકત બ્રાહ્મણોએ બનાવેલ ચાપલુશીથી ભરેલ કુલ બધાજ ગ્રંથો ના મુખપુષ્ટો ઉપર તેલ અને મેશ લગાવી લગભગ દરેક બ્રાહ્મણના હોશ ઠેકાણે લાવી એમને પોતાના ધર્મ પ્રમાણે આચરણ કરવાવાળા બનાવ્યા. પરંતુ એમાંથી થોડા છટકી ગયેલ (બચેલા) કૃત્રિમ બ્રાહ્મણો કર્ણાટકમાં ભાગી ગયા. અને એ લોકોમાંથી એક શંકરાચાર્ય નામનો એક પ્રકારનો તરકટી (પ્રપંચી) વિદ્યા જાણવાવાળો મહા પંડિત ઉતપન્ન થઈ ગયો.** એનાથી પોતાના બ્રાહ્મણ જાતિના લોકોના દુષ્ટ કર્મોની દરેક જગ્યાયે બદનામી અને નિંદા થઈ રહી છે અને સાથે સાથે બુધ્ધ ધર્મનો ફેલાવો પણ વધી રહયો છે, એ વાત સાંખી શકયો નહીં. એણે પોતાના લોકોના ગુજરાન ચલાવવાનું અઘરૂં થઈ ગયું હતું. **એટલા માટે જે કામોને કારણે પોતાના વેદો સહિત બધા જ ગ્રંથોનો બૌધ્ધ લોકોએ ધિકકાર કર્યો અને નકારી કાઢયો એમનામાંથી ગોમાંસ ખાવું, દારૂ (સોમરસ) પીવો વગેરે બંધ કરી, એ બધા જ ગ્રંથોમાંથી અમુક ભાગો બદલીને એ બધાનો પ્રભાવ પાડયા માટે એક નવો નાસ્તિક વિચાર (પંથ) પ્રસ્તુત કર્યો.** કે જે આજકાલ વેદાન્ત અથવા જ્ઞાનમાર્ગ કહેવાય છે. ત્યાર બાદ એણે શિવલિંગની સ્થાપના કરી અને આ દેશમાં જે તુર્કસ્તાન થી તુર્કી લોકો આવીને વસ્યા હતા, એમને હિન્દૂઓના ક્ષેત્રિય લોકોમાં સમાવેશ કરી એમની મદદથી મુસલમાન લોકોની જેમ તલવારના જોરે વૃધ્ધ લોકોને હરાવ્યા અને વળી પાછું ફરીથી જાદુમંત્ર વિદ્યાનો અને ભાગવતની કપોળકલ્પિત દંતકથાઓનો પ્રભાવ અજ્ઞાની શૂદ્રોની બુધ્ધિમાં ઠોકી બેસાડયો. આ શંકરાચાર્યની કાર્યવાહીને કારણે એના માણસોએ અનેક બુધ્ધિધર્મી લોકોનું તેલની ઘાણીમાં પીસી એમની હત્યા કરી. એમના ઉત્તમોતમ ગ્રંથો સળગાવી મૂકયા, ફકત એમાંથી એક **અમરકોશ** પોતાના ઉપયોગ માટે બચાવીને રાખ્યો. સમય જતાં જયારે એ શંકરાચાર્યના દિવાભીત (દિવસે ડરવાવાળા - નિશાચર) શિષ્યોએ આરાધ્યો (રાક્ષસો) ની જેમ દિવસે મસાલ સળગાવી ડોળીમાં બેસી ચારે બાજુ અને જાણે કોઈક સુંદર લલનાની માફક શુંગાર કરીને નાચતાં નાચતાં ફરવા લાગ્યા. **ત્યારે મુકુંદરાજ જ્ઞાનેશ્વર (આ બધા મહારાષ્ટ્રના સંતો છે) આદિરામદાસ (શિવાજીના સમયનો બ્રાહ્મણ સંત) જેવા ગલી ગલીએ બ્રાહ્મણ ગ્રંથકારો થઈ ગયા અને તેઓ બધા જ નિરૂપયોગી રહયા. પરંતુ એમાંથી કોઈ એકે પણ શૂદ્રોના ગળમાં ગુલામીની સાંકળ બાંધી હતી એને અડકયા પણ નહીં.**

કારણકે બધુંમળીને બાકીના બધાં દુષ્ટ કર્મોનો એકદમ ત્યાગ કરવાનું સાહસ થયું નહીં. એનો બીજો અર્થ એવો થયો કે પેલાં દુષ્ટ કર્મોના માર્ગ અને નાસ્તિકમાર્ગનો જ્ઞાનમાર્ગ એમ બબ્બે વિભાગો કર્યા અને એ વિષયો ઉપર થોક બંધ પોકળ પ્રાકૃત ગ્રંથો લખ્યા, અને પોતાની મતલબી જાતિ (ભટો) દ્વારા અજ્ઞાની શૂદ્રોને લૂંટીને ખાવા દિધા. પરંતુ આગળ જતાં હમેશાં રાત રાતના પણ જે નહીં કરવાં જોઈએ એવાં શરમજનક દુષ્ટ કર્મ કરી, બીજે દિવસે ઈશ્વરની પૂજા કરવાવાળા સવા પ્રહર દિવસ ચઢવા સુધી **મુસલમાનોના મ્હોં ન જોવાવાળા આભડછેટનું પાલન કરનારા બાજીરાવ (પૂનાનો પેશ્વા બ્રાહ્મણ રાજા) ના શાસનના આખરી દિવસોમાં બ્રાહ્મણોના તુન તુનનો તાલ જેમ ભૈરવ રાગ વગાડતી સમયે જેવી રીતે તાર તૂટી જાય છે એમ તૂટી ગયો અને પોતાની બહાદૂરીનો ઝંડો ચારે બાજુ ફરકાવવા માંડયો, ત્યારે એ બલી રાજા (ઈશુ ખ્રિસ્ત) ના અનુયાયી અમેરીકન તથા સ્કોટીશ ઉપદેશકોએ તેમની (પેશ્વા) સરકારની ફિકર ન કરતાં આ દેશમાં આવીને એમાણે સત્ય ઉપદેશ આપ્યો.** એ ઉપદેશોથી બધું મળીને દુષ્ટ બ્રાહ્મણોની કૃત્રિમતાના પૂરાવા બતાવી, એમણે અનેક શૂદ્રોને બ્રાહ્મણોની કપટી ગુલામીમાંથી મૂકત કરી શૂદ્રોના ગળામાંથી ગુલામીની સાંકળ તોડી નાંખી અને બ્રાહ્મણોનાગ્રંથો ઉપર અફાળી. ત્યારે બ્રાહ્મણોને પાકું સમજાય ગયું કે જયારે આ ઉપદેશ પોતાના બ્રહ્મ વિચારોનો ઉપદેશ શૂદ્રોને પરસ્પર ખબર પડી જશે એમ જાણી બલીરાજા (ઈશુ ખ્રિસ્ત) ના ઉપદેશક અને અનુયાયીઓ અંગ્રેજ સરકારને આ દેશમાંથી ભગાડી દેવામાં આવે, એટલા માટે અનેક પ્રકારની યોજનાઓ બનાવી અનેક બ્રાહ્મણોએ પોતાના પૂર્વજોની ઠગવિધાના કારનામાં વડે અજ્ઞાની શૂદ્રોને ઉપદેશ આપ્યો અને એમના મનમાં અંગ્રેજો પ્રત્યે ધૃણાભાવ પેદા કરવાનું કામ કર્યું **અને બાકી બચેલા ભટ (બ્રાહ્મણો) કોઈ કારકૂની કોઈ કંઈક અને કોઈ કંઈક એમ અનેક પ્રકારના ધંધા કરવા લાગ્યા અને એવું એક પણ સરકારી કાર્યાલય ન બચ્યું હોય કે જયાં બ્રાહ્મણો ભરતી થયા ન હોય.**

ભાગ-૧૧

પુરાણોનું વર્ણન, વિદ્રોહ વગેરે પરિણામ શૂદ્ર સંસ્થાનિક કુલકર્ણી, સરસ્વતિની પ્રાર્થના, જપ અનુષ્ઠાન, દેવસ્થાન, દક્ષિણ, મોટા ગોત્રોની સભાઓ વિગેરેના સંબધમાં

ધોંઃ- કેમ ભાઈ ! આ અધર્મી ભટ ગારૂડી લોકોના ગુંડાગીરી કરવાવાળા મૂળ પૂર્વજોએ આ દેશમાં આવી અહીંના આપણા મૂળ પૂર્વજોને હરાવી એમને પોતાના દાસ (ગુલામો) બનાવ્યા અને પોત પોતાના સામર્થ્યના બળે પોતાનો પ્રજા પતિ (મુખી) બનાવી પોતાનો

ગુંડાગીરીવાળો ધર્મ પ્રચલિત કર્યો. એના માટે એમણે ખૂબ મોટો પુરુષાર્થ કર્યો એવું હું કહેતો નથી પરંતુ આપણા પૂર્વજોએ ભટો (બ્રાહ્મણો) ના પૂર્વજોનો નાશ કર્યો હોત તો આપણા એ પૂર્વજોએ પણ પેલા ભટોના પૂર્વજોને પોતાની તાકાતના બળે દાસ બનાવવા માટે કોઈ કમી રાખી ન હશે. ચાલો જવાદો ! આગળ જતા જ્યારે ભટોએ પોતાના પૂર્વજોની ગુંડાગીરીનો મોકો જોઈને એને ઈશ્વરી ધર્મનું રૂપ આપીને, એ ધર્મની આડમાં અનેક ભટોએ બધા અજ્ઞાની શૂદ્રોના મનમાં આપણી દયાળુ અંગ્રેજ સરકાર પ્રત્યે ધૃણા કરવાની યોજના બનાવી એ કઈ (યોજનાઓ) હતી ?

જોઃ- **ઘણા બધા ભટોએ ચૌપાલના મારૂતિના મંદિરમાં રાત્રીના સમયે બેસી ધાર્મિકતાનો ડોળ કરી ઉપર ઉપરથી જ્ઞાન, ધ્યાન વગેરે બતાવવાનો કારસો કરી અંદરથી ભાગવત (ભગવદ્ગીતા) ગ્રંથના ગપગોળની વાર્તા, તે વખતના વૃધ્ધ અજ્ઞાની શૂદ્રોને સમજાવી અને એમની બુધ્ધિ ભ્રષ્ટ કરી એમને જણાવ્યું કે તેઓ બલીના (ઈશુના) અનુયાયીઓ અંગ્રેજ લોકો છે,** એમની એક પણ વાત સાંભળશો નહીં તેઓ ફક્ત આવો ઉપદેશ આપી ચૂપ બેસી રહયા નહીં પરંતુ યોગ્ય તક જોઈને એ ગ્રંથની કપોળકલ્પિત દંતકથાઓ સમજાવીને બધા અજ્ઞાની લોકોના મનમાં અંગ્રેજ સરકાર પ્રત્યે ધૃણા નિર્માણ કરી શું આ દેશમાં મોટા મોટા વિદ્રોહો (૧૮૫૭ જેવા) પેદા નથી કર્યા ?

ધોંઃ- હાં, એમણે એમ કરાવ્યું કારણકે આજસુધી જે પણ મોટા મોટા વિદ્રોહો થયા એમાં અંદરથી કે બહાથી ભટ (બ્રાહ્મણ) લોકો આગળ પડતા ન હતા એવો એક પણ વિદ્રોહ દેખાતો નથી. દાખલા તરીકે **ઉમાજી રામોશીના વિદ્રોહમાં જેને કાળાપાણીની સજા થઈ હતી, તે ધોડોપંત (બ્રાહ્મણ) છે એજ રીતે અનાજ-રોટી ઉપરથી અંગ્રેજો વિરૂધ્ધ થયા, એની અંદર ભટ-પાડે, કોંકણસ્થ બ્રાહ્મણ અને તાત્યાટોપે વગેરે આ દેશમાં બ્રાહ્મણો નજરે ચઢે છે.**

જોઃ- પરંતુ એજ રીતે શિંદે (ગ્વાલિયરના રાજા) હોલકર (ઇંદોરના રાજા)વગેરે અનેક સંસ્થાનિક રાજા કે જેઓ શૂદ્રો હતા એમણે આવા વિદ્રોહીઓની જરા પણ પરવા ન કરતાં, એ સંકટના સમયે (બ્રાહ્મણ) નાના પેશવાની નોકરી અંગ્રેજ સરકારમાં હોવા છતાં પણ અંગ્રેજ સરકારને મદદ કરી, એ વાત ધ્યાનમાં રાખવી પડશે. એ તો વાત જવાદો ! પરંતુ એ ભટોએ પેદા કરેલા વિદ્રોહોને ખતમ કરવા માટે આપણી અંગ્રેજ સરકાર ને દેવું થયું હશે, પરંતુ એ કરજની ચૂકવણી કરવાને માટે પહેલાં પર્વતી (એ પૂના શહેરમાં એક દેવસ્થાન છે) જેવાં નિરર્થક સંસ્થાનોને કબજામાં લેવાને બદલે સરકારે નવો કર (લગાન) કોના ઉપર લગાવ્યો ? દોષી અને નિર્દોષી લોકોમાં કોઈ તફાવત ન રાખતાં સમગ્ર પ્રજા ઉપર કર ઠોકી બેસાડયો. શું આ ઠીક હતું ? આગળ જતાં આજ કર (લગાન) ગરીબ અજ્ઞાની શૂદ્રો ઉપર લાદવાનું નક્કી કરવાનું કામ આપણી બુધ્ધિમાન સરકારે કોને સોંપ્યું ? શૂદ્ર સંસ્થાનિકો (રાજાઓ) એ પોતાની જાતિના નાના સાહેબ

પેશ્વાની એ સમયે મદદ ન હતી કરી, એટલા માટે અંદર અંદર જ બળવાવાળા અને એમને હોળી (ધૂળેટી) માં અપાતી ગંદી ગાળો દેવાવાળા, ત્રણ વખત સ્નાન કરી શુધ્ધ થવાવાળા **પૈસા ખાવાવાળા બ્રહ્માનિષ્ઠ ભટજી (બ્રાહ્મણ) કુલકર્ણીને સોંપ્યું. અરે આ કર્મનિષ્ઠ ગ્રામ રાક્ષસ કુલકર્ણીએ એના કૂળપૂર્વજ બ્રહ્મા રાક્ષસને (બ્રહ્મદેવને) સરકારી કામકાજ સોંપ્યા બાદ એ દિવસથી આજદિન સુધી એમણે શૂદ્રોનો પીછો છોડયો નથી. જેવી રીતે કોઈ મુસલમાન રાજાએ ગામનાં બધાં પશુઓના ગળાં છરીથી કાપી એમને હલાલ કરવાનું કામ પોતાની જાતિના કોઈ કસાઈને સોંપ્યું હોય એમ આ નિષ્ણાત ભટજી લોકો એ પોતાની કલમથી શૂદ્રોના ગળાં કાપવાના કામમાં એમણે કસાઈઓને પણ પાછળ પાડી દીધા. એટલા માટે બધા લોકોએ સરકારની વાટ જોતાં આ ગ્રામ રાક્ષસ (કુલકર્ણી) ને કલમ કસાઈ એવી ઉપાધી આપી.** આ પ્રથા આજે પણ ચાલુ છે પરંતુ આપણી બુધ્ધિમાન સરકાર આવા કુલકર્ણી લોકોની બીજી સરકારી નોકરીઓમાં થાય છે તેમ બદલી ન કરતાં એમની (બુધ્ધિપૂર્વકની) મંજૂરી વડે અજ્ઞાની લોકો ઉપર કર (લગાન) નકકી કરી નોટીસ વહેંચવાનું અને ધરે ધરે ફરીને એ નોટીસોની બજવણી કરવાનું કામ સોંપે છે. ત્યાર બાદ એ નોટીસોની બજવણી કરવાવાળા કુલકર્ણીઓની મંજુરીથી કેટલીયે નોટીસો રદ કરતાં એ કર (રદ કરેલ લગાન) અજ્ઞાની લોકો ઉપર ઠોકી બેસાડે છે એને શું કહી શકાય ?

ધોં:- આવું કરવાથી કુલકર્ણી લોકોને કંઈક લાભ થતો હોય કે કેમ એ તો ખબર નથી પરંતુ એ નોટીસ આપી ચાર આઠ દિવસે આંટાફેરા લગાવી એના (શૂદ્ર) ઉપર પોતાનો રૂઆબ જમાવી એને પોતાના કામકાજમાં દખલ ન કરવાની શિખામણ આપે છે **અને પોતાના (કુલકર્ણીના) શેન બધાં કાર્યો દરેક બગલા ભગતની માફક એટલી વધુ નિષ્ઠાથી કરે છે કે બધા જ નિરાધાર આબાલ વૃધ્ધ શંકરાચાર્યની માફક લક્ષ્મીની સ્તુતિ કરે છે, કે અમારી હે સરકારી સરસ્વતિ બાઈ ! તું તારા કાયદામાં અડચણ ઉભી કરી લાંચ લેવાવાળા અને મજબૂર (વિવશ) થઈ લાંચ આપવાવાળા લોકોને હંમેશા તું સજા આપે છે એટલા માટે તું ધન્ય છો, અને ત્યારે એણે પ્રસન્ન થઈ અમુક કુલકર્ણીઓના ધર ઉપર રાત્રે સૂરતી રૂપિયાની વૃષ્ટિ કરી, એવી લોકોમાં જોર શોરથી ચર્ચા હતી. જો આ વાત સત્ય હોય તો પછી એવા પુણ્યશાળી કુલકર્ણીઓને પાલખીમાં ન બેસાડી રસ્તે ચલાવતાં ફજેતી કરતાં કરતાં રસ્તા ઉપર એનું સરઘસ કાઢવાનું કામ આપણી સરકારનું છે.**

ધોં:- અરે ભાઈ ! ભટોના બનાવેલા આવા કંઈ કારસ્તાન વિશે અનેક લોકોએ બલીરાજા (ઈશુ) ના સેનાપતિને જાણાવ્યું છે પરંતુ આ કારનામાં આલા સેનાપતિઓના હાથમાં ન રહેતા ફરીથી આ કલમકસાઈઓના હાથોમાં આવી

ગયાં છે એટલા માટે હાલ અનેક ભટ, શૂદ્રોની કમાણીથી મેળવેલ કર (લગાન)ના પૈસા વડે મોટા મોટા વિદ્વાન બની ગયા. પરંતુ એના માટે શૂદ્રોનો ઉપકાર ન માની, એ પૈસા ઉપર મોજમસ્તી કરી છેવટે કુંભમેળામાં સ્નાન કરવાનો સ્વાંગ રચે છે અને પોતાની વેદ મંત્ર જાદૂ વિધા સાચી (અસરકારક) છે એવો પ્રભાવ અજ્ઞાની શૂદ્રો ઉપર જમાવી પોતાનું (ભટોનું) કહયું જ માને એટલા માટે ગામના મંદિરોમાં આપણે લોકો અંદરોદંરથી ફાળાનાં પૈસા જમા કરી મજકુર ભટો પાસે અનુષ્ઠાન કરાવવાથી આ વર્ષે વરસાદ સારો થયો અને દુકાળનું સંકટ ટળ્યું, એવી જૂઠી વાતો અજ્ઞાની શૂદ્રોને ચોખાની કણકનો બલી બનાવી (જૂઠું) સમજાવે છે. મોટી મોટી જાત્રાઓ ભરી અને એમાં સૌ પ્રથમ પોતાની જાતિના આવા ભટોને ભોજન જમાડી એમાંથી બચેલું જમવાનું બધા જ શૂદ્રોને પંગતમાં બેસાડી વહેંચે છે. એમાં કોઈકના ભાગે ફકત મુઠીભર ચોખા (ભાત)તો કોઈકને ફકત દાળનું પાણી અથવા તો ધણાં બધાને ફકત વાસી રોટલી ખવડાવે છે અને એવું ખાવાનું ખવડાવી એમને સતુંષ્ટ (!) કર્યા બાદ. આ બધાં અજ્ઞાની લોકો ઉપર પોતાના વેદમંત્રોનો જાદૂનો પ્રભાવ જમાવવા માટે ઉપદેશ કરે છે આવું કાર્ય તેઓ નિરંતર (શૂદ્રો સાથે) કરતા રહે છે, પરંતુ આવા પ્રસંગોએ તેઓઃ અંગ્રેજ લોકોને પ્રસાદ લેવા માટે આમંત્રિત કેમ કરતા નથી ?

જોઃ- અરે ભાઈ ! આવા શોરબકોર ભર્યા વાતાવરણમાં ચોખા ના ચાર (4) દાણા આમ તેમ ફેંકી કૂતરાની જેમ એકઠું કરવા માટે ભટો કેટલું પણ ભસ્યા હશે તો પણ શું એમના પ્રસંગમાં અંગ્રેજ બહાદૂરોને પ્રસાદ લેવા માટે આમંત્રિત કરી શકાય છે ?

ધોંઃ- હવે બસ કરો ભાઈ ! સમજદારને ઈશારો કાફી છે. એનાથી હવે વધુ કહેવાની કોઈ જરૂર નથી કે જેવી રીતે દૂધથી દાઝેલો વ્યકિત છાશ પણ ફૂંકીને પીએ છે.

જોઃ- ચાલો ભાઈ ! જેવી તમારી ઈચ્છા પરંતુ અત્યારના (પોતાને સુધરેલા કહેવડાવવાવાળા) ભટોપોતાની જાદૂ મંત્ર વિદ્યાને અને એના અનુસંધાનમાં જપ કે અનુષ્ઠાનને તેઓ ગમે એટલો રંગ ચઢાવી ગલી મહોલ્લામાં ભસતા ભસતા ફરે એનાથી કોઈનું કાંઈ બગડવાનું નથી પરંતુ આ લોકો(શૂદ્રો) માંથી પોતાના માલિકના કુટુંબને સતારાના કિલ્લામાં કેદ કરી રાખવાવાળા નમકહરામ, બાજી (રાવ) જેવા નામર્દ ભટ રાજાએ રાતદિવસ ખેતી કરવાવાળા અજ્ઞાની શૂદ્રોની મહેનતના પૈસા લઈને જેની ફાંદ વધી ગઈ છે એવા ભટ સરદારને મુખી (વડો) બનાવવા માટે જે કરારનામૂં કર્યું. એના મુદ્દાઓ જોઈને ફસ્ટ સીટ ટરકકાંડ સાહેબ (અંગ્રેજ સરકાર) જેવા ઈમાનદાર કમિશ્નરના શરીરે પણ રૂંઆટાં ઉભાં થઈ ગયાં. ત્યારે અન્યોની વાત કરી એમાંથી બીજી બધી જાતિના આંધળાં, લૂલાં લંગડા વિધવા સ્ત્રીઓ એમના અનાથ બાળકો વગેરે કોઈ (ભૂખ્યાંની) પરવા કર્યા

વિના ફકત પોતાની (ભટોની) જ જાતિના દૃષ્ટ-પુષ્ટ આળસુભટોને રોજે રોજ નિતનવનીત પ્રકારના મિષ્ટાન ભોજન ખવડાવવાની પ્રથા શરૂ કરવામાં આવી. એજ રીતે એમના મતલબી (તર્કટી) ગ્રંથોનો અભ્યાસ (ફેલાવો) કરવાવાળા ભટોને નિયમિત રીતે વાર્ષિક દક્ષિણા આપવાની પ્રથા પણ શરૂ કરવામાં આવી. આવી બધી એમણે બનાવેલી (તરકટી) પ્રથાઓ આજે પણ આપણી સરકારે ચાલુ રાખી છે. આંવાં કર્મોને લીધે એમણે પોતાની બુધ્ધિમતાને અને રાજનીતીને મોટો કલંકિત ડાઘ લગાડયો, એવું કહેવામાં કાંઈ ખોટું નથી. આવા બધા નકામા ખર્ચાઓથી ભટો સિવાયના બાકીના કોઈપણ લોકોને કશો લાભ નથી. એનાથી વિપરિત આવું બધું ફોકટનું જ ખાઈને મદમસ્ત બનેલા સાંઢો, આપણા અજ્ઞાની બંધુઓને જાદૂટોણાઓના ધર્મ પ્રભાવ હેઠળ પોતાના (ભટોના) પગ ધોવડાવી એનું પાણી પીવડાવે છે અરે આ નષ્ટકર્મી ભટોએ તેમના પૂર્વજોના ધર્મશાસ્ત્રો અને મનુસ્મૃતિના અનેક નિયમો (બંધનો) નું ઉલ્લંઘન કરી એવાં વિનાશક કાર્યો કર્યા. તો પણ હજી આ લોકો હોશમાં આવી આપણી ભલી ભોળી સરકારનું કંઈ પણ ન સાંભળતાં (ધ્યાનમાં ન લેતાં) પર્વતી વગેરે દેવસ્થળોના નામે શૂદ્રોના પસીનાનો રોટલો ભટો એ ન ખાવો જોઈએ. એટલા માટે એક ખૂબ વિશાળ ભટ સભાની સ્થાપના કરી એની મદદથી કંઈક બંદોબસ્ત કરવામાં આવે કે જેથી એમના ગ્રંથોનો કંઈક ને કંઈક તો એ લોકો ઉપર પ્રભાવ થશે (પરંતુ એમન ન કરતાં) એ લોકોએ મોટાં મોટાં ગોત્રોના નામથી સભાઓ (સંસ્થાની) સ્થાપના કરી પોતે પોતાના મોટા મોટા દોષો દૂર કરવાને બદલે, સરકારની નાની નાની ભૂલોને ભલાભોળા લોકોને બતાવી (ઉશ્કેરવાનું) છોડી દેવું જોઈએ. એક તો એમની ગાય જ લંગડી છે અને ઉપરથી ગામમાં ચરતી પણ નથી, ત્યારે એવી (હિન) પ્રવૃતિને શું નામ આપી શકાય ? **હવે તો આપણા અજ્ઞાનથી ભરેલા બધા જ શૂદ્રોનો પેલા પવિત્ર બલી (ઈશુ) રાજાના પવિત્ર વ્યવહારિક આધાર ઉપર એમના કૃત્રિમ અને જૂઠી ગુલામીમાંથી મૂકત કરવાવાળા અમેરીકનો, સ્કોટીશ અને અંગ્રેજ ભાઈઓ ની સાથે હળવાભળવા ના પહેલા અમુક ગડબડ ઉત્પન્ન કરવાનું કામ ન કરે. હવે બહુ થઈ એમની છળકપટનીતી હવે આપણે એમની રોટલી પરનો અને એમના દાળભાતમાં મેળવેલ ગોળની મિઠાશ(પ્રસાદ) ને અમે ધિકારીએ છીએ, તિરસ્કાર કરીએ છીએ.**

ભાગ-૧૨

વતનદાર ભટ કુલકર્ણી યુરોપીયન લોકોની વસતીના ધોરણે શિક્ષણની જરૂર એક કાળો ડાઘ, યુરોપીયન મજૂરોની અકકલ કેલી રીતે ભ્રષ્ટ થાય છે વગેરેના સંબંધે.

ધોં:- સારૂં ! એ અગાઉ તમે કહયું હતું કે એવું એકપણ સરકારી કાર્યાલય અથવા વિભાગ નહીં હોય કે જયાં ભટ (બ્રાહ્મણો) ન હોય, ત્યારે એ બધામાં મુખ્ય ભટજી કોણ ?

જો:- એ છે વતનદાર કુલકર્ણી એમની કપટનીતીને કારણે ઘણું કરીને દયાળુ યુરોપીયન કલેકટરોને અજ્ઞાની શૂદ્રોની દયા આવી અને તેમણે સરકારને રીપોર્ટ ઉપર રીપોર્ટો રજૂ કરી કાયદો ઘડી કુલકર્ણીઓનો બંદોબસ્ત કર્યો એમના ઉપર કડક બંધન (કાયદાઓ) નાંખ્યાં અને એમની કપટનીતીથી બચવાની વ્યવસ્થા કરી છે. પરંતુ તેમ છતાં પણ એ કલમકસાઈઓના મતલબી (કપટી) ધર્મનો અજ્ઞાની શૂદ્રો ઉપર પ્રભાવ હોવાના કારણે તેઓ સૈતાનની માફક એમના (ભટ) ધર્મની ઓથમાં છડેચોક પંચાયતો (સભા) માં બેસી પેલા બલી (ઈશુ) ના મતોની નિંદા કરે છે અને અજ્ઞાની શૂદ્રોનું મન ભ્રષ્ટ કરે છે. શું તેઓ આવું નથી કરી રહયા ? જો તેઓ એવું નથી કરતા એમ માની લેવામાં આવે તો પછી શૂદ્રોને તો બિલકુલ લખતાં વાંચતાં આવડતું નથી ત્યારે એમણે કયા લોકો પાસેથી ધૃણા (અંગ્રેજો પ્રત્યે) કરવાનું શિખ્યું ? આ વિશે જો તમે કંઈક જાણતા હોવ તો મને જણાવો, એટલું ઓછું હોય એમ તક જોઈને એજ પંચાયતમાં બેસીને સરકારી કાયદાની કોઈક વિશેષ કલમ ઉપર અનેક પ્રકારના તર્ક વિતર્ક કરતાં કરતાં, શૂદ્ર લોકો સરકાર (અંગ્રેજ) નો દ્વેશ કરે એટલા માટે ચોરી છૂપી થી શું પાઠ ભણાવતા ન હોય ? અને એ બધાંમાંથી કોઈપણ બાબત ભલે નાની કેમ ન હોય, એ પોતાની સરકારને બતાવવા માટે શૂદ્રો થરથર ધ્રુજતા ન હોય ? કારણકે બધાં ઉચ્ચ પદો ઉપર કામ કરવાવાળા બીજા ભટ નોકરો પોતાની જાતવાળા હોય છે. માટે હવે તો આપણી સરકારે હોશમાં આવી પ્રથમ દરેક ગામમાં ઓછામાં ઓછા એક અંગ્રેજ અથવા સ્કોટીશ વ્યકિતને એના ઉદરનિર્વાહ અર્થે અમુક ખેતીની જમીન ઈનામમાં આપી મોકલવો જોઈએ અને એની ઉપર ગામવાળા લોકોને ઉપદેશ (યોગ્ય સમજ) આપવાની જવાબદારી સોંપી એ અધિકારી એ ગામની પરિસ્થિતિ વિશે ઓછામાં ઓછું વર્ષમાં એકવાર એક હેવાલ (Report) સરકારને મોકલવો એવો સરકારે નિયમ ઘડી યોગ્ય બંદોબસ્ત કરવો જોઈએ. કેમકે ભવિષ્યમાં પછી નાના (ફડનવીસ) ભટની જેમ કોઈ પણ બ્રાહ્મણે ફરી માથું ઉંચકી વિદ્રોહ કરવાની જરૂર પડે તો કોઈ પણ પીર ના લીંગની સામે જાત્રા ભરીને એમાં અજ્ઞાની શૂદ્રોને દાળભાત (પ્રસાદ) ખવડાવવાને બદલે એમના કરતૂતોની ઉંડી રોટલી (સમજ) ખવડાવી સરકારના વિરોધમાં ભડકાવવા માટે, આ વતનદાર કુલકર્ણીઓનું ભેગા મળવું બિલકુલ અશકય બની જાય. અને આવો કોઈક બંદોબસ્ત કર્યા વિના આ અજ્ઞાની શૂદ્રો

ના પગ જમીન ઉપર ટકી ન શકશે એટલું જ નહીં પણ જયારે આ યુરોપીયન ઉપદેશકો બધા શૂદ્રોને સાચી જાણકારી (જ્ઞાન-માર્ગદર્શન) આપી એમની આંખો ઉઘાડશે, ત્યારે એ લોકો ગ્રામરાક્ષસોની નજીક ઉભા પણ નહીં રહે. બીજું એ કે સરકારે માલગુજારી (મહેસુલ ઉઘરાણી) સહિત કુલકર્ણીનું કામ એક જ જાતિના લોકો સુધી સિમિત ન રાખવું જોઈએ બલ્કે પરીક્ષા લઈ દરેક પ્રકારના લોકોને સોંપવું જોઈએ. એવું થશે તો સૈન્યની જેમ કોઈ મુશ્કેલી ઉભી નહીં થાય અને બધો જ બંદોબસ્ત થઈ બધા વર્ગોને શિક્ષણ મેળવવાની રૂચિ ઉત્પન્ન થશે. જરૂરિયાત ઉભી થાય એ મૂજબ આપણી દયાળુ સરકારે શિક્ષણ વિભાગના ખોટા ખર્ચાઓ બંધ કરી ત્યાનું બધું જ નાણું કલેકટરના ખાતામાં જમા કરવું અને જારવીસ અધિકારી જેવા પ્રત્યેક યુરોપીયન કલેકટર દ્વારા કોઈ ભેદભાવ વિના બધી જાતિઓમાંથી હોશિયાર વિધાર્થીની નિમણૂંક કરી એમના ખાવા પીવાની વ્યવસ્થા કરી એમના માટે કલેકટરના બંગલાની આજુબાજુ એક સ્કુલ ખોલવામાં આવે અને એમાં માલગુજારી કુલકર્ણી તથા પંતુજી (શિક્ષક) વગેરે સ્થાનો (પદો) ની પરીક્ષા લઈ એમને એ કામ સોંપવામાં આવે. આમ કરવાથી આ કુલકર્ણીઓ એકઠા થઈ બદમાશ નાના (ફડનવીશ) જેવા લોકોની મદદ નહીં કરી શકશે. અને આપણે અજ્ઞાની શૂદ્રો સાથે દગો કરી એમની જમીન હડપી લેવા માટે અને એમનામાં માંહોમાં હે અનેક પ્રકારના ઝધડા કરાવવું વગેરે કામ માટે એમને (ભટોને) ફૂરસદ જ નહીં મળશે. **આજ સુધી શિક્ષણ વિભાગે લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે, પરંતુ શૂદ્રોની સંખ્યાના પ્રમાણમાં એમનામાં શિક્ષણનો ફેલાવો નથી થયો. એટલું જ નહીં પણ મહાર માંગ અચાર (અસ્પૃશ્ય) એ જાતિઓમાંથી એક પણ શિક્ષિત કર્મચારી નથી મળતો. ત્યારે તેમનામાંથી એમ.એ અથવા બી.એ સુધી ભણેલો વ્યકિત તો દવા માટે પણ મળી ન શકે, આ કેટલી દુર્ભાગ્યપૂર્ણ વાત છે કે આપણા આ મહાન શિક્ષણ વિભાગના ઉજળા મ્હોં ઉપર કાળમૂખા ભટ પંતુજીઓએ સાકરમાં મેળવીને ઘીમાં તળેલા એવા તેઓ, તેમ છતાં પણ પોતાનો જાતિગત સ્વભાવ નથી છોડયો અને છેવટે કડવાના કડવા જ રહી ગયા.**

ધોંઃ- સારૂં ! આ કુલકર્ણીઓ અજ્ઞાની શૂદ્રોની ફસાવીને ખેતી કેવી રીતે હડપ કરી લેતા ?

જોઃ- **જે શૂદ્રોને બિલકુલ વાંચવા લખવાનું આવડતું ન હોય એવા લોકોને મળીને આ કુલકર્ણી લોકો એમના શાહૂકાર બની જાય છે અને એમને જમીન ગિરવે મૂકવા માટે દસ્તાવેજ ઉપર લખાવી લે છે. ત્યારે એ દસ્તાવેજોમાં અમુક શરત લખતા હતા અને અજ્ઞાની શૂદ્રોને બીજી જ (લખ્યા સિવાયની)શરત વાંચીને સંભળાવતા અને એ દસ્તાવેજ ઉપર એમના અંગૂઠાનું નિશાન પડાવી લેતા હતા ત્યાર બાદ અમુક સમય પછી આ કપટીનીતીમાં લખેલ શરતો મૂજબ એમની જમીન હડપી લેતા હતા.**

ધોંઃ- સારૂં ! તો હવે એ સમજાવો કે આ કલમ કસાઈ જાતિના લોકો અજ્ઞાની શૂદ્રોમાં ઝધડા કેવી

રીતે લગાવતા હતા ?

જોઃ- ખેતીની જમીન, ખેતરો ભાગલા પાડવાની હોલી ડોલી વગેરે વગેરે તહેવારો સંબધિત બધા જ લવાદ અજ્ઞાની શૂદ્રોએ પેદા કરવા પાછળ આ ભટ કુલકર્ણી નથી, એવો એક પણ વિવાદ શું તમે બતાવી શકો છો ?

ધોંઃ- અચ્છા ! આવા ઝધડા ઉત્પન્ન કરીને આ કસાઈઓને શું ફાયદો થતો હતો ?

જોઃ- **અરે ભાઈ ! અનેક સંપન્ન ખાનદાનો ઈર્ષ્યાથી ઉશ્કેરાઈને પરસ્પર એક બીજા સાથે લડવા લાગી જાય છે અને આ કલમ કસાઈઓની સાથે સાથે અન્ય ભટોના ઘરનું ભરણું ભરતાં ભરતાં નામોનિશાન મટી જતું. અરે ભાઈ ! આ કલમ કસાઈઓ ની લુચ્ચાઈ ના કારણે ફોજદારી અને દિવાની ન્યાયાપાલિકાઓમાં (કોર્ટો) માં કેસ લડવાનો ખર્ચ એટલો બધો વધી ગયો છે કે આ વિભાગોમાં મામલતદાર વગેરેએ "તત્સવિતુવાર્ણ્ય દેવસ્ય ધિમહી થીયો યોનઃ પ્રચોદયાતઃ" એ અસલી બીજમંત્રને ભૂલીને એને બદલે ચીરી ગિરી દેવ ચીરી ગિરી દેવ (પૈસો જ પરમેશ્વર)આ યવની (મલેચ્છ) ગાયત્રી મંત્રનો આ પવિત્ર ભટ પંડો પાસે ઉપદેશ ગ્રહણ કરવાના કારણે ભટ દલાલી વધી ગઈ છે અને તેઓ મોટી મોટી પાલખીઓમાં બેસીને ઓડકાર મારતા મારતા આખા શહેરમાં ફરતા રહે છે. એની સાથે સાથે મુન્સિફ નવાબોના જૂલમ કેટલા વધી ગયા છે. એ વાતનો જવાબ આપે. એના કારણે બધે જ ગામડા ગામે એક કહેવત પડી ગઈ છે.એ એમ છે કે કોઈ પણ કચેરીમાં બ્રાહ્મણ કર્મચારીની હથેળીમાં કંઈક (લાંચ) મૂકયા સિવાય તેઓ ગરીબોના કામને હાથ પણ અડાડતા નથી, એમને આપવા માટે કંઈક પણ (!) સાથે લઈ જાવ તો જ સુખરૂપ બહાર આવી શકો.**

ધોંઃ- જો એમ જ થઈ રહયું હોય તો ગામડાના શૂદ્ર લોકો યુરોપીયન કલેકટરોને એકલામાં મળી પોતાની ફરિયાદ કેમ કરતા નથી ?

જોઃ- **અરે ભાઈ ! જે લોકોને સીધી સરળ મામૂલી વાતો પણ નથી ખબર એવા ડરપોક લોકો આટલા મોટા અધિકારીની સામે ઉભા રહી પોતાની ફરિયાદ કરવાની હિમ્મત કેવી રીતે કરી શકે છે ? એવામાં વળી કોઈ ફટક બહાદૂરે પોતાની છાતી પહોળી કરી કોઈક બટલર (રસોઈઆ)ની મદદ વડે જો યુરોપીયન કલેકટરને એકાંતમાં (એકલા) મળી, મારી ફરિયાદ કોઈ સાંભળતું નથી એટલા ચાર શબ્દો કહયાની - આ કલમકસાઈઓ ને જો ખબર પડી જાય તો પછી એમ સમજો કે એના કરમ ફૂટી ગયાં, કારણકે કલેકટરની કચેરીમાંનાકચેરીના ભેદ (આંટીઘૂંટી) કર્લકથી લઈને તે રેવન્યુ (Revenue) અથવા ન્યાયધીશની કચેરીના ભટ કલાર્ક બધાજ સાથે મળી અંદરથી પેલા યવની**

મંત્રની ચારે બાજુ ખબર પહોંચાડી તરત જ અડધા કસાઈ વાદી (ફરિયાદી) અને અડધા કસાઈ પ્રતિવાદીના પક્ષકાર બની અને એમને (શૂદ્રોને) પરસ્પર લડાવી એ ઝધડાને એટલો ગૂંચવી નાખે છે કે એમાં સત્ય શું છે એ શોધવા માટે મોટા મોટા વિદ્વાન યુરોપીયન કલેકટર અને ન્યાયધીશો પોતાની બધી જ બુધ્ધી વાપરી નાખે તો પણ એ ઝધડાનું મૂળ એમને સમજાતું જ નથી અને તેઓ ઉલ્ટા ફરિયાદ કરવાવાળા શૂદ્રને જ "તૂં મોટો તરકટી માણસ છે" એમ કહી એના હાથમાં નાળીયેરની (કાણી) કાચલી આપી ધમકાવીને એને એના ઘરે વિલે મોંઢે પાછો મોકલે છે. છેવટે આ બધા (બ્રાહ્મણ) નોકરોની ચતુરાઈના કારણે આ સરકારમાં આપણી સુનવાણી નથી થતી એવું સમજીને (જાણીને) અનેક શૂદ્રોએ આત્મહત્યા કરી છે અને ઘણા બધા લોકો આવા દુઃખને કારણે ગાંડા થઈ ગયા હશે. અનેક એવા શૂદ્રો પણ હશે કે જેઓ અડધા ગાંડા થઈ પોતાના બાલ દાઢી વધારી જે કોઈ પણ રસ્તે મળતું હશે એને પોતાની કરૂણ કથની સંભળાવતા સડક ઉપર આમ તેમ ભટકી રહયા છે.

ભાગ-૧૩

મામલતદાર (તહેસીલદાર) રેવન્યુ કલેકટર ન્યાયધીશ અને ઈજનેરી વિભાગોના ભટ (બ્રાહ્મણો) કર્મચારી વગેરે વિશે

ધોં:- આ રીતે ભટ લોકો મામલતદાર (તહસીલદાર) બનવાના કારણે શું તેઓ અજ્ઞાની શૂદ્રોનું નુકશાન કરતા હતા ?

જો:- આજ સુધી જેટલા પણ ભટ (બ્રાહ્મણ) મામલાતદાર થઈ ગયા એમાંથી કેટલાયે જણ એમના ખરાબ વ્યવહારને કારણે સરકારના ગુનેગાર બની સજા ભોગવી ચૂકયા છે. તેઓ પોતાનું (સરકારી) કામકાજ કરતી વખતે એટલી કપટી નીતી કરતા હતા કે ગરીબ લોકો ઉપર પુશ્કળ જુલમ કરતા હતા. આ જુલમોનો એક ગ્રંથ બની શકે એમ છે. આ પૂના જેવા શહેરમાં ભટ મામલતદાર, કુલકર્ણી પાસે ભલામણ પત્ર લાવ્યા વિના મોટા મોટા શાહુકારોની વાત પણ તેઓ નહીં માનતા હતા, ત્યારે ગરીબની તો વાત જ કોણ સાંભળે? આ કુલકર્ણી શું ભલામણ પત્ર આપતી વખતે લાંચ નહીં લેતા હોય?

આજ રીતે શહેરની મ્યુનિસીપાલીટી પણ કોઈ મકાન માલિકને, એના જૂના ઘરની જગ્યાએ નવું ઘર બાંધવા માટે ભટ મામલતદારના માધ્યમથી એ રહેઠાણ (જગ્યા) ના કુલકર્ણીનો અભિપ્રાય ન આપે ત્યાં સુધી (નવું ઘર) બનાવવા ન દેતા કારણકે પેલા કુલકર્ણી પાસે એ સ્થળનો નકશો રહેતો હોય છે, એમાંથી બધા જ નવા (મકાન) ખરીદવાવાળાઓના નામ સાચવીને એની એક કોપી (પ્રત) દરેક વર્ષે મામલતદાર કચેરીમાં મોકલવાની વ્યવસ્થા ન હતી. એટલા માટે કુલકર્ણીનો આ (રજૂ કરેલ)

અભિપ્રાય પણ સાચો હોય એવું કેવી રીતે સમજી શકાય? આવાં બધાં કારણોને લીધે એ એવી શંકા ઉપજે છે કે પોતાની (ભટોની) જાતિના કલમ કસાઈઓના સ્વાર્થની રક્ષા કરવા માટે ભટ મામલતદારે જ આ (ખામી યુકત) પધ્ધતી બનાવી હશે. આ ઉદાહરણ ઉપરથી હવે તું જ વિચાર કરકે આવા (બાહોશ) યુરોપીયન લોકોની વસ્તીની નજીક પૂના શહેરમાં જો ભટ મામલાતદાર પોતાની તાનાશાહીથી એમની જ જાતિના કલમ કસાઈઓ માટે (અતિરિકત) ખાવા પીવાના સાધનો ઉભાં કરે છે, તો પછી ઉંડાણના ગામોના અજ્ઞાની શૂદ્રોના ઝૂંડ (ટોળાં) પોતાની કાંખમાં કાગળીયાંઓ લઈને, ભટ કર્મચારીઓના નામે બૂમરાણ મચાવી રખડતા નજરે પડે છે. શું આ બધું જૂઠું છે? એમાં (શૂદ્રોમાં) થી કોઈ એમ રોદણાં રડે છે કે ભટ કુલકર્ણીના કારસ્તાનને કારણે ભટ મામલાતદારે મારી અરજી (યોગ્ય) સમયે નથી સ્વિકારી, આથી મારા વિરોધીએ મારા બધા સાક્ષીઓને ફોડી, ઉલ્ટો મને જ જામીન મેળવવા માટે વિવશ કર્યો. કોઈ વળી એવાં રોદણાં રડે છે કે ભટ મામલાતદારે મારી અરજી લીધા બાદ આજ સુધી દબાવીને રાખી મૂકી છે.પરંતુ મારા વિરોધીની અરજી બીજા દિવસે લઈને જ એની સુનાવણી કરી દીધી અને મારા અધિકારો સમાપ્ત કરી મને ભિખારી બનાવી દીધો, કોઈક વળી એમ કહે છે કે ભટ મામલતદારે મારા કહેવા પ્રમાણે મારી જૂબાની લખી નથી અને પછી એજ જૂબાની ઉપરથી મારો ફરિયાદના વિષયને એવો ગૂંચવાડા ભર્યો બનાવી દીધો કે હવે હું ગાંડો બની જઈશ એવું લાગે છે. કોઈ વળી એમ કહે છે કે મારા વિરોધીએ ભટ મામલતદારની સલાહથી મારા ખેતરમાં હળ ચલાવ્યું ત્યારે મેં તરત જ એ ભટ મામલતદાર પાસે જઈ એની સાથે વિનમ્ર થઈ જમીન ઊપર હાથ અડાડતાં દંડવત પ્રણામ કર્યા.અને એની સાથે એક શબ્દ પણ ન બોલતાં એના હાથમાં મારી અરજી આપી અને ચાર-પાંચ ડગલાં પાછળ હટીને બે હાથ જોડી એની સામે ધ્રૂજતાં ઊભો રહ્યો. એટલામાં એ યમદૂતે મારા ઉપર નીચેથી ઉપર સુધી નજર ફેરવી તરત એ અરજી મારી ઉપર ફેકતાં, એમ જણાવ્યું કે તેં કોર્ટનુંઅપમાન કર્યું છે અને એમ કહેતાંની સાથે જ મને દંડ દીધો. એ દંડ મારી ભરવાની ત્રેવડ ન હોવાથી મારે કેટલાયે દિવસો સુધી જેલમાં રહેવું પડયું. બીજી તરફ મારા વિરોધીએ ખેતરમાં બીજની વાવણી કરી મારૂં ખેતર પોતાના કબજામાં લઈ લીધું એના માટે મેં કલેકટર સાહેબને બે ત્રણ અરજીઓ આપી. પરંતુ ત્યાં પણ મારી અરજી ભટ બાબુએ કયાં દબાવીને રાખી દીધી એની કંઈ ખબર નથી પડતી. ત્યારે હવે આને માટે એ શું કરે? કયાં જાય? કોઈ વળી એમ કહે છે કે ભટ બાબુએ મારી અરજી કલેકટરને વાંચી સંભળાવતી વખતે એમાંથી અમુક મુદ્દાઓ જ રદ કરી નાખ્યા અને કલેકટર પાસેથી જે ભટ મામલતદાર

તરફથી આપવામાં આવેલો ચૂકાદો જ યથાવત રાખ્યો. કોઈ વળી એમ કહે છે કે એની અરજી ઉપર કલેકટરે પોતાની જૂબાનીમાં જે વાતો લખવા માટે કહી હતી એના હૂકમ વિરૂધ્ધ ત્યાંના ભટ બાબુએ જૂબાની લખી પરંતુ વાંચતી વખતે જેવું કલેકટરે કહયું હતું એવું જ વાંચી સંભળાવ્યું અને એની દરખાસ્ત લઈને એ ચૂકાદાનો કાગળ મામલતદાર દ્વારા મને મળયો ત્યારે મે મારૂં માથું કુટતાં કહયું કે આ ભટ કર્મચારીઓ પોતાનો ઉદ્દેશ પૂરો કર્યા વિના ચૂપ નથી બેસતા. કોઈ એમ કહે છે કે મારી જયારે કલેકટર પાસે સુનવણી થઈ ત્યારે મેં રેવન્યુ (મહેસુલી) સાહેબની પાસે બે ત્રણ અરજીઓ આપી, પરંતુ ત્યાંના ભટ કર્મચારીઓએ કોશિશ કરીને જજ સાહેબની પાસે થી એ અરજી કલેકટરની પાસે પરત મોકલી દીધી. ત્યાર બાદ કલેકટર સાહેબના ભટ કર્મચારીએ એ કાગળોને ઉલટાવી પલટાવીને કલેકટર સાહેબને વાંચી સંભળાવી અને એણે જણાવ્યું કે હું (શૂદ્ર) ખૂબ જ ફરિયાદ કરવાવાળો વ્યકિત છું, એવો અભિપ્રાય એ કાગળો ઉપર લખીને એને રેવન્યુ (મહેસુલના) સાહેબ પાસે મોકલી એને સમજાવી દીધો. હવે આપણે અહીં કરીએં તો શું કરીએ? કોઈ વળી એમ કહે છે કે જજ સાહેબે મારા કેસની સુનવણી શરૂ થતાં જ ત્યાંના પટાવાળાએ વચ્ચે જ કંઈક કહેવાની કોશિશ કરી, પરંતુ સાહેબે પટાવાળાને ચૂપ રહેવા કહયું. એના એ કાગળોને પોતે વાંચી જોયાં. પણ એ એમાં શું કરે? કારણકે એની અગાઉના કલેકટર કચેરીના ભટ કર્મચારીઓએ કુલકર્ણીની સલાહ અનુસાર મારા વિષયને સંપૂર્ણપણે બદલી નાખ્યો છે. તો વળી કોઈ એમ કહે છે કે ભગવાનની પૂજાના નિર્ધારિત સમય અનુસાર એમના (ભટોના) ધરોમાં (વસ્તુઓ) પૂરી પાડતાં પાડતાં મારૂં ધરબાર વેચાઈ ગયું ખેતરો ગયાં, અનાજ ગયું અને મારા ધરની દરેક વસ્તુ ખલાસ થઈને મારી ધરવાળીના શરીરનું એક તૂટેલું ધરેણું (દાગીનો) પણ ન બચ્યું. અને જયારે છેવટે અમે બધાં ભૂખે મરવા લાગ્યાં ત્યારે મારા નાના ભાઈઓએ છૂટક મજૂરીનો ધંધો કરી, તેઓ સડક બનાવવાના કામમાં માથે વજન (બોજો) ઉંચકવા લાગ્યા. પરંતુ ત્યાં પણ બધા ભૂટજી સાહેબો કોઈ પણ કામને હાથ ન લગાડતાં, ફકત રોજ સવાર સાંજ એક વાર આવી, હાજરી પૂર્યા બાદ કોઈ મરાઠી સમાચાર પત્રોમાં કોઈ અંગ્રેજ સરકારીએ એમના ધર્મની હાંસી ઉડાવી હોય એવા સમાચાર જતાં જતાં એ બેગારીઓને સંભળાવી ફરી પોતપોતાને ધરે ચાલી જતા હતા. તેમ છતાં પણ સરકાર એમને (ભટોને) છૂટક મજૂર (બેગારીઓ) કરતાં બમણો પગાર આપતી હતી. તેમ છતાં જો પગાર થયા બાદ કોઈ બેગારીએ એમને કંઈક ઉપલક નાણાં ન ચૂકવ્યાં હોય તો તરત જ બીજા દિવસે એમના ઉપરી સાહેબને એ મજૂરીયાની અનેક પ્રકારની ચૂગલી

કરી એની હાજરી લગાવતા નથી. એટલું જ નહીં પણ કોઈક ભટ કર્મચારી કહે છે કે અરે તું સરકારી કામ કરવાની સાથે સાથે મારા માટે ભોજન માટે પતરાળી બનાવવા માટે મારા ઘરે થોડાં પાંદડાં લાવી આપ ! વળી કોઈ કહે છે કે પેલા આબાંની ડાળ તોડી રાત્રે મારા ધરે મૂકી જજે કોઈ વળી એમ ફરમાન કરે છે કે ચોકીદારની નજર ચૂકવી મને પેલા ઝાડના પાંદડાં લાવી આપ! વળી કોઈ એમ કહે છે કે આજે રાત્રે હું ફલાણા ગામમાં લેવડદેવડ કરવાવાળા ઘરાકના ઘરે જમવા જવાનો છું એટલા માટે તું (તારા ઘરે) જમીને બાદમાં મારા ઘરે જઈ મારા કુટુંબના માણસોનું ધ્યાન રાખી ત્યાં જ સૂઈ જજે. પરંતુ ધ્યાન રાખજે બીજા દિવસે કામ ઉપર ચઢી હાજરી લગાવવાનું ન ભૂલતો. કારણકે આવતી કાલે મોટા એજીનીઅર સાહેબ કામ તપાસવા માટે આવવાના છે એવો રાવ સાહેબે (ઉપરી અધિકારી) લેખિત (સંદેશો) મોકલ્યો છે. એવા અનેક પ્રકારની ભટો દ્વારા અપાતી તકલીફો મારા ભાઈઓ ઘર જતાં જ સંભળાવી દડ દડ આંસુ પાડે છે શું કરૂં ભાઈ? આ બધા ભટજી અઢાર વર્ણોના ગુરુ છે. તેઓ આવું આચરણ કરે તેમ છતાં પણ શૂદ્રોએ એમના વિશે પોતાના સ્વમુખે પણ કંઈક કહેવું જોઈએ એવં,આપણા શાસ્ત્રો ગાઈ વગાડી ને કહે છે એટલા માટે મારો ઉપાય બૂમાબૂમ કરવાનો ચાલતો નથી, નહીં તો હું કયારનો બોલવાનું શીખીને બધા બ્રાહ્મણોની ચાલબાજી આપણા સાહેબ (અંગ્રેજ) લોકોને જણાવી એમના દ્વારા આ ગુલામોને પાઠ ભણાવ્યો હોત. એની સાથો સાથ બધાં જ એંજીનીઅરીંગ ખાતાના ભટ કર્મચારીઓની આટલી બધી બેઈમાની (દગાબાજી) કોન્ટ્રેકટરો જણાવે છે કે એ બેઈમાનીનો એક ,સ્વતંત્ર ગ્રંથ તૈયાર થઈ જાય. એટલા માટે હાલ પૂરતું આ વિશે આટલું જ પૂરતું છે, કેમકે સંક્ષેપમાં ઉપર લખેલી (વાસ્તવિક) ફરીયાદોમાંથી થોડી પણ સત્ય હોય તો એના વિશે ઝીણવટથી તપાસ કરી એનો ઉપયુકત ઉપાય કરવો જોઈએ એ આપણી સરકારની ફરજ છે..

ભાગ-૧૪

યુરોપીઅન સરકારી કર્મચારીઓની અસમર્થતા, કુલકર્ણી લોકોનો પ્રભાવ પેન્સન લઈને નોકરીમાંથી મુકત થઈ રહેલા યુરોપીઅન કર્મચારીઓએ ગામે ગામની પરિસ્થિતિથી સરકારને માહિતગાર કરવી જરૂરી, ધર્મ અને જાતિનું અભિમાનના વિશે

ધોંઃ- જો આવા જ અનર્થ બદમાશ ભટ કામદારોની દરેક કચેરીઓમાં ભરતી થવાના કારણે થઈ રહયા હોય તો પછી યુરોપીયન કલેકટરો શું કરે છે? તેઓ આવા બધા બ્રાહ્મણોની

અપ્રમાણિકતા વિશે સરકારને રીપોર્ટ કેમ નથી કરતા?

જો:- અરે ભાઈ ! આ ભટ કર્મચારીઓની ચાલાકીને કારણે એમના (અંગ્રેજ અધિકારી) ટેબલ ઉપર કામનું ભારણ એટલું વધી જાય છે કે એમાંથી અનેક જરૂરી કામોને પૂરાં કર્યા બાદ મરાઠી કાગળો (ફાઈલ) ઉપર ફક્ત સહી કરતાં કરતાં નાકે તમ આવી જાય છે ત્યારે એ બિચારા આવા અનર્થોની તપાસ કરીને એ અંગે સરકારને રીપોર્ટ કયારે કરે ? તેમ છતાં પણ મારા સાંભળવામાં આવ્યું છે કે કોંકણ પ્રદેશમાં અનેક દયાળુ યુરોપીયન કલેકટરોએ અજ્ઞાની શૂદ્રો ઉપર જૂલમ કરવાવાળા ભટ ખોતો (કુલકર્ણીઓ) ના જુલમ સમાપ્ત કરી દીધા હતાં. આવા જૂલમો ખતમ કરી શકાય એટલા માટે અજ્ઞાની શૂદ્રો ના ઝધડામાં ખુદ ભટજીઓની વિરૂધ્ધ જઈને સરકારની સાથે એ વિષયમાં પ્રયત્નો કરી રહયા છે. પરંતુ એ દરમ્યાન બધા **ભટ ખોતો (કુલકર્ણીઓ) એ** અમેરીકન સ્લેવ હોલ્ડર (American slave Holder) ના જેવી તરકીબ શીખી મતલબી ધર્મની મદદથી અજ્ઞાની શૂદ્રોને જ સરકાર ના વિરૂધ્ધ ભડકાવવાને કારણે ઘણા ખરા અજ્ઞાની શૂદ્રોને યુરાપીયન કલેકટરના વિરૂધ્ધ કમર કસીને ઉભા કર્યા અને સરકારને નિવેદન કર્યું કે એમના (શૂદ્રોની) ઉપર જે ખોત-ભટો નો અધિકાર છે એને યથાવત રાખવામાં આવે. હવે આ ખોત ભટોએ શેતાનની માફક અજ્ઞાની શૂદ્રોને પોતાની સાથે રાખી આપણી ભોળી સરકારને જ અજ્ઞાની શૂદ્રોના વિરૂધ્ધ એમના એ પરોપકારી યુરોપીયન કલેકટરો ઉપર મનમાની કરી લઈ બાજી જીતી ગયા એ જોવા જેવી વાત છે.

ધોં:- આ રીતે જો અજ્ઞાની શૂદ્રો ભટોના ભડકાવવાની તરકીબમાં આવી જાય તો એનાથી એઓ ચારે બાજુથી નુકશાન વ્હોરી લે છે. બની શકે છે કે સમય જતાં કોઈ વખતે એમાણે ભટોની વાતો સાંભળી સરકારની વિરૂધ્ધ પોતાના હાથ ઉઠાવ્યા, તો એમને કેટલું નુકશાન થશે, કારણકે શૂદ્રોને ભટોની દાસતા (ગુલામી) માંથી મુક્ત થવાનો મોકો ફરીથી આવે એ ખૂબ જ કઠીન છે એટલા માટે શૂદ્રો દ્વારા આવું અનર્થકારી આચરણ ન થઈ જાય એના માટે જો આપને કોઈ યોગ્ય ઉપાય સૂજતો હોય તો એ ઉપાય અજ્ઞાની શૂદ્રોને જણાવવાથી કોઈ લાભ ન થાય પરંતુ આપણી દયાળુ સરકારને એકવાર સમજાવી તો જૂઓ ! તેમ છતાં પણ શૂદ્રોએ પોતાના હાથ ખંખેરી નાખ્યા હોય તો એમાં પછી તમે પણ શું કરી શકવાના?

જો:- **એનો ઉપાય છે ! આપણી દયાળુ સરકારે પહેલાં ભટ સમાજ ના સંખ્યાના પ્રમાણમાં બધી કચેરીઓમાં ભટ કર્મચારીઓની નિમણૂંક ન કરે એવો મત નથી, પણ એ જ પ્રકારે (પ્રમાણમાં) અન્ય (વર્ગના) કર્મચારીઓની પણ નિયુકિત કરે અને તેમ છતાં પણ જો તેઓ (નિમ્ન વર્ગ) ન મળે તો યુરોપીયન કર્મચારી ઓની નિયુકિત કરવી જોઈએ. તો પછી ભટ કર્મચારીઓ સરકાર અને અજ્ઞાની શૂદ્રોનું એટલું અહિત ન કરી શકે, બીજો ઉપાય એ છે કેજે યુરોપીયન**

કલેકટરોને મરાઠી ભાષા સ્પષ્ટ બોલતાં આવડે છે એવા બધા (યુરોપીયનો) ને જીવનભર પેન્સન આપી ગાંમડાઓના અજ્ઞાની શૂદ્રોની વચ્ચે રહેવા માટે તૈયાર કરે અને પેલા (લૂચ્ચા) ભટ કુલકર્ણી વગેરે કર્મચારીઓની ચાલાકી ઉપર દેખરેખ રાખે અને લગાતાર એમની પાસેથી કારભારનો હેવાલ મંગાવે. આમ કરવાથી બધી સરકારી પાઠશાળાઓના ભટ કર્મચારીઓની દગાબાજી (પોલ) ખુલી જશે અને થોડા જ સમયમાં આ પાઠશાળાઓમાં જે અવ્યવસ્થા થઈ ગઈ છે એનો પ્રબંધ થઈ સુધાર થશે અને આવા દુઃખી અજ્ઞાની શૂદ્રોને સાચું જ્ઞાન થવાથી તેઓ આ ભટોના કુતર્કી (ખોટા અર્થઘટનવાળા) અધિકારોને ધિક્કારી પોતાની રાણી (વિકટોરીયા) સરકારનો ઉપકાર કયારેય નહીં ભૂલશે. એવી મારી નમ્ર વિનંતિ છે કારણકે આપણા શૂદ્રોના ગળામાંથી ગુલામીની સાંકળ, કોઈ પણ જલ્દી તોડી શકે એમ નથી.

ધોંઃ- તો પછી તમે નાનપણમાં તલવારબાજી અને નિશાનબાજી નો અભ્યાસ શા માટે કરતા હતા?

જોઃ- આપણી દયાળુ અંગ્રેજ સરકારને (દેશમાંથી) ભગાડી મૂકલા માટે.

ધોંઃ- પરંતુ તમારૂં એ અગાઉનું અયોગ્ય વલણ કયાંથી પ્રાપ્ત કર્યું?

જોઃ- બે ચાર સુધારાવાદી ભટ વિદ્વાનો પાસેથી, તેઓ એનું કારણ (ધરમાં ચૂલાની પાસે) એવું સમજાવે છે કે આપણામાં ઘણી બધી જાતિના લોકો આપણા અનાદિ સિધ્ધ ધર્મ (!) વિશે અજ્ઞાની હોવાના કારણે આપણા લોકોની એકતા મરી પરવારી છે અને એના કારણે આપણામાં અનેક પ્રકારના જાતિભેદ થઈ ગયા અને એ રીતે આપણામાં ફાટફૂટ હોવાના કારણે આપણું રાજ અંગ્રેજોના હાથમાં ચાલ્યું ગયું. અને પોતાના અજ્ઞાની ધાર્મિક ભલાભોળા લોકોનું દેશાભિમાન મટી જાય એટલા માટે પોતાના (અંગ્રેજના) મતલબી ધર્મનો આધાર બનાવી એમને પોતાના ગુરુબંધુ (ખ્રિસ્તી) બનાવી રહયા છે એટલા માંટે આપણે બધી જાતિના લોકોને એકઠા નહીં કરી શકીએ. અને અમેરીકન ફ્રેંચ, રશિયન વગેરે લોકોની બરાબરી ન કરી શકીએ એવાં એમણે થોમસ પેન વગેરે સાહિત્યકારોની ચોપડીઓમાંથી અનેક વાકયો કાઢી એના આધારે મારા મગજમાં ઠસાવ્યું, આના ઉપરથી હું મારા યુવાનીના અમુક વર્ષ સુધી આવા તર્કવિહિન વિચારો કર્યા કરતો હતો, પરંતુ સમય જતાં જયારે હું આ ગ્રંથો વિશે ઉંડાણ-પૂર્વક વિચાર (અભ્યાસ) કરવા લાગ્યો ત્યારે મને એ સુધારાવાદિ (ભટોની) મતલબી ચાલાકીનો સાચો અર્થ સમજાયો. તે એમ હતું કે આપણે બધા શૂદ્ર લોકો અંગ્રેજોના ગુરુબંધુ (ખ્રિસ્તી) બની જવાથી એમના (ભટોના) પૂર્વજોના કૃત્રિમ ગ્રંથોનો તિરસ્કાર કરીશું અને એના કારણે એ (ભટ) જાતિનું અભિમાન રાખવાવાળા (ભટોની) પોલ ખૂલી જશે અને તેમને શૂદ્રોએ કરેલી મહેનતનો ફોકટનો રોટલો ખાવા નહીં મળે એટલું જ

નહીં પરંતુ બ્રહ્માના બાપથી પણ એમ ન કહી શકાય કે શૂદ્રોથી ભટો ઉંચા છે. અરે ભાઈ ! જે લોકોના મૂળ પૂર્વજોને દેશાભિમાન શબ્દ કોને કહેવાય એની ગતાગમ પણ ન હોય, તેઓ એનો એવો અર્થ તારવે છે ત્યારે આપણને આશ્ચર્ય ન થવું જોઈએ. કારણકે અંગ્રેજ લોકોએ બલીરાજા (ઈશું) ના આગમાન પૂર્વે દેશાભિમાન ગ્રીક લોકોની પાઠશાળામાંથી શિખ્યું છે. પરંતુ ત્યાર બાદ તેઓ પેલા બલીરાજા (ઈશુ) ના વિચારો ના અનુયાયી બન્યા, ત્યારે એમનામાં એ સદગુણ એટલો વધુ પ્રબળ બની ગયો કે એની સરખામણી કોઈ પણ ધર્મનો અનુયાયી ન કરી શકે. જો તેઓ (ભટ) એમ સમજતા હોય તો તેઓમાંથી કોઈક બલી (ઈશુ) ના અનુયાયી અમેરીકન જ્યોર્જ વાશિંગટન ના નામની બરોબરી કરે એવા એમના કોઈ મહાપુરુષનું નામ લઈ શકતા નથી. તેઓ કદાચ બલીના અનુયાયી ફ્રાંસના લફેટેનું નામ લઈ શકે છે તો પણ તેમને કોઈ ખોટા નહીં ઠેરવે. અરે ભાઈ ! આ સુધારાવાદી (ભટ) વિદ્વાનોના પૂર્વજોને જો સ્વદેશાભિમાન શબ્દ ખબર હોત તો તેઓએ તેમના પુસ્તકોમાં પોતાના જ દેશબાંધવ શૂદ્રોને પશુથી પણ નીચ માનવા માટેના લેખો (ગ્રંથ) લખીને ન રાખ્યા હોત. તેઓ માનવમળ મૂત્ર ખાવાવાળાં પશુ (!) નું ગો-મૂત્ર પીઈને પવિત્ર થઈ શકે છે, પરંતુ શૂદ્રોના હાથમાંથી નળના સ્વચ્છ પીવાના પાણીને અપવિત્ર માને છે. વારૂ ! આ સુધારાવાદી વિદ્વાનોના પૂર્વજાએ ગ્રીસીયન લોકોના પવિત્ર દેશાભિમાનના વિરૂધ્ધ જે પોતાના અપવિત્ર દેશભિમાનનો પ્રશ્ન ઊપસ્થિ કર્યો હતો એ કોના પ્રતાપે આપણને સમજાયું ? અલબત્ત અંગ્રેજ લોકોના પ્રતાપે, અને આવા પરોપકારી લાકા એટલે કે આપણને ભટોની ગુલામીમાંથી મુકદ કરવાવાળા લોકોને આ દેશમાંથી ભગાડી મૂકવાની એમની (ભટોની) ચાલ કોણ માનશે? એવો કોણ મુરખ હોય કે જે પોતાનો જીવ બચાવવા વાળાનો જ પ્રાણ લઈ લે ? **પરંતુ હું તને જણાવું છું કે અંગ્રેજ લોકો (આ દેશમાં) આજે છે અને કાલે નથી, તેઓ જન્મ જનામાંતર સુધી અહીં રહેશે એમ કોઈ ચોકકસણે કહી શકે નહીં એટલા માટે જયાં સુધી એમનું શાશન આ દેશ ઉપર છે, ત્યાં સુધીમાં બની શકે એટલું જલ્દી ભટોની પરંપરાગત ગુલામીમાંથી મૂકિત મેળવવી એમાં જ ડહાપણ છે દેવજી (ભગવાને) એ શૂદ્રો ઉપર એકવાર દયા કરતાં અંગ્રેજ બહાદૂર દ્વારા ભટ લોકોનો બળવો (ગદર) વિફળ કરી નાખ્યો એ બરાબર થયું, નહીં તો તેઓ (ભટ) શાદવલીની સામે લિંગ ઉપર રૂઢ ચડાવવા વાળા સુધારાવાંદી ભટોએ તો અત્યાર સુધી અનેક મહારો (અસ્પૃશ્યો) ને ધોતી પહેરવા માટે અથવા તો ભજનોમાં સંસ્કૃત શબ્દોના ઉચ્ચાર કરવા માટે દોષી ઠેરવી કાળાપાણીની સજા કરી હોત.**

ભાગ-૧૫

સરકારી પાઠશાળાઓ, મ્યુનિસીપાલીટી, દક્ષિણા (ઈનામ) પ્રાઈઝ કમિટી, ભટ સમાચાર પત્રકારોની એકના અને શૂદ્ર અતિશૂદ્રોના બાળકો શિક્ષણ ગ્રહણ ન કરી શકે એટલા માટે ભટોના કારસ્તાન વગેરે વિશે.

ધો.:- સરકારી પાઠશાળાઓનાં ભટ કર્મચારીઓ ગેરરીતી કરે છે એ કેવી રીતે કરે છે ?

જો.:- અત્યારે જે પુસ્તકના કારણે બધા ભટોનાં ગ્રંથોની દગાબાજી (પોલ) ઊઘાડી પડી જશે અને એના કારણે એમના પૂર્વજોની નામોથી થશે, એવો એમને ડર સતાવી રહ્યો છે એના માટે તેઓ પોતાની દયાળુ સરકારના પ્રતિનિધિઓને એકલા મળી અને ક્યારેક ક્યારેક પોતાના સમાચાર પત્રોમાં એમને સૂફિયાણી સલાહ ધ્વારા એમણે (ભટોએ) બધી સરકારી સ્કૂલોમાંથી એ પુસ્તકને જ રદ કરી નાખ્યું (આ સંદર્ભ બાઈબલ ગ્રંથ વિશે છે કે જે અંગ્રેજોના સમયમાં સ્કૂલોમાં ભણાવવામાં આવતું) અરે ભાઈ, આવા સાંપ્રત સમયમાં જેઓ એ પુસ્તક (બાઈબલ)ના શિષ્યો કહેવડાવે છે, એજ સરકારે બેચાર મતલબી સુધારાવાદી ભટોની સલાહ માનીને બધી જ સરકારી સ્કૂલોમાં થી એ ગ્રંથ (બાઈબલ)ને રદ કર્યો ત્યારે અગાઉના અજ્ઞાની લોકોએ બેચાર ધર્મભષ્ટ ઢોંગી લોકોના કહેવાથી એ ઊપદેશકર્તા (ઈશુ) ને જ સુળી ઊપર ચઢાવી દીધો એ વાત ઊપર આપણે બહુ આશ્ચર્ય કરવાની જરૂર નથી.

ધો.:- તો એમાં સરકારનો શું વાંક છે ?

જો.:- જો સરકારનો આ બાબતમાં દોષ નથી એમ માનવામાં આવે ત્યારે સરકારે જે સુધારવાદી ભટોની સલાહ અનુસાર જેવી રીતે પવિત્ર પુસ્તક (બાઈબલ) ને રદ કરી નાંખ્યું, અને એ પુસ્તકના વિરોધી લોકો (ભટો) એ બનાવેલાં પુસ્તકો સરકારી સ્કૂલોમાં ચાલૂ કરવા માટે એ લોકો (ભટો) ની જ શૂંદ્રોની સ્કૂલોમાં અધ્યાપક તરીકે નિમાણૂંક શા માટે કરી ? કારણકે આ વિષય ઊપર મનન કરતાં એવું, સાબિત થાય છે કે જે પ્રતિવાદીઓએ એ પવિત્ર પુસ્તક (Holy Bible) ને સરકારી સ્કૂલોમાંથી રદ કરાવ્યું, એ બધા લોકોએ રચેલ નવાં પુસ્તકો બધી સરકારી સ્કૂલોમાંથી રદ કરવાને બદલે એનાથી ઊલટું સરકાર એમને ખૂબ ખૂબ અભિનંદન આપી, એમની જ સરકારી સ્કૂલોમાં નિમાણૂંક કરી એ લોકોને પેલા પવિત્ર પુસ્તકના વિરૂધ્ધમાં શૂદ્રોને ઊપદેશ આપવાના કાર્યને છૂટો દોર શા માટે આપ્યો ? એટલા માટે આપણી ભોળી સરકારે પેલા પવિત્ર પુસ્તકની જેમ બધી સરકારી સ્કૂલોમાંથી આવા પ્રતિવાદીઓને પુસ્તકો સાથે જ તગેડી મૂકવાનું કામ નથી થતું ત્યારે, આપણી સરકાર મહેરબાની કરીને બધી સરકારી સ્કૂલો બંધ કરી દે અને શાંત બેસી જાયતો કદાચ અમારા શૂદ્રો ઉપરથી સરકારી કરો (મહેસુલ) નો ભાર ઓછો થઈ જાય. કારણ કે વિધાલયોના પ્રમુખ ભટ કર્મચારી (Head Master) ને માટે ઓછામાં ઓછો પ્રત્યેક મહિને 600 રૂપિયા એટલે કે વાર્ષિક 7200 રૂપિયા પગાર

ચૂકવવાનો હોય છે. અંદરની કમાઈ તો વળી અલગ પરંતુ ઊપરની કમાણી જ જો માની લેવામાં આવે તો એટલા પૈસા કમાવા માટૈ શૂદ્રોના કેટલાયે પરિવારોને એક વર્ષ સુધી રાત દિવસ ખેતીમાં મજૂરી કરવી પડે ! કદાચ એક હજાર પરિવારો જરૂરી હોઈ શકે છે. (!!!) સારૂ આટલા બધા પૈસાની સરખામણીમાં આ બધા બ્રૃહસ્પતિ ધ્વારા શૂદ્રોને કોઈ લાભ મળે છે ? અરે ભાઈ ચાર આના પ્રતિદિવસ કમાવા વાળા શૂદ્ર બેગારી (કામદાર) એ તડકાના તાપમાં સૂરજ ઊગે ત્યારથી લઈને આથમે ત્યાં સુધી ભાર ઊપાડવાનું કામ કરવું પડે છે એને બહાર કયાંયે જવા માટે ફૂરસદ જ નથી મળતી, અને ૨૦ રૂપિયા રોજ કમાવાવાળા ભટ કર્મચારીને સ્કૂલોમાં ખુલ્લી જગ્યામાં ખૂરશી ગોઠવી કામ કરતાં રોજ સવાર સાંજના સમયે પોતાના બધા લોકો (સગા સંબધી) ને મળવા માટે ખૂબ ગર્વ પૂર્વક બગીમાં બેસીને સડકો ઊપર ફરવા માટે ફૂરસદ કેવી રીતે મળે છે ? અરે ભાઈ એણે શહેરના મહોલ્લે મહોલ્લે ફરીને શિક્ષણથી શા લાભ થાય છે, એના વિશે અજ્ઞાતી લોકોને ઊપદેશ આપવાને બદલે આમ તેમ ફરવામાં સમય વ્યકિત કરે છે એના કરતાં તો મિશનરીનું કાર્ય કરી પ્રત્યેક મહિને દશ (૧૦) રૂપિયા ખર્ચ સ્વિકારવાવાળા ઊપદેશક એમનાં કરતાં હજાર ધણા ઊત્તમ કેમ નથી ? કારણકે જે શહેરમાં આવો ઊપદેશક રહે છે એ શહેરના બધાં બાળકથી વૃધ્ધો સુધી આ ઊપદેશક છે એમ જાણતા હોય છે. પરંતુ આ નવાબો (પંતુજી) ને એના નીચેના માળે રહેતા પરિવારોને પણ ખબર નથી પડતી કે આ મહાશય કોણ છે? અરે ભાઈ આ માણસ પોતાના ઊપરી યુરોપીયન અધિકારી સાથે રોજ આમ તેમ ના ગપ્પાં મારી જયારે ઈચ્છા થાય ત્યારે કલાક બે કલાક સ્કૂલમાં શિખવી એ ઊપરી અધિકારીને બે ચાર લેખિત હેવાલ મોકલી આપે છે, બસ આટલું જ એનું કામ ! અને આવી વ્યકિત (શિક્ષક)ને ચાર સારા માણસો ઈમાનદાર સેવક અને દેશાભિમાની કહે છે, અરે ભાઈ આ ઈમાનદાર ભટ સેવકો આજે સ્કૂલોના લાખો રૂપિયા ચાંઉ કરી ગયા છે. છતાં પણ આ લોકો ધ્વારા કોઈ અતિશૂદ્રને વિદ્યા આપી એને મ્યુનિસીપાલીટીના સભ્યો (Member) બનાવ્યાનું કામ પણ નથી કર્યુ. આ ઊપરથી તું વિચાર કરીને જો કે આ સ્કૂલોમાં બધાજ ઈમાનદાર નોકરો અહીનાં અજ્ઞાની અતિશૂદ્રો વિશે કેટલી સહાનુભૂતિ ધરાવે છે ? એટલું જ નહીં પંરતુ આ દેશાભિમાની, મ્યુનિસીપાલીટીના મુખ્ય અધિકારી હતા, ત્યારે એમના ધ્વારા ગયા વર્ષે વરસાદના દુકાળના સમયે અતિશૂદ્રોને (ભટો) સરકારી હોદ્દાઓ ઊપર હોવા છતાં પીવાના પાણી માટે પણ પ્રબંધ કરવામાં કંઈ મદદ ન મળી એટલા માટે મ્યુનિસીપાલીટીમાં અતિશૂદ્રોની સભ્ય તરીકે નિમણૂંક કરવાની કેટલી તાતી જરૂર છે ?

તમારૂં કહેવું બિલકુલ યોગ્ય છે. પરતું મેં એવું સાંભળ્યું છે કે આજકાલ મ્યુનિસીપાલીટી સમીતીમાં શૂદ્રોમાં અનેક સભ્યો એટલા વિદ્વાન છે કે તેઓ

પોતાની સહમતી આપતી વખતે યત્રંવત્ એમની મૂંડી (ડોક) હલાવી ફકત હાં અથવા ના કહે છે. કારણકે જે લોકો પોતાની (પોતાના માણસોની) દરખાસ્ત (રજૂઆત) કરવી પણ જાણતા નથી આવા (શૂદ્ર) લોકો સૂન્ય જેવા છે. આવા સદસ્યોમાંથી સમીતી માં ખુરશી ઊપર બેસી પોતાનું માથુ હલાવી ફકત સહી કરવાવાળા સભ્યો, શું અતિશૂદ્રોમાં મળી શકે છે ?

જો. આવા શુદ્ર સભ્યોથી હજાર ઘણું સારૂં લખવા વાંચવાનું જાણવાવાળા અનેક અતિશૂદ્ર મળી શકે છે. પંરતુ ભટોના મત્તલબી ગ્રંથોના કારણે બધા અતિશૂદ્રોને અડકવાની મનાઈ હોવાના કારણે એ સ્વાભાવિક છે કે એ વિચારોને શૂદ્ર સભ્યોની માફક બધા લોકોમાં હળીમળી જઈ પૈસાવાળા બનાવવાની તક ન હોવાના કારણે એ લોકો હજી પણ ગધેડા હાંકી પોતાનું ગુજરાન ચલાવે છે.

ધો. બધું મળીને દરેક જાતિઓની અલગ અલગ સંખ્યાનું, પ્રમાણ રાખતાં સમીતિમાં કઈ જાતિના સભ્યોનું પ્રમાણ વધુ છે ?

જો. ભટ જ્ઞાતિના લોકોનું

ધો. એટલા માટે મ્યુનિસિપાલીટીમાં બેગારી અને ભંગી સિવાય ભટ કર્મચારીઓની સંખ્યા સૌથી વધુ છે તેઓમાંથી નળવાળા (Plumber) કામદારો ભટ હોવાના કારણે તેઓ સખત ગરમીમાં પોતાની જાતિના દરેક ભટ લોકો પોતાનાં ધોતી કપડાં ધોઈને મોજ કરે છે. અને બાકીના બધાં પાણી વધુ હોય તો પણ જે જે મહોલ્લાઓમાં ગરીબ શૂદ્રોની વસ્તી છે, એ દરેક મહોલ્લાના પાણીની ટાંકીમાં બપોર બાદ કોઈ સડક ઊપર જઈ રહેલ રાહદારીને તરસ મટાડવા માટે પાણીનું ટીપું સુધ્ધાં નથી મળતું, તો પછી ધોવાધાવાની તો વાત જ કયાંથી ? એના સિવાય ભટોના રહેઠાણોમાં કેટલા નવા ટાકાં બનાવ્યા છે અને જૂનાગંજ ઠેકા વગેરે મહોલ્લાના લોકો આજે પણ કેટલાયે વર્ષોથી ટાંકાની માંગણી કરી રહ્યા છે. પરંતુ સમિતીમાં ભટ સભ્યોની સંખ્યા, વધુ હોવાના કારણે ગરીબ લોકો માટે કોઈ વિચારતું પણ નથી પંરતુ છેવટે જયારે ગયા વરસે પાણીની ખૂબ ખેંચ પડી ત્યારે મિઠગંજના મહાર-માંગો (અતિશૂદ્રો) એ કાળા ટાંકોને અડકી લીધો અને એમાંથી પાણી ભરવા લાગ્યા. ત્યારે કંઈ સમિતીને ભાન થયું અને એમની ફરિયાદ સાંભળવામાં આવી. પંરતુ આ સમીતિએ ટાંકો બનાવવા માટે એટલો બેહદ ખર્ચ કર્યો કે એ મુખ્ય અધિકારીની બુધ્ધિ અને એના પદને શોભા નથી આપતું સમિતીમાં આટલો અંધેર કારભાર હોય તો પછી એના વિશે મરાઠી સમાચાર પત્રોવાળા સરકારની આંખ ઊઘાડવા કેમ કંઈ કરતાં નથી ?

જો. અરે ભાઈ બધાંજ સમાચારપત્રો વાળા ભટ હોવા ના કારણે એમણે પોતાની જાતભાઈના વિરૂધ્ધ લખવાની ઈચ્છા કેવી રીતે થાય ? જયારે યુરોપીયન મુખ્યઅધિકારી હતો ત્યારે તે ભટ લોકોની ચાલબાજી ચાલવા દેતો ન હતો પંરતુ ત્યારે આ ભટ લોકોએ સંપ કરીને તેના (અંગ્રેજ) વિરૂધ્ધ એટલી બધી ફરિયાદો કરીને બુમરાણ મચાવતા હતા કે છેવટે કંટાળીને એ અધિકારીએ પોતાના પદ ઊપરથી રાજીનામું આપી દીધું અને ત્યાર બાદ આ સમિતિ તરફ પાછું વળીને જોયું પણ નથી. વારૂ આપણી દયાળું સરકાર પણ મતલબી સમાચાર પત્રોવાળાનું જ કહ્યુ સાચું માને છે પંરતુ એ એમની મોટી ભૂલ છે. સરકારને એ ખબર નથી કે આ ભટ સમાચારપત્રકારો નું અને શૂદ્ર-અતિશૂદ્રોનું જીંદગીભર એક વાર પણ મિલન થયું નથી. એમાં પણ ઘણા બધા શૂદ્રોને સમાચારપત્ર કયા જાનવરનું નામ છે, એ વાત પણ સમજાતી નથી. ત્યારે આવા અજ્ઞાન શૂદ્ર-અતિશૂદ્રોના વિચાર આ (ભટ) વર્તમાન પત્રકારોને કયાંથી અને કેવી રીતે સમજણ પડે ?એમણે સરકારની હાંસી ઊડાવી અજ્ઞાની લોકોનું મનોરંજન કરી પોતાનું પેટ ભરવા માટે આ નવો સુધરેલો ધંધો શરૂ કર્યો છે જો એમ ન થાય તો બધી જ કચેરીઓમાં એમની જાતિના લોકોની નિમણૂકં થવાના કારણે બંધા જ શૂદ્ર-અતિશદ્રોને નુકશાન થઈ રહ્યું છે, એના વિશે યોગ્ય તપાસ કરવા માટે ફૂરસદ જ નથી. અને સમુદ્રની પેલે પાર લંડનમાં રાણી સરકારના વડાપ્રધાને પોતાના સ્વપ્નમાં ભારત (હિન્દુસ્તાન) વિશે શું કહ્યુ ? એના વિશે સંપૂર્ણ સમાચારને શોધી કાઢી પ્રકાશિત કરવાની ફૂરસદ જ કયાંથી મળે ? ચાલો એ જવાદો, જો કોઈ મરાઠી, ખ્રિસ્તી પત્રકાર સમિતિમાં ગરીબ લોકોની ખબરઅંતર પૂછાતી નથી એવા સમાચાર પ્રકાશિત કરે તો એ મરાઠી સમાચાર પત્રના સમાચારનું અગ્રેજી ભાષાતંર કરીને સરકારને બતાવવાનું કામ પણ સમિતિના એક ભટ સભ્ય જ કરે છે. ત્યારે હેવાલ તૈયાર કરીને પોતાની સાથે કામ કરવાવાળા જાત ભાઈની ફિકર ન કરતાં એના સમાચાર વિરૂધ્ધ અભિપ્રાય આપવાની હિમ્મત કેવી રીતે થઈ શકે ?

ધો. આમ ચારે બાજૂ ભટ સભ્યોની નિમણૂંકને કારણે બધી જાતિના લોકોને નુકશાન થઈ રહ્યું છે, ત્યારે આ વિષય ઊપર પૂરાવા તરીકે નાનકડી પુસ્તિકા લખીને દક્ષિણા ઈનામ (Prise) આ સમિતીને ભેંટ આપો જેથી એમ કરવાથી સરકારની આ વિષયે આંખ ઊઘડી જશે.

જો. ભટ જોષી પોતાના મતલબી ધર્મવિશે જૂઠી જૂઠી વાતો અજ્ઞાની શૂદ્રોને બતાવી એ લોકોને કેવી રીતે ફસાવે છે અને ખ્રિસ્તિ ઊપદેશક પોતાના નિષ્પક્ષપાતી ધમર્નાં આધારે અજ્ઞાની શૂદ્રોને સાચું જ્ઞાન આપી કેવી રીતે સત્યના રસ્તે ચાલવું એ શિખવે છ. આ બધી વાતો વિશે મે એક નાનું નાટક *લખીને ઈ.સ. ૧૮૫૫ માં દક્ષિણા પ્રાઈઝ કમિટીને ભેટ આપ્યું છે પરતું ત્યાં પણ આવા ભટ સદસ્યોના આગ્રહ સામે યુરોપીયન સભ્યોનું કઈ ચાલી શકતું નથી.

ત્યારે એ સમિતિએ મારી અરજ નામંજૂર કરી અરે ભાઈ ! આ દક્ષિણા પ્રાઈઝ કમિટી મ્યુનિસિપાલીટીની જ એક નાની બહેન છે એમ કહેવામાં કોઈ અતિશયોકિત નથી. કારણકે આ કમિટિએ શૂદ્રોની ઊશ્કેરણી કરવા માટે કેટલીયે જગ્યાએ શૂદ્રોમાં જયોત જગાવી પ્રકાશ પાથર્યો એવું તમે મને કહો છો. છેવટે મેં એ પુસ્તક એક બાજૂએ મૂકી દીધું અને કેટલાંક વર્ષો વિત્યા બાદ બીજી નાની સરખી 'બ્રાહ્મણોની ચાલાકી' વિશે એક નવી ચોપડી લખી અને મારા સ્વખર્ચે એને છપાવીને પ્રકાશિત કરી ત્યારે મારા એક મિત્રે એ ચોપડીની થોડી પ્રતિઓ એક સરકારી સ્કૂલોના મખ્ય અધિકારી ખરીદે એટલા માટે મારી પાસે અમુક સૂચના પત્ર લખાવી મોકલી આપી. પરંતુ આ કાર્યમાં ભટોના ડરથી એક પણ ચોપડી ખરીદ કરી, કોઈએ પોતાના નામે કોઈ ડાધ લગડવાનું કામ ન કર્યું.

* આ નાટક "તૃતીય રત્ન" નામે હતું એ નાટકનો સદર્ભ આ ગ્રથમં હોવાના કારણે આ નાટક બાદ શોધખોળ કરવામાં આવી હતી અને એ પ્રાપ્ત પણ થયું. રાષ્ટ્રપિતા જોતિબા ફૂલેજીએ આ નાટકનો સંદર્ભ અહીં આપી બ્રાહમણોના ખડયંત્રોને ઊઘાડાં પાડયાં એટલા માટે ફૂલેજીનું એ નાટક ભારતિય સાહિત્યમાં પ્રથમ દેશી તથા સ્વતંત્ર નાટકની હેસિયત જોવામાં આવે છે.–સંપાદક.

ભાગ-૧૬

– બ્રહમરાક્ષસના અન્યાચારનો તિરસ્કાર

ધો. તમારી સંપૂર્ણ વાતચીતથી એવું સાબિત થાય છે કે બધા ભટોએ મળીસમજીનેજ પોતાના કૃત્રિમ ધર્મની આડમાં આપણી ભોળી સરકાર ની આંખમાં ધૂળ નાંખી, આપણે બંધા શૂદ્ર આદિ અતિશૂદ્રો ઊપર અમેરીકા ના ગુલામો કરતાં પણ અતિશય અત્યાચારો કરી રહ્યા છે. એટલા માટે તમે આ ભટોના બનાવટી ધર્મને જાકારો આપી પોતાના અજ્ઞાની ભાઈઓને જાગૃત કેમ નથી કરતા ?

જો. મેં ગઈકાલે જ આ સંબંધી એક પત્ર લખ્યો છે કે જે મારા એક મિત્રને સોંપતા એને વિનંતિ કરી છે કે એ આ પત્રની હૃસ્વ-દીર્ઘની ભૂલોને સુધારી એની એક પ્રત ભટ સભા અને ખ્રિસ્તી સમાચાર પત્રકારોની પાસે એમના અભિપ્રાય માટે મોકલી દેવામાં આવે એ પત્રની એક પ્રતિ આ પ્રમાણે છે.

શૂદ્રો બ્રહ્મરાક્ષસોની ગુલામીમાંથી નીચે પ્રમાણે મુકિત મેળવી શકે છે.

મૂળ ભટોના પૂર્વજો (ઈરાની લોકોએ આ દેશમાં ખૂબજ આંતક મચાવી અહીંના આપણા મૂળનિવાસી પૂર્વજોને યુધ્ધ કરીને જીતી લીધા અને એમને પોતાના દાસ(સેવક) બનાવ્યા. આગળ જતાં જેમ જેમ તક મળતી ગઈ તેમ તેમ ભટોએ પોતાના જોરે અનેક પ્રકારના મતલબી ગ્રંથોની રચના કરી એ બધા (શાસ્ત્રો) નો એક મજબૂત કિલ્લો બનાવી દીધો,અને એમાં (શદ્ર-અતિશૂદ્રોને) અનેક પ્રકારની યાતનાઓ (કષ્ટો) આપી તેઓ અત્યાર સુધી મજા લૂંટી રહ્યા છે. એટલામાં જયારે અંગ્રેજ બહાદૂરની આ દેશ ઊપર હૂકૂમત આવી ત્યારથી આપણાં દયાળુ યુરોપીયન અને અમેરીકન મહાપુરુષોથી આપણું દુઃખ દેખી ન શકાયું ત્યારે એમણે આપણા બંદીખાનાઓમાં રોજ આવીને આપણને ઊપદેશ આપ્યો કે અરે બાબા તમે પણ અમારા જેવાં જ માણસો છો. તમારો અને અમારો નિર્માણકર્તા અને પાલનકર્તા એક જ છે અને તમે પણ અમારી જેમ દરેક અધિકાર માટે યોગ્ય છો, તો પછી તમે આ ભટોના વર્ચસ્વને કેમ સ્વિકારી લીધું છે ? આમ અનેક પ્રકારની પવિત્ર સૂચનાઓ ઊપર વિચાર કરી મારો પોતાનો અધિકાર હું સમજી ગયો, અને એ કેદખાનાના કૃત્રિમ ગઢના બ્રહમ દરવાજા ઊપર લાત મારી, બહાર આવ્યો અને આપણા નિર્માણ કર્તાનો આભાર વ્યકત કર્યો

હવે હું આ પરોપકારી ઊપદેશકના આંગણામાં (મારો) તંબૂ તાણી થોડી વિશ્રાંતિ લેવા પહેલાં પ્રાર્થના કરૂં છું કે .....

ભટોના જે મુખ્ય મુખ્ય ગ્રંથોના આધારે આપણે ભટોના દાસ (ગુલામ) છીએ એવા એમના અનેક ગ્રથોમાં લેખો મળી આવે છે. એ બધા ગ્રથોનો અને એનો જે જે ગ્રંથો સાથે સંબંધ છે, એ બધા જ ગ્રંથોનો અસ્વિકાર (તિરસ્કાર કરી જે ગ્રંથોનો પછી ભલેને એ કોઈ પણ દેશ અથવા ધર્મના વિચારવંત વ્યકિતએ લખ્યો હોય) દરેક વ્યકિત એક સમાન ઊપભોગ લઈ શકે છે એવા ગ્રંથનું હું આપણા નિર્માણકર્તાના સંબંધમાં શ્રધ્ધા રાખી એ પ્રકારેજ આચરણ કરીશ.

બીજું એ કે જે લોકો પોતાના એકતરફી જાતાભિમાનના બળે અન્ય કોઈને પણ નીચ માનવાનું આચરણ કરે છે એ લોકોને એવું આચરણ કરવાની પરવાનગી આપી આપણા નિર્માતાના બનાવેલ પવિત્ર નિયમોને લાંછન નહીં લાગાડું.

ત્રીજુંએ કે જે દાસ (શૂદ્રો) ફકત પોતાના નિર્માતાને માનીને એની નિતીને અનુરૂપ મુકત મહેનત કરવાનો નિર્ણય લઈ એજ પ્રકારનું આચરણ કરી રહ્યા છે, એવો એમના વિશે મને વિશ્વાસ છે જ અને હું ફકત એમને જ મારો પરિવાર-કૂટુંબના ભાઈ સમજીને એમની સાથે ખાવાપીવાનો વ્યવહાર રાખીશ, પછી ભલે એ કોઈપણ દેશનો કેમ ન હોય. આગળ જતાં કોઈ પણ સમયે (કયારેય) મારા અજ્ઞાની પીડિત શૂદ્ર ભાંડુઓ કોઈ ભટની ગુલામીમાંથી છૂટવાની ઈચ્છા થતાં જ એ મને ઓછામાં ઓછો એકવાર કૃપા કરીને એના પોતાના નામે એક કાગળ લખીનેમોકલવાથી મારા આ કાર્યમાં મને ખૂબજ હિંમ્મત આવી જશે જેનામાટે હું એમનો આભારી રહીશ.

લિ.
જોતિરાવ ગોવિંદરાવ ફૂલે

5 ડિસેમ્બર ઈ. સ. 1872
જૂનાગંજ ક્રમાંક -527
પૂના.

ધો. **તમારા ઊપરોકત કાગળના દરેક સૂચનો મને પસંદ આવ્યાં છે અને હું એજ પ્રમાણે આચરણ કરીશ. આજે હજ્જારો વર્ષોની ભટોની કૃત્રિમતા અને યાતનાથી ભરેલા કેદખાનામાંથી છૂટવાના કારણે હું ખૂબ જ ખૂશ છું અને એના માટે હું તમારો ઋણી રહીશ. ટૂકમાં તમારી આ બધી વાતો સમજાવવાને કારણે હિંદૂ ધર્મની કૃમિતા વિશે મારો સંપૂર્ણ વિશ્વાસ બંધાઈ ગયો છે, પંરતુ જે એક પરમેશ્વરને આપણે જાણીએ છીએ અને સૌ જ્ઞાની લોકો માને પણ છે કે, એ પરમેશ્વરને એ સર્વસાક્ષી અને સર્વજ્ઞ હોવા છતાં પણ આપણે શૂદ્ર આદિ**

અતિશૂદ્રોને શું આવી દયનિય હાલત નજરે નથી પડતી ?

જો. એ વિષય ઊપર આગળ જતાં કોઈક વાર, હું તમને બધી વાતો વિસ્તારપૂર્વક સમજાવીશ ત્યારે તમને વિશ્વાસ બેસી જશે

-------- સમાપ્ત --------

આ પત્ર વિશે જે વર્તમાન પત્રકારોના અભિપ્રાય પ્રાપ્ત થયા છે એ નીચે પ્રમાણે છે.

લોકકલ્યાણેચ્છુક

પૂના શનિવાર દિ. 4 જાન્યુઆરી 1873 આપણા પ્રખ્યાત મહાજ્ઞાની, મહાનવિચારક તથા મહાશંશોધક તત્વેત્તા આદરણિય જોતિરાવ ગોવિંદરાવ ફૂલે, એમણે એક મહાન વ્યકિતની ભલામણથી એક અપ્રયોજક, પ્રકારનો આત્મસંશોધનનો અને બ્રાહમણોની ટીકા કરવાળો એક પત્ર અમારી પાસે મોકલ્યો છે. એ પત્રને અમારા સમાચાર પત્ર (News Paper) માં સ્થાન મળવું સંભવ નથી એટલા માટે ઊપરોકત આદરણિય, ફૂલે અમને માફ કરે.

શુભ વર્તમાન દર્શક અને ચર્ચા સંબંધિત અનેક પ્રકારના પત્રવ્યવહારનો સગ્રંહ

કોલ્હાપુર દિ. ૧ ફેબ્રુઆરી ૧૮૭૨ પૂનાના નેટીવ (Native) સમાચાર પત્રકાર નિમ્નલિખિત પત્રને પોતાના સમાચાર પત્રોમાં જગ્યા નથી આપતા, એટલા માટે આ પત્ર બીજા સંમાચાર પત્રોમાં પ્રકાશિત કરવામાં આવે, એવી મિસ્ટર જોતિરાવ ગોવિંદરાવ ફૂલે, એમની ઈચ્છા હોવાના કારણે અમે એ પત્રને આ અંકમાં સમાવેશ કરી રહ્યા છીએ કદાચ અમારા હિન્દૂ મિત્રોને આ વિવશતા કંઈક અંશે નિંદાજનક લાગશે, પંરતુ એમાં (પત્રમાં) જે અભિપ્રાય વ્યકત કરવામાં આવ્યો છે એ સત્ય જ છે એવું અમને લાગે છે કારણ કે ખરેખર તો બ્રાહમણોના જાણાવ્યા મૂજબનો જાતિભેદ છે જ નહી એવું મિસ્ટર જોતિરાવના ધ્યાનમાં આવવાના કારણે, એમાણે હું કોઈ પણ વ્યકિતની સાથે ખાવાપીવાનો વ્યવહાર કરીશ એ વાત ખૂબ જ સાહસની સાથે કહી છે. આવી હિંમ્મત રાખવાવાળા પુરુષો આ દેશમાં વધુ થી વધુ પ્રમાણમાં જલ્દીથી જન્મ લે ।

મૂળ નિવાસી પબ્લિકેશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ગુજરાતી પુસ્તકોની યાદી

	પુસ્તકનું નામ	મૂલ્ય
૧.	બંધારણ સાથે શાસકજાતિઓનો વિશ્વાસઘાત	૧૦/-
૨.	શું મૂળનિવાસી બહુજન હિન્દુ છે ? અર્થાત્ ગુલામ બનાવનારનો અને ગુલામોનો ધર્મ એક હોઈ શકે ?	૧૦/-
૩.	બામસેફ સંગઠન તથા તેના કાર્ય તરફ જોવાનો દૃષ્ટિકોણ	૧૦/-
૪.	કિસાનોનો કોરડો	૨૦/-
૫.	સામાજિક ક્રાંતિના પ્રણેતા રાષ્ટ્રપિતા જોતિરાવ ફૂલે અને ક્રાંતિ જ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે	૬૦/-
૬.	આધુનિક ભારતમાં ક્રાંતિ અને પ્રતિક્રાંતિ	૨૦/-
૭.	શું વર્તમાન દ્વિદલીય સંસદીય પ્રણાલીમાં મૂળનિવાસી બહુજનોની સમસ્યાઓનું સમાધાન છે ?	૧૦/-
૮.	પોતાની મૂળ ઓળખ ભૂલી જવી એ ધર્મપરિવર્તિત મૂળનિવાસીઓની રાષ્ટ્રીય સમસ્યા છે.	૧૦/-
૯.	એલ.પી.જી. (ભારતને ગુલામ બનાવવાનું કાર્યક્રમ)	૨૫/-
૧૦.	મૂળનિવાસી આદિવાસીઓનું બ્રાહ્મણીકરણ	૧૦/-
૧૧.	'જાતિ' સમાજને તોડવાનું બ્રાહ્મણવાદી હથિયાર	૩૦/-
૧૨.	બ્રાહ્મણધર્મ મૂળનિવાસી બહુજનોને ગુલામ બનાવવાનું ષડયંત્ર	૧૦/-
૧૩.	શાસકજાતિઓની આદિવાસીઓ સાથે દગાબાજી	૩૦/-
૧૪.	દરેક પ્રકારના પરિવર્તનનું મૂળ વિચારપરિવર્તન	૩૦/-
૧૫.	આપણો ઉદ્‌ઘોષ 'જયમૂળનિવાસી'	૧૦/-
૧૬.	એસ.ઈ.ઝેડ (S.E.Z) ના દુષ્પરિણામો	૨૦/-
૧૭.	પૂના કરારના દુષ્પરિણામો	૩૦/-
૧૮.	ઓ.બી.સી. દશા અને દિશા	૧૫/-
૧૯.	જાતિ પ્રથાને નષ્ટ કરવાની સાચી રીત	૨૦/-
૨૦.	બાબરી મસ્જીદ-રામ જન્મભૂમિનું આંદોલન આર્યબ્રાહ્મણોનું મૂળનિવાસી બહુજનોને તેમના હક, અધિકાર, સંસ્કૃતિ અને સભ્યતાથી વંચિત રાખવાના ષડ્યંત્રનો એક ભાગ છે	૧૦/-
૨૧.	અનુસુચિત જાતિ-જનજાતિની અનામત બેઠકો ઉપરથી ચૂંટાઈને જનારા જનપ્રતિનિધિઓ, સંસાદમાં પોતાનું મોઢું ફક્ત બગાસું ખાવા માટે જ ખોલે છે અન્યથા ખોલતા પણ નથી	૧૦/-



બ્રાહ્મણોએ એમના નામે જુઠા ગ્રંથો લખી એમાં દરેક લોકોના અધિકારોને હટાવી, તેઓ સ્વયમ અગ્રાણી બની ગયા. આની ઉપર બ્રાહ્મણબંધુ શંકા ઉઠાવી શકે છે કે જયારે આ ગ્રંથો જુઠા છે તો શુદ્ર અતિશુદ્ર ના પુર્વજો એ એની ઉપર વિશ્વાસ કેવી રીતે કર્યો, અને આજે પણ ઘણાં બધા લોકો વિશ્વાસ રાખે છે ? ત્યારે એ શંકાનો જવાબ એ છે કે હાલના સુધરેલા સમયમાં કોઈની ઉપર પણ કોઈ જુલમ નથી અને દરેકને પોતાના મન પ્રમાણે સ્પષ્ટ રૂપે લખવાની અથવા બોલવાની અનુમતી છે. એટલે જો કોઈ હોશીયાર વ્યકિત પાસે કોઈ દગાબાજ માણસ કોઈ મહાન વ્યકિતનું જૂઠાણું લઈને આવે છે ત્યારે, એને અમુક સમય સુધી એ વાત ઉપર વિશ્વાસ રાખવો પડે છે અને સમય પ્રમાણે એ વ્યકિત પણ થાપ ખાય જાય છે. જયારે આવી વાત હોય તો શુદ્ર અતિશુદ્રો કોઈક સમયે બ્રાહ્મણોના જુલમોનો શિકાર બનાવાના કારણે અને એમને એમણે અજ્ઞાન રાખવાના કારણે, પોતાના હિતને માટે ઈશ્વરના નામે બ્રાહ્મણોએ જુઠા ગ્રંથો લખી એમની સાથે દગો કર્યો છે (એ વાત તેઓ - શુદ્ર અતિશુદ્રો સમજી નહીં શકયા) અને આજે પણ એમના માંથી અનેકો સાથે બ્રાહ્મણ દગો કરી રહ્યા છે. આ વાત બિલકુલ ઉપર જણાવેલી વાત પ્રમાણે જ છે.

બ્રાહ્મણ લોકો પોતાનું પેટ ભરવા માટે એમના ગ્રંથોમાંથી વારંવાર અજ્ઞાની શુદ્રોને ઉપદેશ આપતા રહે છે. એના કારણે એમના દિલમાં બ્રાહ્મણો પ્રત્યે પૂજયભાવનું નિર્માણ થઈ, એમને બ્રાહ્મણોએ જે સન્માન ઈશ્વરને આપવામા આવે છે એ એમને પોતાને આપવા માટે પ્રેરિત કર્યા. આ કોઈ નાનો સૂનો અન્યાય નથી ....

વ્યકિતએ આઝાદ હોવું ખૂબજ જરૂરી છે. જયારે વ્યકિત સ્વતંત્ર હોય છે ત્યારે એ પોતાન મનમાં ઉદ્ભવેલ વીચારો સ્પષ્ટ રૂપે અન્યને બોલીને અથવા લખીને જણાવી શકે છે. એજ વિચારો એને સ્વતત્રતા નહીં હોવાના કારણે વિષેશ મહત્વપૂર્ણ હોવા છતાં પણ, હિતકારી હોવા છતાં પણ એ અન્યને જણાવી શકતો નથી. અને જયારે આમ થાય છે ત્યારે થોડા સમય બાદ એ વિચારો નષ્ટ થઈ જાય છે.

– રાષ્ટ્રપિતા જોતિરાવ ફુલે

પ્રકાશક : મૂલનિવાસી પબ્લિકેશન ટ્રસ્ટ

Visit us at : www.mulnivasibamcef.com
www.rmsindia.org
E-mail : info@mulnivasibamcef.co
mulnivasibharat@gmail.co